પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૧૮-૪-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૫, અંક : ૩૬

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

કોઈ પણ વ્યકિત ને જાણવો અને સમજાવો હોય તો એને બોલવા દો કેમ કે વ્યકિતનું સૌંદર્ય એની વાણીમાં હોય છે...






# ભારતને રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાની છૂટ ૧ મહિના માટે લંબાવતું અમેરિકા

## અગાઉ અમેરિકી નાણામંત્રીએ છૂટ લંબાવવાનો ઈનકાર કર્યો હતો, અંતે ટ્રમ્પ પ્રશાસને ૧૬ મે સુધીની મંજૂરી આપી

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાએ ભારત અને અન્ય દેશોને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ અને અન્ય પેટ્રોલિયમ પેદાશો ખરીદવા માટે આપવામાં આવેલી છૂટમાં ૧ મહિનાનો વધારો કર્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે શુક્રવારે આ અંગેની જાહેરાત કરી હતી. ઈરાન યુધ્ધના કારણે વૈશ્વિક સ્તરે તેલના પુરવઠાને અસર પહોંચી હતી, જેને ધ્યાનમાં રાખીને અમેરિકાએ ભારત સહિતના દેશોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપી હતી. જોકે, આ છૂટની મુદત ગયા શનિવારે પૂરી થઈ ગઈ હતી. થોડા સમય પહેલા જ અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે નિવેદન આપ્યું હતું કે અમેરિકા રશિયન અને ઈરાની તેલ પર આપેલી છૂટને રિન્યૂ કરશે નહીં.

અહેવાલ મુજબ, અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે હવે જહાજોમાં લોડ થઈ ચૂકેલા તેલને ખરીદવા માટે ૧૬ મે સુધીની મંજૂરી આપી છે. અગાઉ આપવામાં આવેલી (અનુ. આઠમા પાને)

## અમેરિકા-ઈરાન વચ્ચે સોમવારે ઈસ્લામાબાદમાં ફરી શાંતિ મંત્રણા

મધ્ય-પૂર્વ (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા ભયાનક તણાવ વચ્ચે શાંતિની આશાનું એક કિરણ દેખાયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ન્યુકિલયર ડીલ અંગેની આગામી મંત્રણા પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં યોજાવા જઈ રહી છે. સોમવારથી શરૂ થનારી આ વાતચીત સીઝફાયર પૂરો થાય તે પહેલાં કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવા માટે ખૂબ જ મહત્ત્વની માનવામાં આવે છે.બંને દેશો વચ્ચે પડદા પાછળની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ જ સંકેત આપ્યા હતા કે વાતચીત જલ્દી શરૂ થશે. એક અહેવાલ મુજબ, ઈરાની સૂત્રોએ પુષ્ટિ કરી છે કે સોમવારે ઈસ્લામાબાદમાં આગામી રાઉન્ડની વાતચીત નક્કી છે. અગાઉના અઠવાડિયે થયેલી મંત્રણામાં કોઈ નક્કર પરિણામ આવ્યું નહોતું, તેથી આ વખતે બંને પક્ષો પર દબાણ વધુ છે.










# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ અ,લ,ઈ

સ્વગૃહી એવમ ઉચ્ચસ્થ ગુરુ તથા ઉચ્ચસ્થ શનિ વાળા આ રાશિના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઓટોમોબાઈલ એકમના જાતક તથા ધાતુ સંબંધિત સ્પેર પાર્ટસના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ બહુ સંઘર્ષપૂર્ણ નીવડશે તેવી પૂરી શક્યતા. નાના તથા પરિશ્રમ વાળા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ તથા આંશિક રીતે લાભદાયક પણ જણાશે. વિદ્યાર્થીઓ, નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૫ એપ્રિલ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ બ,વ,ઉ

ધંધા-વ્યવસાયના અધૂરા રહેલ કામ કાજ પૂરા થવાની શક્યતા એવમ સંયોગ પણ. આભૂષણ, ઈમીટેશન જવેલરી ના એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારી નીવડશે તેવી પૂર્ણ સંભાવના. કોસ્મેટિક્સ સંબંધિત તમામ ઔદ્યોગિક કે વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક જણાશે. સ્મોલ સ્કેલ મશીનરી ઉદ્યોગ, નાના ઉદ્યોગ તથા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ વધારે કામકાજ વાળું રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે ચડાવઉતાર વાળું સપ્તાહ. નજીકના સગા સ્નેહી તથા મિત્ર દ્વારા સાથ સહકારના સંયોગ. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે કેવળ, ૨૪ એપ્રિલ જ મધ્યમ જણાશે.

### મિથુન ક,છ,ઘ

મોટા ઈન્ડસ્ટ્રિયલ એકમના જાતક એવમ પોર્ટ ટ્રાન્સપોર્ટેશન ના એકમના જાતક માટે આ સપ્તાહે હળવી હળવી દોડધામ જણાશે. હેવી હ્યુજ અને પરિશ્રમ વાળા દરેક ઔદ્યોગિક અથવા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ તેમજ ભાગદોડ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. કુટુંબ તથા સ્નેહી તરફથી સાથ સહકાર મળે તેવી પૂર્ણ સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી એવમ નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૩ એપ્રિલ સાવ સરેરાશ જણાશે.

### કર્ક ડ,હ

નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકર્તા અથવા સાનુકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઈલેક્ટ્રીસીટી રીલેટેડ પ્રોડક્શનના ઔદ્યોગિક-વ્યાપારી એકમના જાતક માટે પણ આ સપ્તાહ લાભદાયી જણાશે. ડેરી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયી નીવડે તેવી સંભાવના. જથ્થાબંધ વ્યાપારી એકમના તમામ જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ અથવા સાવ સરેરાશ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. કેવળ ૨૨ એપ્રિલ જ સામાન્ય નીવડશે.

### સિંહ મ,ટ

ખાનગી શરાફી પેઢી, નોન બેંકિંગ તથા બેન્કિંગ ફાઈનાન્સ કંપની જેવા એકમ સાથે જોડાયેલ તમામ જાતક એવમ ખાનગી મેનેજમેન્ટ ફર્મસના જાતક માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડે તેવી પૂર્ણ સંભાવના. માર્ગદર્શન પ્રદાન કરતા તમામ સર્વિસ બિઝનેસના જાતક માટે સરેરાશ સપ્તાહ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ હળવું લાભદાયી સપ્તાહ. છૂટક એવમ નાના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી કર્મચારી માટે લાભદાયી સપ્તાહ. આ સપ્તાહે સ્નેહી, મિત્ર સાથે ગેરસમજ થવાની સંભાવના. કૌટુંબિક સુખ શાંતિ વધારો થવાના સંયોગ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા-કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૨૪ એપ્રિલ મધ્યમ જણાશે.

### કન્યા પ,ઠ,ણ

ફેબ્રીક ફર્નિશીંગ એકમના ઔદ્યોગિક એકમના જાતક એવમ વાણિજ્ય એકમના તમામ જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કુટિર તથા નાના ઔદ્યોગિક એકમના જાતક તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ દોડધામ વાળું એવમ હળવું લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય, તમામ ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે તેવી સંભાવના. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી એકમના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે, સાથે પ્રમોશન મળવાના સંયોગ. સગા સ્નેહી સાથે મતભેદ થઈ શકે તેવી શક્યતા. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૩ એપ્રિલ સાવ મધ્યમ જણાશે.

### તુલા ર,ત

બ્રાંડેડ એવમ રેડીમેડ ગાર્મેન્ટ્સના આઉટલેટના જાતક, તથા ફેશન એસેસરીઝ, કોસ્મેટિક્સના ઉત્પાદક જાતક તથા વિક્રેતા જાતક તથા બ્યુટી પાર્લરના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભકારક નીવડશે. પ્રકાશક, લેખક, સાહિત્યકાર, પ્રોકલેમ સેલિબ્રિટી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ રહેશે તેવી સંભાવના. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી એવમ સંઘર્ષપૂર્ણ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પ્રમાણમાં સારું નીવડશે. મિત્ર, સ્નેહી તરફથી ગેરસમજ થઈ શકે તેવી સંભાવના. વર્કીંગ વુમન, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૧૯ તથા ૨૧ એપ્રિલ સાધારણ રહેશે.

### વૃશ્ચિક ન,ય

આ સપ્તાહ દરમિયાન, ઉદ્યોગ, ધંધા, વ્યવસાયના જૂના એવમ પેન્ડિંગ કામકાજનો નિકાલ આવશે. સાથે નવા કામકાજ અને તક મળવાની પૂર્ણ સંભાવના. ભારતના દક્ષિણી વિસ્તાર એવમ વિદેશ સાથે સંકળાયેલ ઔદ્યોગિક-વાણિજ્યિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે, સાથે દોડધામ એવમ પ્રવાસ થવાની પણ સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ પરંતુ દોડધામ વાળું નીવડશે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. કુટુંબ-પરિવાર દ્વારા સાથ સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨૪ તથા ૨૫ એપ્રિલ સાવ સરેરાશ નીવડશે.

### ધન ભ,ફ,ધ,ઢ

બ્રાંડેડ ગાર્મેન્ટ્સ એવમ રેડીમેડ ગાર્મેન્ટ્સના આઉટલેટના જાતક તથા ફેશન એસેસરીઝ, શૂ-વેરના ઉત્પાદક તથા વિક્રેતા તથા બ્યુટી પાર્લરના જાતક માટે આ સપ્તાહ ખૂબ લાભકારક નીવડશે. વિચારક, લેખક, સાહિત્યકાર, પ્રોકલેમ સેલિબ્રિટી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી રહેશે. વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ બહુ લાભદાયક નીવડશે. મિત્ર, સ્નેહી તરફથી સાથ સહકારના સંયોગ. વર્કીંગ વુમન, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ આરામદાયી અને સુખદાયક નીવડશે. ૨૨ તથા ૨૪ એપ્રિલ સાધારણ અથવા સાવ સરેરાશ રહેશે.

### મકર ખ,જ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાય હેતુ પ્રવાસ તેમજ હળવો પરિશ્રમ રહેવાના સંયોગ, વિશેષ રૂપે, સર્વિસ બિઝનેસના જાતક માટે પ્રવાસ એવમ પુષ્કળ ફાયદો થઈ શકશે તેવા સંયોગ. નાના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ દરમિયાન હળવા સંઘર્ષ સાથે સાનુકૂળતા જણાશે. છૂટક વ્યાપારી માટે બહુ લાભદાયક તો નીવડશે, સાથે દોડધામ પણ એટલી જ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ, યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ હળવું સાનુકૂળ નીવડશે. ૨૦ એપ્રિલ મધ્યમ રહેશે.

### કુંભ ગ,શ,ષ

આ સપ્તાહ દરમિયાન નાના, મોટા દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે સાવ અણધાર્યો લાભ થવાની પૂર્ણ સંભાવના. સાથે સાથે ધંધા વ્યવસાય હેતુ દેશ-વિદેશમાં પ્રવાસ થવાની પણ સંભાવના જણાશે. સર્વિસ બિઝનેસના જાતક તથા ફાઈનાન્સ રીલેટેડ એકમના જાતક તથા એજન્સીઝ, શરાફી પેઢી ના જાતક એવમ છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ અધિક લાભદાયક નીવડે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. આ સપ્તાહે, કુટુંબ-પરિવાર તરફથી સુખ-શાંતિ એવમ સહકાર મળવાની સંભાવના નકારી શકાતી નથી. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૧ એપ્રિલ સાવ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન દ,ચ,ઝ,થ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાય હેતુ ભાગદોડ તથા પ્રવાસ થવાની શક્યતા સાથે સંઘર્ષપૂર્ણ જણાશે. સરકારી ક્ષેત્રના તમામ કર્મચારી માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ વાળું તેમજ ચડાવ ઉતાર વાળું રહે તેવી પૂર્ણ સંભાવના. દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભકારી તથા સાનુકૂળ નીવડશે. કુટિર એવમ લઘુ ઉદ્યોગના જાતક માટે આ સપ્તાહ લાભકારી તથા નવી નવી તક વાળુ નીવડશે. વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું રહેશે. છૂટક વ્યાપારી માટે ભાગ-દોડ વાળું પરંતુ લાભકારી સપ્તાહ. રહેશે. સગા, સ્નેહી તરફથી સહકાર મળે તેવી પૂર્ણ સંભાવના. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સરેરાશ સપ્તાહ.વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી નીવડશે. ૨૨ તથા ૨૪ એપ્રિલ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

## સાહિરની કવિતા અને સુધાનો અવાજઃ એક અધૂરી પ્રેમ કહાની

# "તુમ મુજે ભૂલ ભી જાઓ" છતાં, અવિસ્મરણીય છે સુધા મલ્હોત્રાનો કંઠ

**હિન્દી ફિલ્મોમાં ભલે ઓછા ગીતો ગાયા હોય, પણ જેટલા ગીતો ગાયા તે ખુબ જ લોકપ્રિય થયા, ઘેરા અને માદક અવાજનો નશો આજે પણ શ્રોતાઓના દિલોદિમાગ પર છવાયેલો છેઃ ભારત સરકારે ૨૦૧૩માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કર્યા હતાઃ તેમણે ૧૫૫ ફિલ્મોમાં ૨૬૪ ગીતો ગાયા હતા**

ભારતીય ફિલ્મ સંગીતની દુનિયામાં એક જાણીતી અને મીઠી અવાજવાળી ગાયિકા તરીકે ઓળખાય છે. તેમનો અવાજ નાજુક, ભાવસભર અને શુદ્ધ ઉચ્ચારણ માટે જાણીતો હતો, જેના કારણે તેમણે ઘણા સંગીતકારો સાથે કામ કરવાની તક મળવી. રસપ્રદ વાત



એ છે કે તેઓ બાળ કલાકાર તરીકે ફિલ્મોમાં પણ દેખાયા હતા અને પછી ધીમે ધીમે પ્લેબેક સિંગિંગમાં સ્થિર થયા. ગીતકાર સાહિર લુધિયાનવી સાથે તેમનું ખાસ સર્જનાત્મક જોડાણ રહ્યું. 'કભી કભી'નું પ્રખ્યાત ગીત 'કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ' સાહિરે મૂળ સુધાજી માટે જ લખ્યું હતું. સુધા મલ્હોત્રાનો અવાજ મીઠાશ, ભાવ અને શાસ્ત્રીય શુદ્ધતા માટે જાણીતો છે. 'દેખ કબીરા રોયા' ૧૯૫૭નું ભજન 'તુમ મેરી રાખો લાજ હરી', 'ચલતી કા નામ ગાડી' ૧૯૫૮નું રમતિયાળ 'હમ તુમ્હારે હૈં', 'ધૂલ કા ફૂલ' ૧૯૫૯નું 'કા સે કહૂં મન કી બાત' અને 'બાબર' ૧૯૬૦નું 'સલામ-એ-હસરત કુબૂલ કર લો' તેમના યાદગાર ગીતો છે. ૧૯૬૦ની મ્યુઝિકલ હિટ 'બરસાત કી રાત'માં તેમની તિકડી સાહિર-રોશન સાથે જામી અને 'ના તો કારવાં કી તલાશ હૈ', 'યે ઈશ્ક ઈશ્ક હૈ' જેવી કવ્વાલીઓએ ધૂમ મચાવી દીધી.

ભુલે બીસરે ગીતોની અવિસ્મરણીય ગાયિકા એટલે સુધા મલ્હોત્રા, આજે પણ જુના ગીતોની વાત આવે એટલે સુધાજી યાદ પહેલા આવે. ૩૦ નવેમ્બર ૧૯૩૬ના રોજ સુધા મલ્હોત્રાનો જન્મ નવી દિલ્હી ખાતે થયો, તેમનું બાળપણ ભોપાલ, ફિરોઝપુર અને લાહોર જેવા શહેરોમાં વિત્યું, એ જમાનામાં ફિરોઝપુરમાં રેડક્રોસ સંસ્થાને મદદ કરવા એક સંગીત કાર્યક્રમ યોજાયો હતો, તેમાં સુધા મલ્હોત્રાએ ગીતો ગાયા હતા. આ કાર્યક્રમમાં પ્રસિધ્ધ સંગીતકાર ગુલામ હૈદરે સુધાજીનો અવાજ સાંભળ્યોને પ્રભાવિત થયા હતા. થોડા સમય બાદ લાહોર ઓલ ઈન્ડિયા રેડિયોમાં ગાવાનું શરૂ કર્યુ. આ ગાળામાં સંગીતની તાલિમ ઉસ્તાદ અબ્દુલ રહેમાન ખાન અને પંડિત લક્ષ્મણપ્રસાદ જયપૂર વાલે પાસેથી મેળવી હતી.

માત્ર ૧૧ વર્ષની વયે સુધા મલ્હોત્રાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં પગ મૂક્યો હતો. એ જમાનાના મહાન સંગીતકાર અનિલ વિશ્વાસે તેમને પ્રથમવાર ગાવાની તક આપી. પહેલા ગીતના શબ્દો 'મિલા ગયે નૈન' હતા. બાદમાં સતત બે દશકા સુધી સુંદર કદીના ભૂલી શકાય એવા અમર ગીતો ગાયા. ફિલ્મી ગાયિકા તરીકે ભલે ઓછા ગીતો ગાયા, પણ જેટલા ગીતો ગાયા તે ખુબ જ લોકપ્રિય થયા હતા. તેમનાં ઘેરા અને માદક અવાજનો નશો આજે પણ શ્રોતાઓના દિલો દિમાગ પર છવાયેલો છે. તેમણે ફિલ્મી ગીતો ઉપરાંત સુંદર ભજનો પણ ગાયા છે. તેમના અવાજની ઘેઘુરતા કુદરતની આપેલી અણમોલ ભેટ હતી. ૧૯૫૮-૫૯ના સમય ગાળામાં 'દીદી' ફિલ્મનાં ગીતોનું રેકોડિંગ ચાલતુ હતું. સાહિર લુધયાનવીના ગીતોને સંગીત એન. દતા એ આપ્યું હતું. આ ફિલ્મના 'બચ્ચો તુમ તકદીર હો કલકે હિન્દુસ્તાનકી' અને પ્યાર હી મુઝે દરકાર હે' જેવા શ્રેષ્ઠ ગીતોનો સમાવેશ હતો. એક ગીતનાં રેકોર્ડિંગ વખતે જ એન.દતાની તબિયત બગડી, ગીત રેકોર્ડ કરવું જરૂરી જ હતું, ત્યારે સુધાજીએ ગીતની તર્જ બનાવીને કામ પૂર્ણ કર્યુ ને સાથે જ ફિલ્મ જગતનાં શ્રેષ્ઠ ગીતમાં જેની ગણના થાય છે. તે 'તુમ મુઝે ભૂલ ભી જાઓ તો યે હક હે તુમકો' અવિસ્મરણીય ગીત બની ગયું.

સુધા મલ્હોત્રાના અલગ અંદાજથી ગવાયેલા ગીતોને કારણે અને સુંદર અવાજને લીધે ટુકા સમય ગાળામાં આગવી ઓળખ ઉભી કરીને પ્રથમ હરોળની ગાયિકા બની હતી. 'બરસાત કી રાત' ફિલ્મની કવ્વાલી આજે પણ લોકો યાદ કરે છે. તેમને ગાયેલા તમામ ગીતો સુપરહિટ બની ગયા હતા. એ જમાનાના લગભગ બધાજ ગાયક કલાકારો સાથે તેમણે સુંદર યુગલ ગીતો ગાયા હતા. સુધા મલ્હોત્રાએ હિન્દી ફિલ્મમાં અભિનય અને ગાયિકા તરીકે ૧૯૫૦થી ૧૯૬૦ના દશકામાં હિટ ફિલ્મોમાં સુંદર ગીતો ગાયા હતા. તેમની આરજુ, ધુલકા ફૂલ, અબ દિલ્હી દૂર નહી. ગર્લફ્રેંડ, દીદી, બરસાત કી રાત, કાલાપાની, દેખ કબીરા રોયા, જેવી અનેક ફિલ્માં હિટ ગીતો આપ્યા. છેલ્લે તેમણે ૧૯૮૨માં રાજકપૂરની ફિલ્મ 'પ્રેમરોગ'માં મુજરા ટાઈપ સોંગ 'યે પ્યાર તો કુછ કુછ હોતા હે' ગાયું હતું. હિન્દી ફિલ્મી ગીતો સાથે સુધાજીએ અરૂણ દાતે સાથે સુંદર મરાઠી ભજનો પણ ગાયા હતા. તેમની સફળ કારકિર્દી ૧૯૫૪થી ૧૯૮૨ રહી હતી. ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા સુધા મલ્હોત્રાને પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કર્યા હતા. તેમની પ્રથમ ફિલ્મ 'આરજુ' હતી. તેમણે લગ્ન પછી બોલીવુડ છોડયું પણ ૧૯૮૨માં પ્રેમરોગ ફિલ્મમાં કેટલાક એલ્બમ રેકોર્ડ કર્યા જેમાં 'લડમુડ'માં ગઝલગાયક જગજીતસિંહ સાથે ઉમદા ગઝલો ગાય હતી. મરાઠી ભજન, શુકરતારા મંડવારા આજે પણ હિટ છે. તેમણે ૧૫૫ ફિલ્મોમાં ૨૬૪ ગીતો ગાયા હતા. સુધા મલ્હોત્રાની હિટ ફિલ્મોમાં દેખકબીરા રોયા (૧૯૫૭) બરસાત કી રાત (૧૯૬૦), ધૂલકા ફૂલ (૧૯૫૯), દિલે નાદાન (૧૯૫૩) વગેરે જેવી હિટ ફિલ્મની ગણનો થાય છે. તેમણે સાહિર લુધયાનવી ના ગીતો વધારે ગાયા હોવાથી બન્ને વચ્ચેની વાતો એ જમાનામાં ચાલી હતી. જોકે સાહિરે પણ ચલો ઈક બાર સે હમ અજનબી બન જાયે જેવા પ્રેમગીતો લખ્યા હતા. આરજુ (૧૯૫૦), ચલતીકા નામ ગાડી (૧૯૫૮) અને બાબર (૧૯૪૮)જેવી ફિલ્મો ગીતો ગાયને સુધાજી અન ફરગોટેબલ સીંગર બની ગયા હતા.સુધા મલ્હોત્રાના ટોપ-૧૦ ગીતોને કારણે તે જૂના ગીતોના ચાહકોમાં સદૈવ અમર થઈ ગયા હતા. ૧૯૫૯માં ફિલ્મ 'દીદી'ના તુમ મુઝે ભૂલ ભી જાઓ, ૧૯૫૦માં આરજુ ફિલ્મના ગીત મીલા ગયે નૈન', ૧૯૫૪માં મિર્ઝા ગાલિબ ફિલ્મનું 'ગંગાકી રેત પે ૧૯૫૭માં અલ દિલ્હી દૂર નહી ફિલ્મમાં, માલિક તેરે જર્હામે, સાથે હિટ ફિલ્મો ચલતી કા નામ ગાડી, હિરામોતી, ગર્લફ્રેન્ડ, બાબર, કાલાબજાર અને પ્રેમરોગના ગીતોની ગણના થાય છે. તેમણે સુમન કલ્યાણપૂર, મોહંમદ રફી, મન્નાડે, હેમંતકુમાર, મહેન્દ્ર કપુર, લતાજી, મુકેશ, કિશોરકુમાર જેવા ગાયકો સાથે સુંદર યુગલ ગીતો ગાયા હતા. બોલીવુડના ગોલ્ડન એરામાં સુધા મલ્હોત્રાનો જાદુઈ અવાજ જ ગીતોને હિટ બનાવી દેતો. તે પોતાના સ્વરચિત ગીતો ગાતા હતા. તેમણે બાળ કલાકારો માટે ઘણા ગીતો ગાયા હતા. 'કાલાપાની' ફિલ્મનું ભજન ખુબ જ લોકપ્રિય થયેલું હતુ. સાહિર લુધયાનવીનાં શબ્દોને સુધાજીએ સ્વર આપીને અમર બનાવી દીધા હતા.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

## અબતક પંચાગ

**તા.૧૯-૪ -૨૦૨૬ રવિવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૨ શાલીવાહન શકિઃ ૧૯૪૮ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૬ |
| તિથી | વૈશાખ શુદ બીજ અખાત્રીજ શ્રી પરશુરામ જયંતી |
| નક્ષત્ર | ભરણી |
| યોગ | સૌભાગ્ય કરણઃ તૈતિલ |
| સુર્યોદય | ૬.૨૫ સુર્યાસ્તઃ ૭.૦૮ |
| ચંદ્ર રાશી | મેષ બપોરે ૧૨.૩૨થી વૃષભ |
| રાશિ અક્ષર | અ.લ.ઈ/બ.વ.ઉ |
| દિશાશૂળ | પશ્ચિમ દિશા તરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | | ૬ | | |
| | | | ૫ | ૭ | | | | |
| ૯ | | ૭ | | | | | | |
| ૧ | ૫ | | | | | ૭ | | ૨ |
| | | | | | | | | ૧ |
| ૭ | ૬ | | | | | | ૮ | ૯ |
| ૮ | | | ૬ | | ૯ | ૧ | | |
| | | | | ૪ | | | | |
| | ૧ | | ૨ | | ૮ | ૫ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૬ | ૪ | ૩ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૩ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૬ | ૪ | ૫ |
| ૪ | ૯ | ૧ | ૫ | ૬ | ૨ | ૩ | ૮ | ૭ |
| ૨ | ૩ | ૫ | ૭ | ૮ | ૪ | ૧ | ૬ | ૯ |
| ૯ | ૬ | ૪ | ૨ | ૧ | ૩ | ૫ | ૭ | ૮ |
| ૭ | ૧ | ૮ | ૯ | ૫ | ૬ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૪ | ૯ | ૩ | ૭ | ૧ | ૮ | ૨ | ૬ |
| ૬ | ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૮ | ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૫ | ૪ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૮-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેનીલા હની પેન કેક)+(વેજ. કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૪-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ પોડકાસ્ટ (અખાત્રીજ)
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર અફઘાની)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૪-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૯.૪.૨૦૨૬ રવિવાર સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ બીજ અક્ષયતૃતીયા, શ્રી પરશુરામ જયંતિ, ભરણી નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ આજે બપોરે ૧૨.૩૨ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) ત્યારબાદ વૃષભ (બ,વ,ઉ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : જીવનમાં યોગ્ય વિચારપદ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.

**મિથુન** (ક,છ,ઘ) : વાદ વિવાદથી દૂર રહેવું, જામીનગીરી ના કરવા સલાહ છે, અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.

**કર્ક** (ડ,હ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.

**સિંહ** (મ,ટ) : વેપારીવર્ગને સારું રહે, નવી દિશાઓ ખુલતી જણાય, પ્રગતિ થાય, નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.

**કન્યા** (પ,ઠ,ણ) : ધ્યાન યોગ મૌનથી લાભ થાય, દાન ધર્મ કરી શકો, આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.

**તુલા** (ર,ત) : દૂર દેશથી સારા સમાચાર મળે, લાગણીની વાત વ્યક્ત કરી શકો, સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.

**વૃશ્ચિક** (ન,ય) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ધ્યાન રાખવું, લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે, મધ્યમ દિવસ.

**મકર** (ખ,જ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય, વિશેષ પ્રતિભા કેળવી શકો.


**કુંભ** (ગ,સ,શ) : કોર્ટ કચેરીમાં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદથી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**મીન** (દ,ચ,ઝ,થ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.

# પાલિતાણામાં પાંચ દાયકા બાદ પૂ.મોરારિબાપુની રામકથાનો મંગલારંભ

## જગદગુરૂ શંકરાચાર્યના પ્રતિનિધિ અને સાધુ-સંતોની ઉપસ્થિતિમાં પોથી પૂજન: ૧૩ કરોડ રામનામ લેખન સાધના સાથે સમગ્ર પંથક રામમય બન્યો

### પોથીયાત્રામાં બે ગજરાજ, ૩૦ બગી, ૧૫ ઊંટગાડી, નાસિક ઢોલના નાદ અને વિવિધ રાસ-સત્સંગ મંડળોએ આકર્ષણ જમાવ્યું




**અબતક, અંકુર મેહતા, પાલિતાણા**

પાલિતાણા પંથકમાં લગભગ અડધી સદીના લાંબા પ્રતીક્ષા બાદ આજે ઈતિહાસ રચાયો છે. પૂજય બાપુના શિવસંકલ્પથી આયોજિત આ આધ્યાત્મિક મહોત્સવ અંતર્ગત આજે સવારે ૯૦૦ કલાકે ભૈરવનાથ મંદિરથી ભવ્ય પોથીયાત્રાનો શુભારંભ થયો હતો.


મોરારિબાપુની ૯૭૬મી રામકથાના ઉપલક્ષમાં આજે સવારે શહેરના રાજમાર્ગો પર ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. વિજયગિરિ બાપુના કૃપાપાત્ર શિષ્ય લાલગિરિ

દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજના પરમ પ્રિય શિષ્ય બ્રહ્મચારી નારાયણનંદજી તેમજ જૂનાગઢના સાધુ-સંતોની ગરિમામય ઉપસ્થિતિમાં પોથીજીનું શાસ્ત્રોકત વિધિથી પૂજન કરવામાં આવ્યું હતું. આ પોથીયાત્રામાં બે ગજરાજ, ૩૦ બગી, ૧૫ ઊંટગાડી, નાસિક ઢોલના નાદ અને વિવિધ રાસ-સત્સંગ મંડળોએ આકર્ષણ જમાવ્યું હતું. ૧૦૮ કુમારિકાઓ અને વિશાળ સેવકગણ સાથે નીકળેલી આ યાત્રા જૂની મામલદાર રોડ અને હવામહેલ માર્ગે થઈને કથાસ્થળ કૈલાસટેકરી, સગાપરા ધાર ખાતે પહોંચી હતી.કથાના



મોરારિબાપુ

સ્વાગત માટે સમગ્ર પાલિતાણાને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે. મુખ્ય માર્ગો, ઓવરબ્રિજ અને શહેરના પ્રમુખ સર્કલો રોશની તથા ધજા-પતાકાથી ઝળહળી ઉઠ્યા છે. યાત્રાના માર્ગ પર વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાળુઓ માટે ઠંડા પાણી અને શેરડીના રસના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા



શ્રી લાલગીરીબાપુ



ગુરુશ્રી વિજયગીરીબાપુ

છે. ઉલ્લેખનીય છે કે આ કથા પૂર્વે વિસ્તારમાં ૧૩ કરોડ રામનામ લેખન સાધના અને સાધુ-સંતોને સીધું વિતરણ જેવા સેવાકીય કાર્યો દ્વારા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આગામી નવ દિવસ સુધી ચાલનારા આ જ્ઞાનયજ્ઞમાં દેશ-વિદેશથી આવતા ભક્તો માટે આશ્રમ દ્વારા તમામ સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.



# શેર બજાર માટે કપરા ચઢાણ: કેશ રિચ કંપનીઓ બાયબેક ભણી

## બાયબેકમાં ટી.ડી.એસના નિયમો હળવા થતાં બાયબેક માટે ૨૦૨૬-૨૭ ખૂબ જ સારું રહેશે: નબળા ચોમાસાની આગાહી શેરબજાર માટે નેગેટિવ ગણી શકાય

**અબતક, રાજકોટ**

શેરબજાર માટે આમ તો જાન્યુઆરી ૨૦૨૬ થી જ કપરા ચઢાણ છે પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં પણ આ જ પરિસ્થિતિનો સામનો કરવો પડશે તેવું લાગે છે.

સૌથી મોટો અગત્યનો અને ખૂબ જ મહત્વનો મુદ્દો તો યુદ્ધ જ છે.સામાન્ય રીતે યુદ્ધનો અંત વર્ષો સુધી આવતો હોતો નથી.જે આપણને રશિયા અને યુક્રેન પરથી પણ જોવા મળ્યું છે. અનેક વખત યુદ્ધ વિરામની જાહેરાતો રશિયા અને યુક્રેન વચ્ચે જોવા મળી. પરંતુ હજુ પણ બંને દેશો વચ્ચે હુમલાઓ ચાલુ જ છે.આ જ પરિસ્થિતિ અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે થવાની પૂરેપૂરી શક્યતા છે.સીઝ ફાયર થશે.સમાધાન થશે. પરંતુ કાયમી ઉકેલની કોઈ શક્યતા હાલ તુરંત જોવા મળતી નથી.જે શેરબજાર માટે નુકસાનકારક સાબિત થશે. ક્રુડ અને ગેસના પુરવઠાને થોડે ઘણે અંશે હાની પહોંચશે.

પાંચ રાજ્યોમાં ચૂંટણી ચાલી રહી છે.ચૂંટણીના પરિણામોની પણ નેગેટિવ-પોઝિટિવ અસર કદાચ બજાર પર જોવા મળી શકે છે. ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક પરિણામો પણ ધાર્યા કરતા નબળા આવવાની શક્યતા છે. એથી પણ આગળ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક પરિણામો પણ નબળા આવવાની પૂરેપૂરી શક્યતા છે. ઈન્ડિયન મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ દ્વારા કરાયેલી જાહેરાત મુજબ ચોમાસુ કદાચ થોડું નબળું જવાની શક્યતા છે. જેની પ્રતિકૂળ અસર આવનારા સમયમાં શેરબજાર પર જોવા મળી શકે છે.ભારત કૃષિ પ્રધાન દેશ છે અને જો ૨-૫ ટકા પણ વરસાદની ઘટ થાય, તો સરવાળે આપણા માટે નુકસાનકારક જ રહે.

આ સિવાય અન્ય કારણોની વાત કરીએ તો જે રીતે વિદેશી નાણાકીય સંસ્થાઓ શેરો વેચી રહી છે તે જોતા આની અસર પણ પ્રતિકૂળ જ રહે. જો કે સ્થાનિક નાણાકીય સંસ્થાઓની ચિક્કાર લેવાલી બજારને ટકાવી રાખવા સક્ષમ છે અને અત્યારે પણ ભારતીય શેરબજાર જે રીતે ટકી ગયું છે તેનું કારણ લોકલ ખરીદી જ છે,તેવું કહી શકાય.



સૌથી અગત્યનો મુદ્દો એ પણ છે કે હજુ ટેરિફને લઈને કોઈ નિરાકરણ થયું નથી અને ટેરીફ મુદ્દે ભારતીય ડેલિગેશન અમેરિકાના અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને ચર્ચા વિચારણાઓ કરીને, આ મુદ્દે પણ સમાધાન કરવાની કોશિશ કરી રહ્યા છે. અમેરિકાની વિઝીટ પણ કરી રહ્યા છે પરંતુ આ મુદ્દે કોઈ નક્કર સમાધાન થઈ રહ્યું નથી. જે આવનારા સમયમાં આપણા નિકાસને ખૂબ જ અસર કરતા સાબિત થશે.

એકમાત્ર આશા રોકાણકારો માટે એ છેકે આ આખું વર્ષ બાયબેક માટે ખૂબ જ સારું સાબિત થશે.કારણકે ૧ લી એપ્રિલ થી બાયબેક માં જનારા શેરો ને ડિવિડન્ડ ની આવક ગણવામાં નહીં આવે.પરંતુ જે કોઈની વ્યક્તિગત આવક ના પ્રમાણમાં લોંગ ટર્મ કે શોર્ટ ટર્મ ટેક્સ લાગશે. એટલા માટે બાયબેક માટે આ આખું વર્ષ સારું જશે અને જેટલી કંપનીઓ કેશ રિચ છે,ખૂબ જ સારું રિઝર્વ છે, તેવી કંપનીઓ પોતાના શેરો ના ભાવો ને ટકાવી અને રોકાણકારોને કોઈપણ રીતે વળતર આપવા માટે શેર બાયબેક ની સ્કીમ લઈને આવશે.તેમાં પણ ટેન્ડર રૂટથી બાયબેક આવશે તો રોકાણકારોને ફાયદો જ થવાનો છે.

ડોલર સામે રૂપિયાની વાત કરીએ તો રૂપિયાનું અવમૂલ્યન થવાથી પણ શેરબજારને નુકસાન જશે. આયાતો મોંઘા થશે.મોંઘવારી વધશે.કંપનીઓના પરિણામો પર પણ અસર પડશે.વ્યાજદરોમાં ઘટાડો થવો પણ કદાચ મુશ્કેલ થશે. એટલે બધી રીતે નુકસાનકારક સાબિત થશે.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર ચાર થી પાંચ કારણોને કારણે શેરબજાર માટે કપરા ચઢાણ લાગે છે. નબળું ચોમાસુ, ટેરીફ વિશે નક્કર પરિણામો ન આવવા, વિદેશી નાણાકીય સંસ્થાઓની સતત વેચવાલી, કંપનીઓના ત્રિમાસિક પરિણામો નબળા આવવાની શકયતા અને રૂપિયાનું અવમૂલ્યન.

આ સિવાય સૌથી મોટું કારણ છે યુદ્ધ. યુદ્ધ જો વધારે લાંબુ ચાલ્યું તો પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ શકે છે.જો યુદ્ધ થોડા દિવસોમાં પૂરું થઈ જાય તો પણ આવનારા છ થી આઠ મહિના શેર બજાર માટે કદાચ નબળા રહે.

# સાવરકુંડલામાં કાઠી વિદ્યાર્થી ભવનમાં લાઈબ્રેરીનું લોકાર્પણ: તેજસ્વી પ્રતિભાઓનું કરાયું સન્માન

## લાઈબ્રેરી હોલ માટે ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજા દ્વારા પાંચ લાખના અનુદાનની જાહેરાત





**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

સાવરકુંડલા ખાતે દરબાર ભીઠા બાપુ ખુમાણ કાઠી વિદ્યાર્થી ભવન માં મહાનુભાવોની ઉપસ્થિતિમાં લાઈબ્રેરી હોલ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ અવસરે સમાજ ના તેજસ્વી પ્રતિભા કોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાઠી વિદ્યાર્થી ભવન ખાતે ૧૪ એપ્રિલ મંગળવારે સવારે ૯ વાગે શરૂ થયેલા કાર્યક્રમ નો પ્રારંભવિસામણબાપુ અને ગોંડલ ધારાસભ્ય ગીતા બા જાડેજા ના હાથે કરવામાં આવ્યું હતું. આ અવસરે મહામંડલેશ્વર નિર્મલાબા, જૂનાગઢના મહંત શેરનાથ બાપુ ,ચલાલાના વલકુ બાપુ, વડવાળા કણીરામ બાપુ, શાંતિ બાપુ, જશુબાપુ લટુરિયા, સતાધારના વિજય બાપુ, બઢડાના જ્યોતિ મૈયા, સનાતન આશ્રમ બાઢડા ના લાલનાથ બાપુ રામાપીર કાના તળાવ, અખિલ ભારતીય સંત સમિતિ વિસામણબાપુની જગ્યાના ભયલુ બાપુ ભકિત રામ બાપુ માનવ મંદિર સાવરકુંડલાના બાપનું બાપુ દાનબાપુની જગ્યા સાવરકુંડલાના જીલુ બાપુ સહિતના સંતો મહંતો ની ઉપસ્થિતિમાં આ નવ નિર્મિત કાઠી વિદ્યાર્થી ભવન ખાતે લાઈબ્રેરી ભવન ના વિકાસ માટે દાતાઓએ સખાવતની જોલી છલકાવી દીધી હતી.

લાઈબ્રેરી ભવન માટે ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા દ્વારા પાંચ લાખના દાનની જાહેરાત કરી હતી, વાપીના મુખ્ય દાતા અને ધારીના ગઢીયા ગામના વતની દરબાર નજુભાઈ બદરૂભાઈ વાળા બહેનશી વિમળાબેન ગજુભાઈ વાળા અને અનિરુદ્ધભાઈ રાજુભાઈ વાળા તરફથી ૧૧૧૧૧૧૧ નાદાન ની જાહેરાત કરવામાં આવી હતી ખબર દ્વારા એક લાખ રાજુભાઈ શેખવા ૫૧૦૦૦દાનમાં આપ્યા હતા૨૦૧૧માં બોર્ડિંગમાં સિમેન્ટ બ્લોક નાખવાની સાત લાખની ગ્રાન્ટ માજી ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત દ્વારા ફાળવી હતી. આ કાર્યક્રમનાથી વિશેષ રાજકી આગેવાનો અધિકારી પદાધિકારીઓમાં મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ગોંડલના ધારાસભ્ય ગીતા બા જયરાજસિંહ જાડેજા ,માજી ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત ,માજી સાંસદ નારણભાઈ કાછડીયા ,નવસારી ડીવાયએસપી હરેશભાઈ સાનદુ, સુરેન્દ્રનગરના કાઠી અગ્રણી રવિભાઈ પટગીર સાવરકુંડલા આરએફઓ પ્રતાપભાઈ સાદુ ભરતભાઈ સાડુ દિપકભાઈ માલાણી માર્કેટિંગ યાર્ડ વાળા ઉપસ્થિત રહ્યા હતા.

મહંત શેર ના બાપુએ શિક્ષણ અને મહત્વ આપવો અને સંસ્થાના વિકાસ અને રાષ્ટ્રના વિકાસ માટે સમાજ જાગૃતિ જરૂરી હોવાનું જણાવ્યું હતું કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ મુન્નાભાઈ વિછીયા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# નાર્કોટિક્સના ગુનામાં પાંચ રીઢા આરોપીઓને જેલ હવાલે કરાયા

## ચાર મહિનામાં ૨૧ વ્યક્તિઓની એમડીપીએસ હેઠળ અટકાયત કરાય

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસે નશીલા પદાર્થ સંબંધિત ગુનાઓ સામે કડક કાર્યવાહી તેજ બનાવી છે. પોલીસ દ્વારા એમડીપીએસ એક્ટ૧૯૮૮ હેઠળ વધુ પાંચ આરોપીઓને અટકાયત કરી રાજ્યની વિવિધ જેલોમાં મોકલી આપ્યા છે. આ અટકાયતના આદેશો ગુજરાત રાજ્યના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ ડો. કે.એલ.એન. રાવ દ્વારા કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ અને સીઆઈડી ક્રાઈમની ટીમોએ કરી છે અને રાજકોટ શહેર, અરવલ્લી, બનાસકાંઠા, નવસારી અને જુનાગઢ જિલ્લાનાં આ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે.

અટકાયત કરાયેલા વ્યક્તિઓમાં ભિલોડા તાલુકાના વાંકાટીંબા ગામના બાબુભાઈ નીનામા, પાલનપુરના ઈશ્વર ઉર્ફે હેંડલ સલાટ, વાંસદાના મનોજગીરી ગોસ્વામી, જુનાગઢના વહીદ પંજા અને રાજકોટના ઈમરાન બેલીમ (૩૨)નો સમાવેશ થાય છે. આ તમામને અગાઉ એનડીપીએસ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેઓ જામીન પર મુક્ત હતા.

ગુજરાત પોલીસનાં જણાવ્યા અનુસાર, એનડીપીએસ અધિનિયમ હેઠળ આવા વ્યક્તિઓને પૂર્વગામી અટકાયત હેઠળ રાખી શકાય છે, જેથી તેઓ નશીલા પદાર્થોના વેચાણ, ખરીદી, પરિવહન અથવા સંગ્રહ જેવી પ્રવૃત્તિઓમાં ફરી જોડાય નહી.

જેલમુક્ત થયા પછી પણ આવા લોકો ફરીવખત નશીલા પદાર્થોનાં વેચાણ અથવા તેના કારોબારમાં ફરી વખત સક્રિય થઈ શકે તેમ છે, તેવા સમયે આ કાર્યવાહી કરવામાં આવે છે. રાજ્ય સરકારે નશીલા પદાર્થ સંબંધિત ગુનાઓ સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી છે.

ગુજરાત પોલીસે જણાવ્યું કે જેમ અસામાજિક તત્વો સામે પાસા લાગુ કરવામાં આવે છે, તેમ જ નાર્કોટિક્સ સંબધિત ગુન્હાનાં આરોપીઓ સામે એનડીપીએસ અધિનિયમ લાગુ કરવામાં આવે છે,.

રાજયને 'નશામુકત' બનાવવા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે અને આ માટે જે કોઈ કાર્ય કરવુ પડે તેના માટે તમામ પગલા લેવામાં આવી રહ્યાં છે.

વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૮૬ આરોપીઓને ઙઈંઝ ગઉઙ્જ અધિનિયમ હેઠળ અટકાયત કરીને રાજયની વિવિધ જેલોમાં મોકલવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે અત્યાર સુધીના ચાર મહિનામાં ૨૧ વ્યક્તિઓને આ કડક અભિયાન હેઠળ અટકાયત કરવામાં આવી છે.

# આરટીઈ પ્રવેશ પ્રક્રિયા માટે ફોર્મ ભરવાની મુદત ગુરૂવાર સુધી લંબાવાઈ

## રાજય સરકારનો વાલીઓના હિતમાં મોટો નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા વાલીઓના હિતમાં એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમા: રાઈટ ટુ એજયુકેશન હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાની મુદત એક સપ્તાહ સુધી લંબાવવામાં આવી છે. હવે આગામી ૨૩મી એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકશે. રાજયભરમાં ગત ૪ એપ્રિલથી આઈટીઆઈ હેઠળ ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી હતી. જેની અંતિમ અવધિ ૧૭મી એપ્રિલ નિર્ધારિત કરવામાં આવી હતી. સ્થાનીક સ્વરાજયની ચુંટણીના કારણે ફોર્મ ભરવા માટે જરુરી દસ્તાવેજો મેળવવામાં વાલીઓએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. જેના કારણે છેલ્લા બે દિવસથી એવી માંગ ઉઠી રહી હતી કે આરટીઈમાં પ્રવેશ પ્રક્રિયા માટે ઓનલાઈન અરજી કરવાની મુદતમાં વધારો કરવામાં આવે જેને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા આગામી ગુરુવાર એટલે કે ૨૩મી એપ્રિલ સુધી મુદત વધારવામાં આવી છે. સરકારના આ નિર્ણયની હજારો વાલીઓને મોટી રાહત થવા પામી છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**એક સ્ટીમ બોઈલર માટે સંપૂર્ણ વાર્ષિક જાળવણી કરાર (AMC)**

**ટેન્ડર સૂચના નંબર: M-2026-6R-ICAD Boiler તા. 10/04/2026 કામનું નામ:** સી એન્ડ ડબલ્યુ ડિપો, હાપા ખાતે (ICAD મેક) એક સ્ટીમ બોઈલર માટે 2 વર્ષ માટેનો સંપૂર્ણ વાર્ષિક જાળવણી કરાર **અંદાજીત કિંમત:** ₹ 7,97,440/- **અર્નેસ્ટ મની:** ₹ 16,000/- **ટેન્ડર સબમિશનની તારીખ અને સમય:** 01.05.2026 ના રોજ 15:00 વાગ્યા સુધી **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 01.05.2026 ના રોજ 15:30 વાગ્યે **કચેરીનું સરનામું (જ્યાંથી ટેન્ડર ફોર્મ મેળવી શકાય અને નોટિસ બોર્ડનું સ્થાન):** ડિવિઝનલ રેલવે મેનેજર (મેકેનિકલ), પશ્ચિમ રેલવે, રાજકોટ વિભાગ, કોઠી કોમ્પાઉન્ડ, રાજકોટ – 360001 **વેબસાઈટ વિગત: www.ireps.gov.in**

RJT 001

અમને લાઇક કરો: facebook.com/WesternRly



પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલી



સ્વ. તુષારભાઈ પ્રભુદાસભાઈ માટલીયા

સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર

આપનો અપાર સ્નેહ,
સુમેળભર્યો વ્યવહાર, કૌટુંબીક ભાવના,
પરિવાર પ્રત્યેની અતૂટ ભાવના,
પરોપકારી ભાવના, ભકિતની સુવાસ એ કયારેય ભુલાશે નહી,
આપના સદા હસમુખા ચહેરાને અમે કયારેય વિસરી શકીએ તેમ નથી.
એવા અમારા હૃદયસ્થ વડીલને સત-સત વંદન
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

RP આંગડીયા પરિવાર

ADMEDIA



પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. તુષારભાઈ પ્રભુદાસભાઈ માટલીયા

સ્વ.તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર

રડી પડે છે આંખો અમારી
જોઈ તસ્વીર તમારી...
વિદાય તમારી અણધારી હશે
કયાં ખબર હતી...
વિદાય તમારી સર્વેના કાળજા
કંપાવી ગઈ, મન હજુ માનતું નથી કે,
તમો અમારી વચ્ચે નથી...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

PM આંગડીયા પરિવાર

ADMEDIA

તંત્રી લેખ

# મતદારોના મન કળવા ઉમેદવારોની "મથામણ"

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માં મતદાન આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, રાજકીય પક્ષોએ આ વખતે ફૂકી ફૂકીને ઉમેદવારોની પસંદગી કરવાની મેરેથોન કવાયત હાથ ધરી હતી છતાં ઘણી જગ્યાએ આંતરિક અસંતોષ ના પ્રશ્નો ઉકેલવા દરેક રાજકીય પક્ષના આગેવાનો ને સામ-દામ ની નીતિ અપનાવી પડી છે, ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે

ઉમેદવારો અને રાજકીય પક્ષો ફિલ્ડમાં ઉતરી ચૂક્યા છે ત્યારે હવે ઉમેદવારો માટે મતદારોના અકળ મનની સમસ્યા પડકાર બનીને સામે આવી છે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો માટે આ વખતે ઉમેદવારોની જાહેર કરવાની પ્રક્રિયાથી શરૂઆતમાં ચૂંટણીનો રાજકીય માહોલ ઉભો કરવામાં ઘણી ફાવટ દેખાઈ હતી પરંતુ હવે દડો મતદારોના આંગણે પહોંચી ગયો છે ,ત્યારે મતદારો માં નીરસ્તા નો માહોલ પ્રવૃતિ રહ્યો છે, ઉમેદવારો અને પક્ષની ચૂંટણી કાર્યાલયની ગતિવિધિમાં પણ મતદારો ની પાખી હાજરી અને ઉત્શાહ નો અભાવ જોવા મળી રહ્યો છે,

ઉનાળાના દિવસો શરૂ થયા છે ત્યારે મોટાભાગના રાજકીય પક્ષોઅને ચૂંટણી વ્યવસ્થા ગોઠવનાર આયોજકો એ ગ્રામ્ય વિસ્તારો અને શહેરમાં રાત્રે મીટીંગો અને જન સંપર્ક માટે તખતો તૈયાર કર્યો છે, ઉમેદવારોના જન સંપર્કમાં પણ લોકોની હાજરી ઓછી દેખાય છે ,મીટીંગોમાં પણ સામાન્ય મતદાર ની સંખ્યા કાર્યકર્તાઓ કરતા પણ ઓછી રહે છે..

આ વર્ષે એસ આઈ આર ની કામગીરીથી બોગસ અને વધારાના મતદારો નીકળી ગયા છે એટલે મતદાર ની વાસ્તવિક સંખ્યા નોંધાય છે આ કારણે મતદાન વધશે તે નક્કી છે, મતદારો મત આપશે પણ અત્યારે કયા પક્ષ અને કયા ઉમેદવારનું પલડું ભારે છે તે મતદારો મોઢે આવવા દેતા નથી...

મતદારો નુંશાણપણ વધ્યું છે , મતદાન ની દિશા વધુમાં વધુ ગુપ્ત રહે તેવા મતદારોના પરિપકવ અભિગમથી આ વખતે ઉમેદવારોની મૂંઝવણ વધી છે દેખીતી રીતે ચૂંટણી પ્રચાર દરમિયાન ચૂંટણીમાં જોઈએ એવો માહોલ જાગતો નથી તેનાથી મતદારોમાં સ્વસ્થતા પણ ઉમેદવારો અને રાજકીય પક્ષો ભારે મૂંઝવણ માં મુકાઈ ગયા છે.

આ વખતે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં બિનહરીફ બેઠકોની સંખ્યા અને વિરોધી પક્ષોની નબળી તૈયારીને કારણે ચૂંટણીનો માહોલ નિરસ લાગે છેઘણી જગ્યાએ મજબૂત રાજકીય ''લડાઈ'' વગરની ચૂંટણી થવાથી લોકોમાં ઉત્સાહ ઓછો છે. તેમ છતાં ૨૬એપ્રિલે મતદાન છે અને ૨૮મીએ પરિણામો આવશે. પહેલાની જેમ હવે સામાન્ય મતદાર ચૂંટણીને લઈને પોતાનો ઉત્સાહ પ્રદર્શિત કરવા માટે આગળ આવતો નથી દરેક વિસ્તારમાં દરેક મતદાર માટે પોતાનું વલણ અને પ્રશ્નોના પ્રકાર અલગ અલગ હોય છે અત્યારે નગરપાલિકા કોર્પોરેશન જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની અલગ અલગ કેડરની ચૂંટણી નો માહોલ જામ્યો છે ત્યારે મતદારો હવે સમજદારી પૂર્વક મતદાન કરવા ગંભીર બન્યા છે લોકોને સ્થાનિક કાર્યકર આગેવાનો અને પોતાના ઉમેદવાર ની રાજકીય પ્રતિભા અને પક્ષ પ્રત્યેની વફાદારી ને મુલવવા ની સમજ આવી ગઈ છે ચૂંટણીમાં થતા પ્રચાર અને ઉમેદવારો દ્વારા હથેલીમાં ચાંદ બતાવવા જેવા ચૂંટણી વચનો ની હવે મતદારો પર પહેલાની જેમ અસર થતી નથી. અવાસ્તવિક પ્રચાર નુંદરેક મતદાર મૂલ્યાંકન કરતા થયું છે

# ઉપલેટાઃ ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલનું ૧૦૦% પરિણામ

## સતત સાત વર્ષથી શ્રેષ્ઠ પરિણામ મેળવીને ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલનો સીબીએસઈ બોર્ડમાં ડંકો

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા પ્રથમ હરોળની ગણાતી અને એકમાત્ર સીબીએસઈ બોર્ડની માન્યતા ધરાવતી ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલનું સતત સાતમાં વર્ષ પણ ૧૦૦ ટકા પરિણામ આવતા વાલીઓ - વિદ્યાર્થીઓ ખુશ જોવા મળ્યા હતા.

તાજેતરમાં જાહેર થયેલ ધોરણ-૧૦ના સીબીએસઈ બોર્ડના પરિણામમાં સતત સાતમાં વર્ષ ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલે તેનો દબદબો જાળવી રાખ્યો છે. સ્કુલને સીબીએસઈ બોર્ડની માન્યતા મળ્યા બાદ ધોરણ-૧૦નું પરિણામ સાતમાં વર્ષ પણ ૧૦૦ ટકા આવતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સાહ સાથે ખુશ ખુશાલ જોવા મળ્યા હતા. સ્કુલના પ્રથમક્રમે ૯૫ ટકા સાથે જેની પાદરીયા, દ્વિતીય નંબરે ૯૩.૪ ટકા સાથે નિયતી માંકડીયા અને દિશા પટેલ તથા પાયલ ધોળકિયા તૃતિય સ્થાન પ્રાપ્ત કરતા શાળાના મેનેજીંગ ડિરેક્ટર શક્તિસિંહ રાઠોડ, કેમ્પર્સ ડાયરેક્ટર રાજેન્દ્રસિંહ ઝાલા અને પ્રિન્સીપાલ માધુરી




મોટીવરસ સહિત શિક્ષકોએ વિદ્યાર્થીઓના મીઠા મોંઢા કરાવી અભિનંદન આપ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલ શિક્ષણની સાથે-સાથે સામાજીક, સાંસ્કૃત્તિક, ટેક્નોલોજીને જ્ઞાન આપી જરૂર પડ્યે પરોક્ષ રીતે વિવિધ સેમિનારો કરી જ્ઞાન સાથે ગમ્મતનું શિક્ષણ આપતી શહેરની પ્રથમ હરોળની સ્કુલમાં ગણના થાય છે ત્યારે ધોરણ-૧૦ સીબીએસઈ બોર્ડનું પરિણામ ૧૦૦ ટકા આવતા વિદ્યાર્થી - વાલીઓ અને શિક્ષકોમાં ભારે ઉત્સાહ સાથે ઉમંગને વાતાવરણ જોવા મળ્યું હતું.

# રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ અને વધતી જેહાદી માનસિકતા સામે વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળે આવેદન પાઠવ્યું

## લવ જેહાદ, ધર્માંતરણ અને સરકારી જમીનો પરના ગેરકાયદે અતિક્રમણ સામે કડક કેન્દ્રીય કાયદો લાવવા ઉગ્ર માંગ; શિક્ષિત વર્ગમાં ફેલાતા જેહાદના જાળા અંગે વ્યક્ત કરાઈ ગંભીર ચિંતા

**અબતક રામસિંગ મોરી સુત્રાપાડા**

દેશની આંતરિક સુરક્ષા અને સામાજિક સમરસતાને તોડી પાડવાના થઈ રહેલા સુઆયોજિત કાવતરાઓ સામે આજે વેરાવળ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિરોધ પ્રદર્શન યોજી કલેકટર મારફતે રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં દેશમાં વધી રહેલી વિકૃત જેહાદી માનસિકતા અને ગેરકાયદેસર




પ્રવૃત્તિઓ પર તાત્કાલિક રોક લગાવવાની માંગ સાથે તંત્રને જગાડવાનો પ્રયાસ કરાયો છે. સંગઠનના અગ્રણીઓએ જણાવ્યું હતું કે હવે આ માનસિકતા માત્ર અમુક વિસ્તારો પૂરતી સીમિત નથી રહી, પરંતુ પ્રતિષ્ઠિત આઈટી સંસ્થાઓ અને વ્યાવસાયિક ક્ષેત્રો સુધી પણ પ્રસરી ગઈ છે, જે રાષ્ટ્ર માટે એક મોટો ખતરો છે.

આવેદનપત્રમાં ઉલ્લેખ કરાયો છે કે, દેશભરમાં જંગલની જમીનો, રેલવે અને સૈન્ય સંરક્ષિત વિસ્તારોમાં વ્યવસ્થિત રીતે ગેરકાયદેસર અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે, જે સીધો રાષ્ટ્રીય સુરક્ષાનો વિષય છે.

# કાલે પોરબંદર-દાદર એક્સપ્રેસ અને ઓખા-અમદાવાદ વંદે ભારત ટ્રેન સાબરમતી સ્ટેશન પર ઉભી નહીં રહે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના સાબરમતી સ્ટેશન (જેલ સાઈડ) પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્ય અંતર્ગત એન્જિનિયરિંગ કામગીરી માટે ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ બ્લોક લેવામાં આવશે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ બ્લોકને કારણે પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અને ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ એક દિવસ માટે સાબરમતી સ્ટેશન પર થોભશે નહીં. જેની વિગત નીચે મુજબ છેઃ

૧) ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પોરબંદરથી ઉપડતી ટ્રેન સંખ્યા ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ સાબરમતી સ્ટેશન પર ઉભી રહેશે નહીં.

૨) ૧૯ એપ્રિલ ૨૦૨૬ ના રોજ ઓખાથી ઉપડતી ટ્રેન સંખ્યા ૨૨૯૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ સાબરમતી સ્ટેશન પર ઉભી રહેશે નહીં.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય નવીનતમ માહિતી માટે www.enquiry. indianrail. gov.in ની મુલાકાત લેવી.

# ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૧૦૦૫ મતદાન મથકો ઉભા કરાશેઃ કલેક્ટર



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર પૂર્ણ રીતે સજ્જ છે.

ચૂંટણીલક્ષી તૈયારીઓની વિગતો આપતા કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં તાલુકા પંચાયત-જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી માટે તંત્ર સમગ્ર રીતે સજ્જ છે. સમગ્ર જિલ્લામાં કુલ ૧૦૧૦ મતદાન મથકો છે. જે પૈકી બિનહરીફ થયેલી પાંચ સીટો બાદ કરતા સમગ્ર જિલ્લામાં કુલ ૧૦૦૫ મતદાન મથકો પર તા.૨૬ એપ્રિલના રોજ મતદાન કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મતદાન મથકો માટે ઈ.વી.એમ. સહિતની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે. અલગ-અલગ તાલુકાઓમાં તૈયારીઓ નિયત સ્થળ પર હાથ ધરવામાં આવી રહી છે. સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મતદાન મથકો ઓળખવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આમ, જિલ્લા ચૂંટણી તંત્ર આ સમગ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજવા માટે સજ્જ છે.

# દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા નેશનલ ફાયર સર્વિસ વીકની ઉજવણી




**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દીનદયાળ પોર્ટ ઓથોરિટી - કંડલા દ્વારા તા.૧૪થી ૨૦ એપ્રિલ દરમિયાન નેશનલ ફાયર સર્વિસ વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ફરજ દરમિયાન શહીદ થયેલા બહાદુર ફાયર કર્મચારીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ઉપરાંત એડમિન બિલ્ડિંગ ખાતે મોકડ્રિલ યોજવામાં આવી હતી. આ તકે, ડીપીએના ઉપાધ્યક્ષ નીલાભ્ર દાસગુપ્તા સહિત હાજર રહ્યા હતા. મોકડ્રિલ દ્વારા આગ જેવી આપત્તિ સમયે કેવી રીતે ઝડપી અને અસરકારક રીતે પ્રતિસાદ આપવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# કાલાવડના ધ્રુવ વેકરિયાની ધો. ૧૦ સીબીએસઈ બોર્ડમાં ૯૫.૫૦% સાથે ગૌરવવંતી સિદ્ધિ

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



પી.એમ. જવાહર નવોદય વિદ્યાલય. અલિયાબાડા જામનગર ખાતે ધો.૧૦ ના વિદ્યાર્થી વેકરીયા ધ્રુવ રમેશભાઈ એ ઈઈજીઓ બોર્ડ પરીક્ષા ઉત્કર્ષ પ્રદર્શન કરતા ૯૬.૫૦% ગુણ મેળવી શાળા તથા સમાજ નું ગૌરવ વધારેલ છે. તથા સ્ટાન્ડર્ડ ગણિત માં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. ધ્રુવ વેકરીયા શ્રી સરદાર પટેલ હાઈસ્કૂલ ધુડશીયા ના આચાર્ય વેકરીયા રમેશભાઈ પ્રેમજીભાઈ નો પુત્ર છે.તેમની આ સિદ્ધિ માત્ર પરિવાર માટેજ નહીં પરંતુ સમગ્ર પટેલ સમાજ માટે ગૌરવ ની વાત છે.

# હાપા નજીક રેસ્ટોરન્ટમાં આગઃ સામાન બળીને ખાક

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર-રાજકોટ હાઈવે હાપા નજીક રેસ્ટોરન્ટમાં ભીષણ આગ ની ઘટના બની હતીજામનગર ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગ પર કાબુ મેળવેલો હતો આજરોજ વહેલી સવારે જામનગર ના હાપા ખાતે ટોયોટા શોરૂમ સામે કવીન્સ રેસ્ટોરન્ટ ખાતે આગ લાગતા ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને એક ફાયર ફાઈટર વાહન દ્વારા ફાયર ફાઈટિંગ કામગીરી હાથ ધરવામાં આવેલ.

સમયસર કામગીરી કરીને આગ સંપૂર્ણપણે કાબૂમાં લઈ બુઝાવી દેવામાં આવેલ હતી.ત્યાં ઘટનાસ્થળ પરથી રેસ્ટોરન્ટમાંથી ૬ ગેસ સિલિન્ડર સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા. હતા.અને મોટી જાનહાનિ થતા રોકી હતી હાલ સુધીમાં નુકસાનની ચોક્કસ માહિતી પ્રાપ્ત થયેલ નથી.



# જૂનાગઢઃ રાજ્યકક્ષાની નિબંધ સ્પર્ધામાં બહાઉદ્દીનની પ્રિયંકાબા રાઠોડને દબદબો

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**



સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર દ્વારા 'સરકારી કોલેજ રાજ્ય સ્તરીય નિબંધ સ્પર્ધા વિજયપત્ર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ગુજરાતનું પ્રવાસન.નિબંધ વિષયમાં બહાઉદ્દીન સરકારી આર્ટ્સ કોલેજ, જૂનાગઢના બી.એ. દ્વિતીય વર્ષના વિદ્યાર્થિની રાઠોડ પ્રિયંકાબા જી.એ પ્રોત્સાહન નંબર પ્રાપ્ત કરતા પ્રમાણપત્ર અને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અગાઉ પણ રાઠોડ પ્રિયંકાબાએ શૈક્ષણિક વર્ષ -૨૦૨૪-૨૫માં પણ નિબંધને પ્રોત્સાહન નંબર પ્રાપ્ત કર્યો હતો.

કોલેજની વિદ્યાર્થીનીએ નિબંધ સ્પર્ધામાં અવલ્લ આવતા, કોલેજના આચાર્ય ડો.જે.આર. વાંઝા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ગોંડલના મોવિયામાં પ્રતિમા મુદ્દે વિવાદઃ કિશોર આંદીપરાના 'આપ' પર આકરા પ્રહારો

## રાજકીય લાભ ખાટવા ગામની શાંતિ ડહોળવાનો પ્રયાસ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના મોવિયા ગામે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સ્થાપિત કરવા મુદ્દે સર્જાયેલા વિવાદમાં સામાજિક અગ્રણી કિશોરભાઈ આંદીપરાએ પ્રેસ કોન્ફરન્સ યોજી 'આમ આદમી પાર્ટી' (આપ) પર ગંભીર આક્ષેપો કર્યા છે.

કિશોરભાઈએ જણાવ્યું કે ચૂંટણી જીતવા માટે 'આપ'ના ઉમેદવારો અને કાર્યકરો ગામમાં અંધાધૂંધી ફેલાવી રહ્યા છે અને આચારસંહિતાનો ભંગ કરી રહ્યા છે તેમણે સવાલ ઉઠાવ્યો કે અત્યારે વિરોધ કરનારા 'આપ'ના ઉમેદવાર જયંતીભાઈ જ્યારે પોતે સરપંચ હતા, ત્યારે તેમણે પ્રતિમા કેમ ન મુકાવી? અત્યારે ચૂંટણી ટાણે જ તોડફોડ કેમ કરવામાં આવી રહી છે? ગામમાં યોગ્ય જગ્યાએ ગાંધીજી, સરદાર પટેલ અને બાબાસાહેબની પ્રતિમાઓ સ્થાપિત કરાશે. આ ઉપરાંત ડો.આંબેડકર ભવન અને આંગણવાડી બનાવવાનું આયોજન પણ તૈયાર છે. કિશોરભાઈએ સ્પષ્ટ કર્યું કે તેમનો હેતુ સામાજિક એકતા જાળવવાનો છે. યોગ્ય સ્થળ પસંદગી માટે ગ્રામજનો અને આગેવાનો સાથે મળીને નિર્ણય લેવામાં આવશે. કિશોરભાઈએ અંતમાં ઉમેર્યું કે મોવિયા હંમેશા એકતા માટે જાણીતું છે, પરંતુ રાજકીય લાભ ખાટવા માટે વિરોધ પક્ષો ગામની શાંતિ ડહોળવાના નબળા અખતરા કરી રહ્યા છે.

# ગોંડલમાં કાલે ધામધૂમથી ઉજવાશે પરશુરામ જન્મોત્સવ

## હેમ વાડીમાં સાંજે ૭ વાગે પરશુરામ દાદાની થશે મહાઆરતી

**અબતક જીતેન્દ્ર આચાર્ય ગોંડલ**

બ્રહ્મ સમાજના ઈષ્ટદેવ ભગવાન પરશુરામ દાદા ના જન્મોત્સવ નિમિત્તે ગોંડલમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ગોંડલની કેશવ કોપરેટીવ ક્રેડિટ સોસાયટી અને સમસ્ત બ્રહ્મ સમાજ ગોંડલ શહેર તાલુકા દ્વારા રવિવાર૧૯ એપ્રિલ એ હેમવાડી સ્ટેશન પ્લોટ ગોંડલ ખાતે સાંજે ૭વાગે પરશુરામ ભગવાનના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે, આ મહોત્સવમાં ભગવાન પરશુરામ પ્રત્યે શ્રદ્ધા રાખનાર તમામ ધર્મ પ્રેમીઓને મહા આરતીનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે



# જૂનાગઢમાં બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૨૯મીએ વેકેશન વર્કશોપનું આયોજન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર તથા બ્રહ્મચારી ભગવતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા વેકેશન વર્કશોપ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ ૬ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ જુદા-જુદા તથા અવનવા વિજ્ઞાન રમકડાં, ગણિત રમકડાં, રીબોટિક્સ, રોકેટરી, ડ્રોન વર્કશોપ, પઝલ, સ્ટેમ વર્કશોપ, કેમેસ્ટ્રી અને મેથ્સ, ઓરિગામી, સ્ટેમ વર્કશોપ, ક્રિએટિવ સાયન્સ તથા નેચરલ ટુર વગેરે જેવા વર્કશોપોનું તા.૨૯ એપ્રિલથી તા.30 મે દરમિયાન યોજવામાં આવશે.

આ વર્કશોપમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. તા.૨૮/૦૪/૨૦૨૬ સુધીમાં વહેલા તે પહેલાંના ધોરણે નામ નોંધણી કરાવવા તથા વધુ માહિતી માટે શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, વંથલી રોડ, બીલનાથ મંદિર પાસે, જૂનાગઢ મો.૯૪૨૯૪ ૩૩૪૪૯ પર સંપર્ક કરવા લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરાની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# જામનગરના ગુજસીટોકના આરોપી પૂર્વ નેતા અલ્તાફ ખફી સહિત આઠ ફર્ધર ૬ દિવસના રિમાન્ડ પર લેવાયા

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરમાં પૂર્વ કોર્પોરેટર અસલમ ખીલજી અને અલ્તાફ ખફીની ગેંગ સામે નોંધાયેલા ગુજસીટોક કેસમાં પોલીસ દ્વારા સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કેસમાં જેલમાં રહેલા મુખ્ય આરોપી અલ્તાફ ખફી સહિત ૮ આરોપીઓને ટ્રાન્સફર વોરંટથી કબ્જે લઈ રાજકોટની વિશેષ ગુજસીટોક અદાલતમાં રજૂ કરીને ૬ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, આ સમગ્ર પ્રકરણમાં બંને ગેંગના કુલ ૨૯ શખ્સો સામે ગુનો નોંધાયો હતો. જેમાંથી અગાઉ ૧૪ આરોપીઓની ધરપકડ કરીને રિમાન્ડ પૂર્ણ થયા બાદ જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

**હજુ ૩ આરોપીઓ પોલીસ પકડથી દુરઃ અગાઉ પકડાયેલા આરોપીઓને જેલ હવાલે કરાયા**

ત્યાર બાદ આગળની કાર્યવાહી દરમિયાન અસલમ ખીલજી ગેંગના અસલમ કાદરભાઈ શેખ, ઈસ્માઈલ ઉર્ફે ધરાર હશનભાઈ માંડલીયા, નદીમ મોહમદહુસેન ખીલજી અને લતીફ ઉર્ફે લતીફ બાપુ હાજીભાઈ શેખને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા. જેના ગઈકાલે રિમાન્ડ પૂર્ણ થતા તેમને રાજકોટ ગુજસીટોક કોર્ટમાં રજૂ કરીને અમદાવાદ અને વડોદરા જેલમાં મોકલવામાં આવ્યા છે.

આ દરમિયાન સિટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પોલીસે હત્યાના પ્રયાસના કેસમાં અગાઉથી જેલમાં રહેલા પૂર્વ કોર્પોરેટર અલ્તાફ ખફી તથા તેના ગેંગના સમીર શકિલ ચૌહાણ, જુનેદ ઉર્ફે જુનીયો યુનુશભાઈ કુરેશી, મોસીન ઉર્ફે પચાસીયા મહેબુબભાઈ રૂમી, તોહિદખાન ઉર્ફે પપ્પુ ફીરોજખાન, ઈસ્તીયાક શેખ, તબરેજ રફીકભાઈ હાલાણી અને હમીદ ઉર્ફે રોંઝો જાનમામદ બ્લોચનો કબ્જો મેળવી તેમને રાજકોટ સ્થિત વિશેષ અદાલતમાં રજૂ કર્યા હતા.

અદાલતે તમામ ૮ આરોપીઓને તા. ૨૩ એપ્રિલ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. હાલ પોલીસ દ્વારા તેમની સઘન પૂછપરછ ચલાવાઈ રહી છે, અને આ કેસમાં વધુ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અખાત્રીજના પારણાં પ્રસંગ પૂર્વે

# પાલીતાણામાં શેત્રુંજયના યાત્રિકો નિશાન પર, બે દિવસમાં લૂંટની બે ઘટનાથી ફફડાટ

## શેત્રુંજય ગિરિરાજ પર્વતનો વહીવટ કરતી શેઠ આ.ક. પેઢીની સિક્યુરિટી અને યાત્રિકોની સુરક્ષા પર ઊઠતા સવાલ

**અબતક**
**અંકુર મહેતા, પાલીતાણા**

જૈનોના હૃદયમાં વસેલું મહાતીર્થ એ પાલિતાણાનું શ્રી શત્રુંજય ગિરિરાજ મહાતીર્થ છે, આ મહાતીર્થ પર ૮૦૦ થી વધુ મંદિરો આવેલા છે, જૈનોની અતુટ આસ્થારૂપી તીર્થ છે, દિવસભર મોટી સંખ્યામાં ભાવિકોની યાત્રા શરૂ રહેતી હોય છે. અહીં ફાગણ સુદ તેરસ, પૂનમ અને અખાત્રીજમાં લાખો ભાવિકો યાત્રા કરતા હોય છે, ત્યારે અખાત્રીજના ૨ દિવસ પૂર્વે જ શેત્રુંજય ગિરિરાજ મહાતીર્થ ડુંગરમાં અધવચ્ચે આવેલ પદ્માવતી ટૂંક નજીક યાત્રિક પર હથિયાર સાથે અજાણ્યા શખ્સોએ સોનાના ચેઈનની લૂંટ કરી નાસી છૂટ્યા જે અંગે યાત્રિકે બૂમાબૂમ કરતા લોકો ભેગા થતા બાદમાં નીચે આવીને ફરિયાદ નોંધાતા પોલીસ કાફલો દોડી જઈ આ ઘટના સંદર્ભે આરોપી પકડવા ચક્રોગતિમાન કરેલ છે. ત્યારે આ શેત્રુંજય મહાતીર્થ નો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢી પર યાત્રિકોની સુરક્ષા અંગેના અનેક સવાલો ઉભા થયા છે. પવિત્ર યાત્રાધામ શેત્રુંજય પર્વત પર જૈન યાત્રિકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. છેલ્લા બે દિવસમાં યાત્રા દરમિયાન બે યાત્રિકો લૂંટાયા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવતા ભક્તોમાં ભારે ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે મહિલા યાત્રિક જ્યારે ડુંગર પર યાત્રા કરી રહ્યા હતા, ત્યારે અજાણ્યા શખ્સોએ તેમને આંતરીને સોનાનો ચેઈન લૂંટી લીધો હતો અને ફરાર થઈ ગયા હતા. આટલી મોટી સંખ્યામાં ભક્તો આવશે ત્યારે તેમની સુરક્ષાનું શું,

દિનેશકુમાર ત્રીલોકચંદજી જૈન (રહે, ચેન્નાઈ) એ ફરિયાદ નોંધાવી કે તેઓ પોતાના પરિવાર સભ્યો સાથે પાલીતાણા શેત્રુંજય ડુંગર ઉપર જાત્રા કરવા જતા હતા ડુંગર ઉપર આવેલ પદ્માવતી માતાજીના મંદિરની આગળ પહોંચતા કોઈ અજાણ્યા ચાર ઈસમો માંથી એકે મને પાછળથી પકડી લીધેલ અને અન્ય ત્રણ ઈસમોએ મારી ફરતા ઉભા રહી ગયેલ અને તેમાંથી છરો બતાવેલ અને મારી ડોકમાં પહેરેલ સોનાનો ચેન ખેંચવા લાગતા અમારે જપાજપી થતા હું નીચે પડી ગયેલ બાદમાં અને સોનાના ચેઈનના ત્રણ ટુકડા થઈ ગયેલ અને મને આ ચેઈન ખેંચતા મને પાછળના ભાગમાં મને મુંઢ ઈજા થયેલ આ ઘટના દરમિયાન મારા પત્ની ડુંગળ ચડવામાં પાછળ હોય જેઓ આ ઘટના જોઈ જતા ચોર ચોર કરી બૂમો પાડતા ચારેય ઈસમો નાસી છૂટેલ આ બનાવ સ્થળે મોબાઈલ નેટવર્ક ના મળતા અમે ડુંગર ઉપર જઈ અને પેઢીની ઓફિસમાં આ જાણ કરેલ અને આ અંગેની ફરિયાદ દાખલ કરાવેલી છે. ઘટનાને પગલે તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી પોલીસ બંદોબસ્ત વધારવાની અને ડુંગર પર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની યાત્રિકોની માંગ ઉઠી છે અને લૂંટની આ બંને ઘટનાઓ મામલે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે. હાલ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે અને આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ અંગે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના મનીષભાઈ કનાડિયાએ જણાવેલ કે, આ ઘટનાના અનુસંધાને આખા ડુંગરના પગથિયાના માર્ગને સીસીટીવી કેમેરાથી કવર કરવાનું અને સિક્યુરિટી વધારવાનું નક્કી કરેલ છે. તેવું જણાવેલું હતું.

# જૂનાગઢ: નોકરીમાંથી રાજીનામુ આપ્યાની ગણતરીની કલાકોમાં મહિલાનો આપઘાત

## સિવિલ હોસ્પિટલમાં પીયુન તરીકે ફરજ બજાવતા: કારણ અકબંધ

**અબતક, દર્શન જોશી,**
**જૂનાગઢ**

જૂનાગઢના મધુરમ વિસ્તારમાં એક હૃદય દ્રાવક ઘટના સામે આવી છે. એક ૩૨ વર્ષીય મહિલાએ નોકરીમાંથી રાજીનામું આપયાની ગણતરી કલાકમાં જ પોતાના ઘરે જઈ ગળાફાંસો ખાય આપઘાત કરી લેતા, સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. તો પરિવારજનોમાં આક્રંદ છવાયો છે. બીજી બાજુ પોલીસ દ્વારા મહિલાના આ આપઘાત મામલે ઝીણવટ ભરી તપાસ.શરૂ કરવામાં આવી છે. પોલીસ માંથી પ્રાપ્ત વિગતો અનુસાર જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં સુધાબેન વિજયભાઈ સોલંકી (ઉ.વ. ૩૨) નોકરી કરતા હતા, અને ગઈકાલે પોતાની નોકરીમાંથી રાજીનામું આપ્યા બાદ ઘરે ગયા હતા અને રાત્રિના દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાય આપઘાત કરી લીધો હતો.

આ અંગે મરણ જનારના પરિવારજન વિજય કાબાભાઈ સોલંકી એ સી ડિવિઝન પોલીસને જાણ કરતા, તાત્કાલિક પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો, અને ધોરણસરની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જે અંગેની એ.ડી. વિજયભાઈ કાબાભાઈ સોલંકી એ સી ડિવિઝન પોલીસમાં નોંધાવી છે અને પોલીસે દ્વારા આ આપઘાત મામલે અનેક પ્રશ્નાર્થ સાથે તપાસ હાથ ધરાઈ છે.

સિવિલ હોસ્પિટલમાં પીયુન તરીકે ફરજ બજાવતી મહિલાએ રાજીનામું આપ્યા બાદ ઘરે જઈને આત્મઘાતી પગલું ભરી લેતા પરિવારજનો સ્તબ્ધ બન્યા છે, અને ઘેરા શોકમાં ડૂબ્યા છે. તો બીજી બાજુ આ મહિલાના આપઘાત પાછળ શું કારણ હોય તે હાલમાં રહસ્યમય બન્યું છે.

# ધ્રાંગધ્રા: દફન કરેલી બાળકીના મૃતદેહને બહાર કાઢી પીએમ અર્થે ખસેડાયો

## ગુમ થયેલા માસુમનો પાણીના ટાંકામાંથી મૃતદેહ મળ્યા બાદ પરિવારે મોત અંગે શંકા વ્યક્ત કરતા તપાસનો ધમધમાટ

**અબતક, સલીમ ઘાંચી,**
**ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરના પુનિતનગર વિસ્તારમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં પાંચ વર્ષના બાળકના મોત મામલે હવે નવો વળાંક આવ્યો છે. મળતી માહિતી મુજબ, પુનિતનગર વિસ્તારમાં આંગણવાડી પાસે રહેતા ફારુકભાઈ નાયકનો દીકરો કાર્તિક (ઉંમર અંદાજે ૫ વર્ષ) તા. ૨ એપ્રિલના રોજ બપોરના સમયે શેરીમાં રમતા રમતા અચાનક ગુમ થઈ ગયો હતો પરિવારજનો અને સ્થાનિક લોકોએ તેની શોધખોળ હાથ ધરી હતી, દરમિયાન પાણીના ટાંકા માંથી કાર્તિક મળી આવ્યો હતો. તે સમયે બાળકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હોવાનું જણાયું હતું આ બનાવ બાદ પરિવારજનો દ્વારા બાળકની દફનવિધિ કરવામાં આવી હતી. પરંતુ થોડા સમય બાદ પરિવારને બાળકના મોત અંગે શંકા ઊભી થઈ હતી અને તેમણે આશંકા વ્યક્ત કરી કે આ સ્વાભાવિક મોત નહીં પરંતુ કોઈ અજાણ્યા વ્યક્તિઓ દ્વારા હત્યા કરવામાં આવી હોઈ શકે આ શંકાને આધારે પરિવારજનો દ્વારા તા. ૧૭ એપ્રિલના રોજ ધાંગધ્રા સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ઘટનાને ગંભીરતાથી લઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી પોલીસ, ડેપ્યુટી કલેક્ટર, મામલતદાર, પીઆઈ તથા એફએસએલ ડોક્ટર ટીમની હાજરીમાં કબ્રસ્તાનમાં દફન કરાયેલ બાળકની ડેડબોડી બહાર કાઢવામાં આવી હતી ત્યારબાદ મૃતદેહને વધુ તપાસ અને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે હાલ પોલીસ દ્વારા શંકાસ્પદ વ્યક્તિઓ અંગે તપાસ તેજ બનાવવામાં આવી છે અને આ સમગ્ર મામલાનો સચોટ ખુલાસો કરવા માટે વિવિધ દિશામાં તપાસ ચાલી રહી છે.



# જૂનાગઢના ડુંગરપુર ગામે યુવકની નિર્મમ હત્યા

## ચલમનો માલ આપતા યુવકની હત્યા કરનારા બે શખ્સોને પોલીસે ઝડપી પાડયો

**અબતક, દર્શન જોષી,જૂનાગઢ**

જૂનાગઢ છેવાડે આવેલા ડુંગરપુર વિસ્તારમાં ગઈકાલે એક ૪૦ વર્ષીય યુવાનની અજાણ્યા શખ્સો દ્વારા નિર્મમ હત્યા કરી નાખતા, સમગ્ર પંથકમાં સનસની મચી જવા પામી હતી. ગણતરીની કલાકોમાં જ બે હત્યારાઓને દબોચી લઈ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


જૂનાગઢ તાલુકાના ડુંગરપુર વિસ્તારમાં ગઈકાલે સવારે એક યુવકની લાશ પડી હોવાની પોલીસને જાણ થતા જ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. તે સાથે પોલીસે મળી આવેલ મૃતદેહની ઓળખ માટે તપાસ આદરી હતી અને મરણ જનાર યુવક ડુંગરપુર ગામનો મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૪૦ વર્ષીય યુવક રફીકસા કરીમસા રફાઈ હોવાનું સામે આવ્યું હતું. તથા આ યુવકની ધોકા અને લોખંડના સળિયા જેવા હથિયારથી પ્રહાર કરી, મોતને ઘાટ ઉતાર્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું હતું.

દરમિયાન જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાની સૂચના અને ડીવાયએસપી રવિરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ જુનાગઢ તાલુકા પી.આઈ ગગનીયા અને તેમની ટીમ દ્વારા આ હત્યાનો ભેદ ઉકેલવા વિવિધ દિશામાં તપાસ આદરી હતી, અને તપાસ દરમિયાન ખડિયા ગામના મિલન સોલંકી અને તોરણીયા ગામના અનિલ ગુજરાતી નામના બે ઈસમોએ હત્યા કરી હોવાનું સામે આવતા, ગણતરીની કલાકોમાં જ પોલીસે બંને હત્યારાઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે મરણ જનારના પત્ની નજમાંબેન રફીકસા રફાઈ એ જુનાગઢ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, આરોપી ખડીયા ગામના મિલન સોલંકી અને તોરણીયા ગામના અનિલ ગુજરાતી ગઈકાલે તેમના ઘરે ચલમનો માલ લેવા આવ્યા હતા. પરંતુ મરણ જનારે ચલમનો માલ નથી, તેમ કહેતા બાદમાં મરણ જનાર રફીકશા રફાઈને ફોસલાવીને બંને શખ્સો ગતરાત્રિના લઈ ગયા હતા, બાદમાં મરણ જનાર રફિક્ષા રફાઈ રાત્રિના ૧૦ વાગ્યાથી લઈને આજે સવારના ૯ વાગ્યા સુધી ઘરે ન પહોંચતા મરણ જનારના પત્ની નજમાબેને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગીર ગઢડા: ચેક રીટર્નના કેસમાં ત્રણ આરોપીનો નિર્દોષ છુટકારો

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના મોતીસર ગામના હાથ ઊંચીની લીધેલી રકમ ચૂકવવા આપેલા ત્રણ ચેક વગર વસુલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે ત્રણ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે. આ અંગે વધુ વિગત મુજબ ગીર ગઢડા તાલુકાના મોતીસર ગામે રહેતા દેવસંગ જેસંગભાઈ પરમારે ધોકડવા રહેતા મનુભાઈ ધનાભાઈ ધોળા, ધોકડવા રહેતા કનુભાઈ અમીરભાઈ મકવાણા, સણોસરીના રમેશભાઈ નાનાભાઈ વાળાને મિત્રતાના દાવે આઠ લાખ રૂપિયા ઉછીના આપેલ હતા અને સિક્યુરિટી પેટે ચેક લીધેલા હતા.ફરિયાદી દેવસંગ પરમાર દ્વારા પૈસાની ઉઘરાણી કરતા ચેક આપ્યો હતો. ત્રણેય ચેક રિટર્ન ફરતા ફરિયાદીએ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ચેક રિટર્ન નો કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો જે ચાલી જતા ફરિયાદ પક્ષે પુરાવા આપવામાં નિષ્ફળ જતા, રજૂ કરાયેલ પુરાવા વિસંગતા થતા અને આરોપી બચાવ પક્ષે વકીલ એસ.એસ ઝવેરીની ધારદાર દલીલોને, પુરાવાને ધ્યાને લેતા તમામ મુદ્દાઓને ધ્યાને રાખી જજ વૈષ્ણવની કોર્ટે દ્વારા ત્રણેય આરોપીઓ મનુ ધોળા,કનુ મકવાણા અને રમેશ વાળા ને નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો હતો.



# ચાવંડ નજીક એસ.ટી. બસ અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવકનુ મોત

## ફોન બંધ હોવાથી ઓળખ કરવામાં મુશ્કેલી: આધાર કાર્ડ દ્વારા વ્યક્તિ બોટાદ જિલ્લાનો હોવાનું ખુલ્યું

**અબતક, હર્ષઠાકર, અમરેલી**

ચાવંડથી લાઠી જતા માર્ગ પર એસ.ટી. બસ અને બાઈક વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં બાઈક સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનાર વ્યક્તિ બોટાદ જિલ્લાના હોવાનું જાણવા મળ્યું છે. લાઠી ચાવંડ રોડ પર એસટી બસે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું ઘટના સ્થળેજ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનારનું નામ લાલજીભાઈ ચોહાણ હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત બાદ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તરત જ પોલીસ તથા તાત્કાલિક સેવા તંત્રને જાણ કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતા જ પોલીસે ટીમ ઘટના સ્થળ પર પહોંચી પહોંચી ગઈ હતી. અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મૃતકનો મોબાઈલ ફોન બંધ હોવાને કારણે શરૂઆતમાં તેમની ઓળખ કરવામાં મુશ્કેલી પડી હતી. બાદમાં વાહન નંબર તથા આધાર કાર્ડની તપાસ કરતાં મૃતક બોટાદ જિલ્લાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે પોલીસ દ્વારા બોટાદ જિલ્લાના સંબંધિત તંત્રને જાણ કરવામાં આવી હતી જેથી મૃતકના પરિવારજનો સુધી આ જાણ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી. પોલીસ દ્વારા મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# વડાલીના કેશરપુરા ગામેથી ગાંજાના વાવેતરનો પર્દાફાશ

## ડ્રોન સર્વેલન્ટની મદદથી ખેતરમાંથી રૂ.૨૦ લાખનો ૪૦.૨૦૦ કિલોગ્રામ લીલો ગાંજો કબ્જે કરી ખેડુતની કરી અટકાયત

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કેશરપુરા ગામમાં ગેરકાયદેસર નશીલા પદાર્થોના ખેતી વિરુદ્ધ પોલીસે મોટી સફળતા મેળવી છે બાતમીના આધારે વડાલી પોલીસે ડ્રોન સર્વેલન્સની મદદથી એક ખેતરમાં ચાલતા ગાંજાના વાવેતરનો પર્દાફાશ કરી અંદાજે ૪૦.૨૦૦ કિલોગ્રામ જથ્થા સાથે એક ઈસમની અટકાયત કરી હતી

આ અંગે મળતી માહિતી મુજબ વડાલી પોલીસને કેશરપુરા ગામની સીમમાં ગાંજાનું વાવેતર થતું હોવાની ચોક્કસ બાતમી મળી હતી આ બાતમીની ખરાઈ કરવા માટે પોલીસે આધુનિક ડ્રોન દ્વારા ખેતરનું નિરીક્ષણ કર્યું હતું ડ્રોન ફૂટેજમાં શંકાસ્પદ છોડ દેખાતા પોલીસની ટીમે તાત્કાલિક ખેતરમાં દરોડો પાડયો હતો તપાસ દરમિયાન ખેતરમાંથી ગાંજાના કુલ ૬૮ છોડ મળી આવ્યા હતા અને પોલીસે સ્થળ પરથી કુલ ૪૦ કિલો અને ૨૦૦ ગ્રામ લીલો ગાંજો જપ્ત કર્યો હતો આંતરરાષ્ટ્રીય બજાર કિંમત મુજબ આ જથ્થાની કિંમત અંદાજે રૂપિયા ૨૦.૧૦ લાખ આંકવામાં આવી હતી.

જ્યારે આ ગુનામાં પોલીસે ખેતરના માલિક મનજી ડુંડ (ઉંમર વર્ષ ૪૭) ની ધરપકડ કરી હતી જ્યારે પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આરોપીએ આર્થિક લાભ મેળવવા અને વેચાણના ઈરાદે આ ગેરકાયદેસર ખેતી કરી હતી પોલીસે એન.ડી.પી.એસ એક્ટ મુજબ ગુનો નોંધી આ નેટવર્કમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ધ્રોલ: કારમાં દારૂના જથ્થા સાથે ચાલક ઝડપાયો

**અબતક**
**સંજય ડાંગર, ધ્રોલ**

બનાવની વિગતો મુજબ, ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ સંજયભાઈ કમાભાઈ સોલંકી અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસ સ્ટેશનથી માત્ર એક કિલોમીટર દૂર ત્રિકોણબાગ પાસે શંકાસ્પદ રીતે પસાર થતી એક ફોર્ડ કંપનીની ફીગો કાર ને અટકાવી તેની તલાશી લેવામાં આવી હતી. તલાશી દરમિયાન કારમાંથી વિદેશી દારૂના ૦૪ નંગ ચપટા મળી આવ્યા હતા. પોલીસે એક લાખ રૂપિયાની કિંમતની કાર અને ૬૦૦ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ મળી કુલ રૂપિયા ૧,૦૦,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનામાં કાર ચાલક યુવરાજસિંહ પ્રદ્યુમનસિંહ જાડેજા (ઉ.વ. ૩૯, ધંધો-ખેતી, રહે. જારીયા, તા. ધ્રોલ) ની અટકાયત કરવામાં આવી હતી.

# ખંભાળિયા નજીક બે કાર વચ્ચે અકસ્માત

## દ્વારકા જતાં છ દર્શનાર્થીઓને ઈજા: મોટી જાનહાની ટળી

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



જામનગર-ખંભાળીયા હાઈવે રોડ પરઆજે સવારે બોલેરો તથા અર્ટિગા કાર વચ્ચે અકસ્માત સર્જાતા દ્વારકા દર્શનાર્થે જઈ રહેલા છ યાત્રીકોને ઈજા પહોંચી છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી જયારે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગત અનુસાર આજે સવારે જામનગર-ખંભાળીયા હાઈવે રોડ પર દ્વારકા તરફ જતી અર્ટિગા કાર તથા બોલેરો વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બંને વાહનોમાં જઈ રહેલ લોકોની ચીસોથી હાઈવે ગાજી ઉઠયો હતો. અકસ્માતના પગલે ત્યાંથી પસાર થતા વાહનો થંભ્યા હતા અને બંને વાહનોમાં રહેલ લોકોને બહાર કાઢવાની તજવીજ હાથ ધરાઈ હતી. બંને વાહનમાં જઈ રહેલ કુલ પૈકી છ વ્યકિતઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર હેતુ ખંભાળીયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# નર્મદા કેનાલના ઓપરેટરના અધિકારી અને કર્મચારી દ્વારા માર માર્યાનો આક્ષેપ

## કેનાલના નિર્માણ સમયે નાખવામાં આવેલી માટી ચોરી અંગેનો વીડિયો ઉતારવા બદલ ઈજાઓ પહોંચાડી: ફરિયાદની તજવીજ

**અબત, ઘનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**

લખતર પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પર કોન્ટ્રાકટ બેઝ ઓપરેટર તરીકે ફરજ બજાવતા યુવકને કેનાલના અધિકારીઓ દ્વારા ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસે ફરિયાદની તજવીજ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ લખતર તાલુકામાંથી પસાર થતી નર્મદાની કેનાલના નિર્માણ સમયે સુરેન્દ્રનગર સુધી સરકાર દ્વારા કેનાલની બન્ને સાઈડ માટી નાખવામાં આવી હતી જે માટીનું છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે ભૂમફિયાઓ દ્વારા ખનન અને વહન થતુ હોવાની ફરિયાદોને ધ્યાને લઈને લખતર પાસે કેનાલ પર કોન્ટ્રાકટ બેઝ ઓપરેટર તરીકે ફરજ બજાવતા જીતુભાઈ પરમાર દ્વારા ફરજના ભાગરૂપે ભવિષ્યમાં કોઈ દુર્ઘટના થાય અથવા માટી ચોરીનો આરોપ પોતાના પર ન આવે તે માટે બચાવ અર્થે અવાર નવાર મોબાઈલમાં વીડિયો ઉતારી તે અંગે નર્મદા વિભાગને ટેલિફોનીક રજુઆત પણ કરતા હતા જેનું રેકોર્ડિંગ પણ તેઓએ કર્યું છે. આમ છતાંય નર્મદા વિભાગના અધિકારી સહિતનાઓ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવાને બદલે ઓપરેટર જીતુભાઈને પગાર બાકી હોવાનું જણાવી કારમાં બેસાડી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી મોબાઈલમાં ઉતારેલ વીડિયો ડિલીટ કરાવી દીધા હતા અને ઈજાઓ પહોંચાડી હતી અને મોબાઈલને નુકશાન પહોંચાડી કારમાંથી ધક્કો મારી નીચે ઉતારી નાશી છુટયા હતાં. જ્યારે ઈજાગ્રસ્ત કોન્ટ્રાક્ટ બેઈઝ ઓપરેટરને સારવાર અર્થે સુરેન્દ્રનગરની ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જે મામલે હાલ લખતર પોલીસે ઈજાગ્રસ્ત યુવકના નિવેદને લઈને મારમારનાર નર્મદા વિભાગના અધિકારી અને કર્મચારી સામે ફરિયાદની તજવીજ હાથ ધરી છે. ભોગ બનનાર ઈજાગ્રસ્ત ઓપરેટર દ્વારા નર્મદા વિભાગના અધિકારી વિજય કરમટા, મૌલિકભાઈ અને બોલેરો કારના ડ્રાઈવર સામે મારમારી જાનથી મારી નાખવાની ધમકી અંગે આક્ષેપ કરતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## ગેરકાયદે માટીનું ખનન રોકવાને બદલે ખુદ નર્મદા વિભાગના અધિકારીઓ જ ભૂમાફિયાઓને છાવરતા હોવાની ચર્ચા

# કાલાવડ: સોડા ગામમાં કોપર વાયરની ચોરીના ગુનાનો આરોપી છ માસે ઝડપાયો

## અપહરણ અને પોક્સોના ગુનામાં નાસતો ફરતો આરોપી કમલેશ ભુરીયાને દબોચ્યો

**અબતક રાજુ રામોલીયા**
**કાલાવડ**

કાલાવડ તાલુકાના ટોડા ગામના સોલાર પ્લાન્ટ માંથી કોપર વાયરનીચોરીમા છ માસથી નાસતા ફરતો આરોપી અને અપહરણ અને પોક્સોના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો બંને આરોપી ને કાલાવડ ગ્રામ્ય પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ રેન્જ આઈ નિર્લિપ્ત રાય એસપી રવિ મોહન સૈની દ્વારા નાસ્તા ફરતા આરોપીને શોધી કાઢવા સૂચના અન્વયે કાલાવડ રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ એન.વી.આંબલીયા ના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ટોડા ગામના સોલાર પ્લાન્ટ માંથી કેબલ ચોરીનો કરનાર રાજકોટ સંત કબીર રોડ પર રહેતો સાયર ધીરુ સોલંકીને કાલાવડ તાલુકાના આણંદપર ગામે થી ઝડપી પાડ્યો હતો અને અપહરણ તથા પોકસો ના ગુનામાં બે વર્ષથી નાસ્તો ફરતો મધ્યપ્રદેશ ના તડવી ફળિયા રહેતો આરોપી કમલેશ કૈલાસ ભુરીયા ઉંમર વર્ષ ૨૦ કાલાવડ તાલુકા ખરેડી ગામે થી પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ રહી હતી આ કામગીરીમા પી.આઈ એનવી આંબલીયા એએસઆઈ ગીરીરાજસિંહ જેઠવા, હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા,કોન્સ્ટેબલ કુલદીપ સિંહ જાડેજા, અલ્તાફ સમા, નિરંજન કુમાર મુંધવા,સહિતના રોકાયા હતા.





# હળવદમાં જેટકો લાઈન ઈન્સ્પેક્ટરનો આતંક: નાયબ ઈજનેરને થપ્પડ ઝીંકી

## હાજરી મુદ્દે મનદુઃખ રાખી ઉશ્કેરાયો, કાર્યપાલક ઈજનેર સહિત સ્ટાફને ગાળો આપી ફાઈબર રોડથી હુમલાનો પ્રયાસ

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

હળવદના માનસર સ્થિત ૪૦૦ કે.વી. જેટકો યાર્ડમાં લાઈન ઈન્સ્પેક્ટરે હાજરી મુદ્દે ઉશ્કેરાઈ નાયબ ઈજનેરને થપ્પડ મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી અને કાર્યપાલક ઈજનેરને અભદ્ર ભાષા સાથે ગાળો ભાંડી ફાયબરનો રોડ લઈ મારવાનો પ્રયાસ કર્યા હોવાના બનાવે જેટકોમાં ચકચાર મચી જવા પામી છે.

હળવદ તાલુકાના માનસર સ્થિત ૪૦૦ કે.વી. જેટકો યાર્ડમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા નીતીનભાઈ જયસુખભાઈ લોરીયા લાઈન ઈન્સ્પેકટર હસમુખભાઈ કાનજીભાઈ ચાવડા સામે પોલીસ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૧૬ એપ્રિલના રોજ સવારે નાયબ ઈજનેર માનસર ૪૦૦ કે.વી. યાર્ડમાં પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન લાઈન ઈન્સ્પેક્ટર આરોપી હસમુખભાઈ ચાવડા ત્યાં આવ્યા અને પોતાની બે દિવસની રજા દરમિયાન મસ્ટરમાં હાજરી સામે લીટા કોણે માર્યા તે બાબતે પૂછપરછ કરી હતી. આ અંગે જુનિયર ઈજનેર દ્વારા નાયબ ઈજનેર નીતીનભાઈનું નામ આપતા તેઓ સીધા જ નાયબ ઈજનેર પાસે પહોંચી બોલાચાલી કરવા લાગ્યા. ત્યારે ફરિયાદી નીતીનભાઈએ ઓફિસની પ્રક્રિયા મુજબ ગેરહાજરી નોંધાવ્યાની વાત કરતા હસમુખભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે અભદ્ર ભાષામાં ગાળો આપીને ઝપાઝપી શરૂ કરી અને નાયબ ઈજનેરને ગાલ પર થપ્પડ મારી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

આ સમગ્ર બનાવને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાતા હળવદ પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા કલમો હેઠળ ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં ચામડતોડ વ્યાજની પઠાણી ઉઘરાણી ત્રણ કારખાનેદારે ઝેર ગટગટાવ્યું

## નવ લાખ સામે સાત લાખ ચુકવ્યા છતાં મુદલ માટે વ્યાજખોર સાજીદ કાજેડીયા ધમકી આપતો

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબીના કારખાનેદારે ટ્રકના હપ્તાની ચુકવણી માટે મિત્ર સર્કલમાંથી હાથ ઉછીનાં લીધેલ નાણાની ચુકવણી માટે વ્યાજખોર પાસેથી ચામડાતોડ ૬૦ ટકા માસિક વ્યાજે લીધેલા રૂપિયા મામલે સમયસર વ્યાજ ચૂકવવા છતાં મૂળ મુદ્દલ ચૂકવવા દબાણ અને ધમકીઓને લઈને કારખાનેદારે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના પ્રકાશભાઈ પ્રવિણભાઈ ભોરણિયા ઉવ. ૩૨ જેઓ બેલા ગામ નજીક કારખાનું ચલાવી વેઓરી ધંધો કરે છે, તેમણે માળીયા(મીં) તાલુકાના કાજેરડા ગામના સાજીદભાઈ જાનમામદભાઈ કાજેડીયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી જાહેર કર્યુ કે, પ્રકાશભાઈએ લગભગ ત્રણ વર્ષ પહેલાં પોતાના ટ્રકના હપ્તા ભરવા માટે ઉછીના રૂપિયા લીધા હતા. જે રૂપિયાની ચુકવણી માટે તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજ આરોપી પાસેથી ૧૦ લાખ રૂપિયા ૬૦ ટકા માસિક વ્યાજે લીધા હતા, ત્યારે તા.૧૩/૦૪/૨૦૨૬ સુધીમાં અંદાજે રૂ.૭,૦૨,૦૦૦/- જેટલું વ્યાજ ચૂકવી દીધું હતું. છતાં આરોપી સતત મુદ્દલ રકમની માંગણી સાથે ધમકીઓ આપતો હતો. જેથી આર્થિક અને માનસિક દબાણના કારણે ફરીયાદીએ તા.૧૫/૦૪/૨૦૨૬ના રોજ પોતાના કારખાને ઝેર પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલુ છે. આ બનાવ અંગે પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ તથા ગુજરાત મની લેન્ડર્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્વ.શાંતાબેન બરાસરાની ઉત્તરક્રિયા નિમિતે

# મોરબીમાં બરાસરા પરિવાર આયોજીત રક્તદાન કેમ્પમાં ૧૫૨ બોટલ રક્ત એકત્રિત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબીમાં સ્વ.શાંતાબેન મોહનભાઈ બરાસરાની ઉત્તરક્રિયા નિમિત્તે વરિયા વિદ્યોત્તેજક મંડળ, બરાસરા પરિવાર અને સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પ સવારે ૮ વાગ્યાથી શરૂ થઈને બપોરે ૧ વાગ્યા સુધી ચાલ્યો હતો.

આ સેવાકાર્યમાં વરિયા પ્રજાપતિ જ્ઞાતિના લોકો ઉપરાંત અન્ય રક્તદાતાઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. કુલ ૧૫૨ રક્તદાતાઓએ રક્તદાન કરીને ૧૫૨ બોટલ રક્ત એકત્ર કર્યું હતું અને સદ્ગતને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સંસ્થા દ્વારા જરૂરિયાતના સમયે રક્તદાન કેમ્પ યોજીને માનવતાનું ઉત્તમ કાર્ય કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પમાં જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ મણિલાલ સરડવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ કેમ્પમાં ૫૨મી વખત રક્તદાન કર્યું હતું.

# મચ્છુ-૩ ડેમમાંથી ડુબી જતાં યુવકનું મોત

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના જુના સાદુળકા સીમ વિસ્તારમાં આવેલા મચ્છુ-૩ ડેમમાંથી ૨૦ વર્ષીય યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી છે. મૃતક પાણીમાં ડૂબી જતાં મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે.

મોરબી તાલુકાના નવા સાદુળકા ગામે રહેતા રમેશભાઈ કેશુભાઈ પરમાર દ્વારા જાહેર કરવામાં આવેલ વિગતો મુજબ, તેમનો પુત્ર ચતુરભાઈ કેશુભાઈ પરમાર ઉવ.૨૦ ગઈકાલ તા. ૧૭/૦૪/૨૦૨૬ના રોજ જુના સાદુળકા સીમમાં આવેલ મચ્છુ-૩ ડેમમાં કોઈ કારણસર પાણીમાં ડૂબી ગયો હતો. જે બાદ પાણીમાંથી મૃત હાલતમાં યુવક મળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

# વાંકાનેર: મિલન પાર્કના રહેણાંકમાંથી વિદેશી દારૂની ૨૨ બોટલ સાથે મકાનમાલિક ઝડપાયો

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

વાંકાનેરના રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ મિલન પાર્ક સોસાયટીમાં રહેતા ક્રિપાલસિંહ જાડેજા પોતાના રહેણાંકમાં વિદેશી દારૂ રાખીબટેનું વેચાણ કરતા હોવાની મળેલ બાતમીને આધારે પોલીસે ઉપરોક્ત ઘરમાં રેઈડ કરી હતી, રેઈડ દરમિયાન વિદેશી દારૂની નાની-મોટી ૨૨ બોટલ કિ.રૂ.૧૪,૮૮૦/-મળી આવી હતી, જેથી હાજર રહેલ મકાન માલીક આરોપી ક્રિપાલસિંહ બાબુભા જાડેજા ઉવ.૪૧ની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# ચરાડવા ગામે મોબાઈલ બાબતે ઠપકો આપતા સગીરાએ જીવ આપ્યો

## ભાઈના આકરાવેણથી બહેનએ ઝેર પી જીવન ટૂંકાવ્યું

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના ચરાડવા ગામે ૧૭ વર્ષીય કિશોરીએ મોડે સુધી મોબાઈલ જોવા અંગે ભાઈએ ઠપકો આપવાનું મનોમન લાગી આવતા ઝેરી દવા પી લેતા પ્રથમ ચરાડવા અને બાદમાં મોરબી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. હાલ હળવદ તાલુકાના ચરાડવા ગામની સીમમાં પંકજભાઈ પટેલની વાડીમાં રહેતા મૂળ દેહદલા તા.જોબટ જી. અલીરાજપુર મધ્યપ્રદેશના પરિવારની ૧૭ વર્ષીય પુત્રી સીમાબેન પ્રતાપસીંગ ચૌહાણને તેના ભાઈ પવને રાતના મોડા સુધી મોબાઈલ ફોન જોવા બાબતે ઠપકો આપતા મરણ જનારને મનોમન લાગી આવતા પોતે પોતાની જાતે વાડીએ ગઈ તા-૦૫/૦૪/૨૦૨૬ ના સવારના છ વાગ્યાની આસપાસ પાકમા છાટવાની ઝેરી જંતુનાશક દવા પી જતા ઝેરી દવાની અસર થતા પ્રથમ ચરાડવા સરકારી હોસ્પીટલ બાદ ત્યાથી વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પીટલ ખાતે દાખલ કરતા ત્યા ચાલુ સારવાર દરમ્યાન ગઈ તા-૧૦/૦૪/૨૦૨૬ ના બપોરના બારેક વાગ્યાની આસપાસ સીમાબેનનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે સમગ્ર મૃત્યુના બનાવ અંગે હળવદ પોલીસે મૃતકના પિતા ઓએસેથી પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની જાણ કરી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

### મેરજા પરિવાર દ્વારા

# મોરબી : નારણકા ગામે બહુચરમાંના ભવ્ય મંદિરનું શુકવારે શિલા સ્થાપન

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબીઃ ૨૪ એપ્રિલે નારણકા ગામે બહુચર માઁના ભવ્ય મંદિરના શીલાસ્થાપનનો શુભારંભ થશે

મોરબી તાલુકાના નારણકા ગામે સમસ્ત મેરજા પરિવારના આસ્થાના કેન્દ્ર એવા કુળદેવી ભગવતી માઁ બહુચરાજી માતાજીના નૂતન, દિવ્ય અને ભવ્ય મંદિરના નિર્માણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પવિત્ર કાર્ય અંતર્ગત મંદિરના પ્રથમ શીલાસ્થાપન વિધિનો આગામી ૨૪ એપ્રિલ ૨૦૨૬, વૈશાખ સુદ આઠમ, શુક્રવારના રોજ સવારે ૮ વાગ્યાથી કરવામાં આવશે.

આ શુભ પ્રસંગે નારણકા સહિત બગથળા, હડમતીયા, થોરાળા, ચમનપર, માનસર, મહેન્દ્રનગર, સુરેન્દ્રનગર તથા મહેન્દ્રગઢ (ફગશિયા) સહિત વિવિધ વિસ્તારોમાં વસતા મેરજા પરિવારના સભ્યો તેમજ રોજગાર કે નોકરીના કારણે અન્યત્ર વસવાટ કરતા સમાજજનોને સહપરિવાર ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વિધિ પૂર્ણ થયા બાદ બપોરે ૧૨.૩૦ વાગ્યે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# અંજાર : જીકાસ પોર્ટલની ખામી મુદ્દે એબીવીપી દ્વારા રજૂઆત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




અંજારમાં આજે એબીવીપી દ્વારા જીકાસ પોર્ટલની ખામીઓ મુદ્દે મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. એસડીએમના માધ્યમથી આ રજૂઆત કરવામાં આવી છે.

કચ્છના અંજારમાં આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પૂર્વ કચ્છ દ્વારા જીકાસ પોર્ટલની ખામીઓ મુદ્દે વિરોધ નોંધાવતા મુખ્યમંત્રીને અંજાર એસડીએમના માધ્યમથી આવેદનપત્ર આપવામાં આવ્યું છે

એબીવીપીએ રજૂઆતમાં આક્ષેપ કર્યો છે કે ગુજરાત કોમન એડમિશન સર્વિસ જીકાસ પોર્ટલમાં અનેક ટેકનિકલ ખામીઓ સામે આવી રહી છે

વારંવાર સર્વર ડાઉન થવાના કારણે વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન અને એડમિશન પ્રક્રિયામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે

તે ઉપરાંત, ૩૦૦ રૂપિયાની રજીસ્ટ્રેશન ફી અને ૩૩ જેટલા રાઉન્ડ સુધી લંબાતી પ્રવેશ પ્રક્રિયા વિદ્યાર્થીઓ માટે તણાવજનક બની રહી છે

સૌથી મહત્વની વાત એ છે કે પ્રાઈવેટ યુનિવર્સિટીઓને આ પોર્ટલમાંથી બહાર રાખવામાં આવી છે, જેના કારણે વિદ્યાર્થીઓને અંતે મોંઘી ફી ચૂકવીને ખાનગી સંસ્થાઓમાં પ્રવેશ લેવાનો વારો આવે છે

આ મુદ્દે એબીવીપીએ સરકાર સમક્ષ ત્રણ મુખ્ય માંગણીઓ મૂકી છે. જીકાસ પોર્ટલમાં પ્રાઈવેટ યુનિવર્સિટીઓનો સમાવેશ,

પ્રવેશ પ્રક્રિયામાં સરળતા અને પારદર્શિતા, તેમજ રજીસ્ટ્રેશન ફી ઘટાડવા અથવા રદ્દ કરવાની માંગ.

સાથે જ એબીવીપીએ ચેતવણી આપી છે કે જો સમયસર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો રાજ્યભરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

# અંજાર: પ્રેમ પ્રકરણમાં થયેલી હત્યાના ગુનામાં બે ઝડપાયા



**અબ તક, ભારતીમાખીજાની ગાંધીધામ**

અંજાર શહેરના ગંગાનાકા પાસે બી.એમ.પેટ્રોલ પંપ ખાતે થયેલ ખુનના ગુનાનો ગણતરીની કલાકમાં ભેદ ઉકેલી ગુનાને અંજામ આપનાર મુખ્ય આરોપીને મદદગારી કરનાર બે આરોપીઓ મહેશ લખુભાઈ કેરાસીયા, શબ્બીર અબ્દુલકરીમ બાયડ વાળાને ઝડપી પાડ્યા હતા અને પુછપરછ કરતા મરણ જનારના પ્રેમસબંધના કારણે દુશ્મનાવટ હોવાથી તેને હાલ ફરાર મુખ્ય આરોપી અસલમ ઉર્ફેઅબો મામદ સમા(રહે. સુવઈ, તા.રાપર)વાળાએ છરીના ઘા મારેલ તથા આ બંને આરોપીઓએ મદદ કરી હોવાની કબુલાત આપી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૧૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન કબજે કરી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને મુખ્ય આરોપી અસલમ ઉર્ફે અબો મામદ સમાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.આ કામગીરીમાં અંજાર પીઆઈ એચ.એ.જાડેજા, એલસીબી પીઆઈ જે.એમ.વાળા તથા પીએસઆઈ એસ.જી.વાળા તથા એલ.સી.બી. ટીમ તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

# હળવદના મયાપુર ગામે જમીન વિવાદમાં દંપતી પર હુમલો

## ખેતર ખાલી કરો કહી લાકડાના ધોકા અને ઢીકાપાટુથી મારકૂટ, જાનથી મારી નાખવાની છ શખ્સોએ આપી ધમકી

**અબતક, રૂષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના મયાપુર ગામે જમીન વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં દંપતી પર હુમલો થયાનો બનાવ સામે આવ્યો છે. આરોપીઓએ આ ખેતર અમારું છે કહી દંપતીને ખેતર ખાલી કરવા દબાણ કર્યું હતું. ત્યારે ખેડૂત દ્વારા જમીન અંગે કોર્ટ કેસ ચાલે છે તેમ કહી જમીન ખાલી કરવા ઈન્કાર કરતાં, આરોપીઓએ ગાળો આપી લાકડાના ધોકા અને ઢીકાપાટુથી મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનામાં પતિ-પત્ની બન્નેને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. હાલ પોલીસે છ શખ્સો સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બળદેવભાઈ કણઝરીયા ઉવ.૫૦ રહે. મયાપુર તા. હળવદ વાળા ગઈકાલ તા.૧૭ના રોજ મયાપુર ગામની સીમમાં આવેલી ગામોટીયું નામની વાડી ખાતે પોતાની પત્ની રમીલાબેન સાથે ખેતીકામ કરી રહ્યા હતા ત્યારે આરોપી દિલીપભાઈ ધરમશીભાઈ પટેલ અને મુનાભાઈ ભરવાડ બન્નેરહે. હળવદ તથા અન્ય ચાર અજાણ્યા શખ્સો સ્કોર્પિઓ, ક્રેટા તથા ટ્રેક્ટર એમ અલગ અલગ વાહનોમાં ત્યાં આવ્યા અને આરોપીઓએ ખેતર પોતાનું હોવાનું કહી ખાલી કરવાની માંગણી કરી હતી. ત્યારે ફરિયાદીએ કોર્ટ કેસ ચાલુ હોવાનું કહી ઈન્કાર કરતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગાળો આપી લાકડાના ધોકા અને ઢીકાપાટુથી બળદેવભાઈ અને તેમની પત્નીને માર મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી દંપતીને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવ અંગે હળવદ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ તથા જી.પી. એક્ટ કલમ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પોરબંદરના સુભાષનગરમાં પાંચ દિવસથી પાણી વિતરણ ઠપ્પ: લોકોમાં રોષ

## સુભાષનગરમાં પાણી ન મળે તો ગ્રામજનોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

**અબ તક પૂજા થાનકી પોરબંદર**

પોરબંદર ના સુભાષનગરમાં ઉનાળે પીવાના પાણીનો પોકાર ઉઠ્યો છે પાંચ દીથી સુભાષ નગરમાં પાણી વિતરણ બંધ રહેતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

સુભાષ નગર ના સતી આઈ મંદિર આસપાસના વિસ્તારોમાં હજારોની વસ્તીને પાંચ દીથી પાણી મળ્યું નથી, ઘર ઘરમાં પાણીનો સંગ્રહ પૂરો થઈ જતા હવે લોકોને પીવાનું પાણી વેચાતું લેવાની ફરજ પડી રહી છે.

સુભાષ નગરના લોકો પોરબંદર જેટલો જ વેરો ભરે છે, તેમ છતાં પાણી સહિતની પ્રાથમિક સુવિધાથી વંચિત રહેતા હોવાનો રોશા ભભૂકી ઉઠ્યો છે સુભાષનગર માં પીવાના પાણી વિતરણ માટે યોગ્ય આયોજન કરી વિતરણ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સ્થાનિક લોકોએ ફરિયાદ ઉઠાવી છે કે મનપા દ્વારા પાંચ દિવસથી પીવાનું પાણી અપાયું નથી ,ઉનાળા દરમિયાન પાણી વધારે વપરાતો હોય અને આ ઋતુમાં પુષ્કળ પાણી ની જરૂરિયાત પડે તેવા સમયમાં પીવાનું પાણી વિતરણ ન થતા સ્થાનિકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

સુભાષ નગર વિસ્તારમાં ગાર્ડન સહિતની અનેક પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે ,લોકો પાસેથી વેરો પૂરતો વસૂલવામાં આવે છે પરંતુ જરૂરી સુવિધા આપવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોવાનું આક્ષેપ થઈ રહ્યો છે.

સુભાષ નગર માં ચૂંટણીમાં લોકો ચીવટ પૂર્વક મતદાન કરે છે પરંતુ નાગરિકોની પ્રાથમિક સુવિધા અંગે કોઈ દરકાર લેવા તી નથી ,સુભાષ નગરમાં પાણી વિતરણ વ્યવસ્થા જો શરૂ નહીં થાય તો આ વખતે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં મતદાન કરવા લોકો બહાર જ નહીં નીકળે તેવી લાગણી પ્રવત્તિ રહી છે, અને લોકો મતદાનથી અલિપ્ત રહે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી આવી છે.

# ઈડરના એકલારામાં રહેણાંક વિસ્તારમાં ધમધમતો તમાકુનો વેપલો બંધ કરાવવા માંગ

## આરોગ્ય માટે જોખમી પ્રવૃત્તિ સામે તંત્રના આંખ આડા કાનની ફરિયાદ

**અબતક સંજયદીક્ષિત ઈડર**



સાબરકાંઠાના ઈડર તાલુકાના એકલારા ગામે રહેણાંક વિસ્તારમાં ચાલતા તમાકુના વેપાર નેલઈને નાગરિકોમાં નારાજગી ફેલાય છે, જાગૃત નાગરિક દ્વારા જીએસટી અને પોલીસ વિભાગને લેખિત અને વિડીયો મારફત જાણ કરી રહેણાંક વિસ્તાર માંતમાકુ વેચાણ થી બંધ કરાવવા માંગ કરી છે.

એકલારા ગામના એક વેપારી પોતાના ઘરમાં તમાકુ ખરીદ વેચાણ નોધંધો કરતા હોય રહીશ વિસ્તારમાં સતત તમાકુ ભરેલા વાહનોની અવરજવર અને રસ્તા પર ખડકાતાતમાકું ના ઢગલાઓના કારણે હવામા તમાકુની રજ ઊડી ને બાળકો વૃદ્ધોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો કર્યો છે આ અંગે જાગૃત નાગરિક નિરંજનભાઈ ઈશ્વરભાઈ પટેલે વેપારીને ધંધો રહેણાંક વિસ્તારથી દૂર કરવા સમજાવતા'' હું મારા ઘરમાં ધંધો કરું છું'' તમારાથી થાય તે કરી લેજો એવું વર્તન કર્યું હતું. નિરંજન ભાઈએ વેપારી કોઈપણ જાતની મંજૂરી કે લાયસન્સ વિના ધંધો કરતો હોવાની રજૂઆત સાથે પોલીસમાં લેખિત ફરિયાદ સાથે જીએસટી, સેલટેક્સ અને આરોગ્ય તંત્રને પણ લેખિત અને વિડીયો મારફતે રજૂઆત કરી આ પ્રવૃત્તિ રહેણાક વિસ્તારમાંથીદૂર કરવા માંગ કરી છે

# ગોંડલમાં કારમાંથી રૂ.૩.૧૨ લાખનો શરાબ પકડાયો :બુટલેગર એજાઝ ઉર્ફે કેસેટ ફરાર

## બાવળના ઝાડ પાસેથી દારૂ ભરેલી કાર ઝડપી લીધી, વોર કોટડા રોડ પર રહેતા બુટલેગરની : દહીસરામાં વાડીમાંથી દારૂ ઝડપાયો

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે દારૂની રેલમછેલ અટકાવવા પોલીસ દ્વારા કડક પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. દરમિયાન રાજકોટ જિલ્લા પોલીસે ગોંડલ, જેતપુર અને ભાડલામાંથી દારૂનો જથ્થો ઝડપી લીધો છે. જેમાં ગોંડલ બી ડિવિઝન પોલીસે કારમાંથી મોંઘેરી શરાબની ૩૪ બોટલ કિં.રૂ. ૩.૧૨ લાખનો જથ્થો અને કાર સહિત રૂ. ૮.૧૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે આરોપી હાથ લાગ્યો ન હોય તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ એમ.જે.ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ શકિતસિંહ જાડેજા, કોન્સ્ટેબલ સુરપાલસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ ગોહિલ, વિપુલભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી બાતમી મળી હતી કે, ગોંડલના વોરા કોટડા રોડ પર આવાસ કવાર્ટરમાં રહેતા એજાજ ઉર્ફે કેસેટ યુસુફભાઈ સલોટ પોતાની આઈ-૨૦ કાર નંબર જીજે ૩ કેસી ૮૮૪૭ માં ઈંગ્લિશ દારૂનો જથ્થો રાખી વોરા કોટડા રોડ પંચ પીરની ધાર પાસે ખરાબાની જગ્યા ઉપર બાવળની જાળી જાખરીમાં રાખી દારૂનું વેચાણ કરે છે.

આ બાતમીના આધારે પોલીસની ટીમે અહીં દરોડો પાડતા આઈ-૨૦ કાર મળી આવી હતી પરંતુ કોઈ શખ્સ હાજર ન હતું. પોલીસે કારમાંથી ડબલ કોચ વિહસ્કી, જોની વોકર સહિત મોંઘેરી શરાબની ૩૪ બોટલ કિંમત રૂ. ૩,૧૨,૭૦૦ અને કાર સહિત કુલ રૂપિયા ૮,૧૨,૭૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે બુટલેગર એજાઝ ઉર્ફે કેસેટ હાજર ન હોય તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દારૂના અન્ય દરોડામાં ભાડલા પોલીસ મથકના સ્ટાફે દહીસરા ગામની સીમમાં દીપકભાઈ મેરાભાઈ માલકીયાની વાડીમાં દરોડો પાડતા અહીંથી રૂપિયા ૯,૫૦૦ ની કિંમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે દારૂનો આ જથ્થો કબજે કરી અહીં વાડીમાં દારૂ રાખનાર દિપક માલકીયા (રહે. દહીસરા)ને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# જેતપુર પાસે અકસ્માતગ્રસ્ત કારમાંથી અઢી લાખ નો શરાબ પકડાયો

જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળાથી હનુમાન ખીજડીયા જવાના રસ્તે વસંતભાઈ મનજીભાઈ ભુવાના ખેતર પાસેથી સ્વીફ્ટ કાર નંબર જીજે ૩ ઈએલ ૦૪૮૧ ને ઝાડ સાથે અકસ્માત થતા કાર અહીં રેઢી મૂકી ચલાક નાસી ગયો હતો. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી ૨,૫૪,૯૨૨ ની કિંમતના ૧૫૮૪ દારૂના ચપલા મળી આવ્યા હતા. પોલીસે દારૂનો આ જથ્થો અને કાર સહિત ૫,૫૪,૯૨૨ નો મુદ્દામાલ કબજે કરી કારચાલકને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# ગોંડલ સરકારી હોસ્પિટલમાં વોર્ડમાં સુવા બાબતે યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

## તારે અહીં આવવું નહીં કહી જ્ઞાતિ અંગે હડધૂત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના બંધીયા ગામે રહેતા યુવાનને ગોંડલ સરકારી હોસ્પિટલમાં વોર્ડમાં સુવા બાબતે ત્રણ શખસોએ માર મારી જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો કહી ધમકી આપી હતી. .બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલના બંધીયા ગામે રહેતા કાંતિભાઈ માયાભાઈ રાઠોડ (ઉ.વ. ૪૦) નામના યુવાને ગોંડલના અર્જુન મહેન્દ્ર ચૌહાણ, નવાઝ હનીફભાઈ જાનવાણી અને એક અજાણ્યા શખસનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા. ૧૫/૪ ના તેના પત્ની કંચનબેન બીમાર હોય જેથી ગોંડલ સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. રાત્રિના પોણા અગિયાર વાગ્યા આસપાસ તે પત્ની સાથે મહિલા બોર્ડમાં બેઠો હતો ત્યારે ફરજ પરના કર્મચારીએ મહિલા પાસે રહેવાની ના પાડતા તે પુરુષ વોર્ડમાં બેસવા માટે ગયો હતો.

અહીં અર્જુન બેઠો હતો અને તેણે કહ્યું હતું કે, તું અહીંથી જતો રહે તારે અહીં આવવું નહીં તેમ કહી યુવાને નીચે મોકલી દીધો હતો. થોડીવાર બાદ યુવાન ફરી પુરુષ વોર્ડમાં જવા માટે સીડી ચડતો હતો ત્યારે અર્જુનના મિત્રો નવાજ અને અજાણ્યો શખસ તેની પાસે આવ્યો હતો અને કહ્યું હતું કે, ચાલ તને અર્જુનભાઈ બોલાવે છે તેમ કહી યુવાનનો શર્ટનો કોલર પકડી અર્જુન પાસે લઈ ગયા હતા. જ્યાં અર્જુને યુવાનને જ્ઞાતિ વિશે પૂછી અપમાનજનક શબ્દો કહ્યા હતા બાદમાં આ ત્રણેય શખસોએ કહ્યું હતું કે, તને અહીં આવવાની ના પાડી છે છતાં તું કેમ અહીં આવ્યો તેમ કહી ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો અને દવાખાનાના બેડ પર પછાડી દીધો હતો. બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી આ અંગે યુવાને ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# તમિલનાડુમાં વેકેશન માણવા જતા શિક્ષકોની વાન ખીણમાં ખાબકી, ૯ના મોત

## કેરળની એક શાળાના શિક્ષકો, અન્ય સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૬ લોકો વેકેશન મનાવવા તમિલનાડુના પ્રવાસે આવ્યા હતાઃ પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ



**અબતક, રાજકોટ**

તમિલનાડુના વાલપરાઈમાં શુક્રવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કેરળથી પ્રવાસે આવેલા શિક્ષકો અને તેમના પરિવારજનોની વાન ઉંડી ખીણમાં ખાબકતા ૯ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

કેરળની એક શાળાના શિક્ષકો, અન્ય સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૬ લોકો વેકેશન મનાવવા તમિલનાડુના પ્રવાસે આવ્યા હતા. તેઓ પ્રસિદ્ધ અતિરાપલ્લી વોટરફોલ જોઈને વાલપરાઈ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ચાલકે વાન પરથી કાબૂ ગુમાવતા વાન સીધી ઉંડી ખીણમાં ખાબકી હતી. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ખીણમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. કેરળ પોલીસ આ મામલે તમિલનાડુ પોલીસના સતત સંપર્કમાં છે. દુર્ઘટનાના સમાચાર મળતા જ શાળાના વાલીઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં શાળાએ ઉમટી પડ્યા હતા, સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અકસ્માત અંગે ઘેરા દુખની લાગણી વ્યક્ત કરી છે. તેમણે ટ્વીટ કરીને મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના પ્રગટ કરી અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી છે. કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયને પણ આ ઘટનાને અત્યંત પીડાદાયક ગણાવી છે અને અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય મદદની ખાતરી આપી છે.

# જૂનાગઢમાં સ્પોર્ટસના સાધનોની આડમાં દારૂનો વેપલો કરતા બે પકડાયા

## બે શખ્સોને રૂ.૭૬,૮૦૦ની કિંમતની ૮૧ બોટલ સાથે પકડી પાડ્યા



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ એમ.જી. રોડ ઉપર આવેલ શ્રીજી સેલ્સ નામની દુકાનેથી સ્પોર્ટસના સાધનોની આડમાં છુટક વિદેશી દારૂનુ વેંચાણ કરતા બે ઈસમોને ભારતીય બનાવટના વિદેશી દારૂની રૂ. ૭૬,૮૦૦ ની કિંમતની ૮૧ બોટલ સહિત કુલ કિ. રૂ. ૧,૩૬,૮૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી પ્રોહીબીશન ધારા હેઠળ ગણનાપાત્ર કેસ જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ, શોધી કાઢયો છે.

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના તેમજ પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ દેશી/વિદેશી દારૂની બદીને નેસ્તનાબુદ કરવા કડક સુચના કરેલ હોય. જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. કૃણાલ એમ. પટેલ તથા પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય, દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના પો. સબ ઈન્સ. ડી.કે.પટેલ તથા સ્ટાફના માણસોને સંયુકતમાં ખાનગી બાતમીદારો મારફતે ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, જૂનાગઢમાં ઈમરાન ગુલામ મહમદ પટણી તથા જયદિપ સુરેશભાઈ ચરાડવા શહેરના એમ.જી. રોડ, સુભાષ પાણીપુરીની સામેની ગલીમાં આવેલ પોતાની શ્રીજી સેલ્સ કોર્પોરેશન નામની દુકાનમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો રાખી અને છુટક વેચાણ કરે છે. જે ચોક્કસ હકિકતના આધારે બાતમી હકિકતવાળી જગ્યા શ્રીજી સેલ્સ કોર્પોરેશન નામની દુકાને પહોંચી તપાસ કરતા સ્પોર્ટસના સાધનોની આડમાંથી એક પુઠાની પેટીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાની બોટલો મળી આવતા, બન્ને ઈસમોની ધોરણસર અટક કરી હતી.

પોલીસે આ દરોડા દરમિયાન રૂ.૭૬,૮૦૦ની કિંમતની ૮૧ વિદેશી દારૂની બોટલ તથા મોબાઈલ ફોન નંગ-૨ મળી કુલ રૂ. ૧,૩૬,૮૦૦નો મુદામાલ કબજે લીધો હતો, તથા આરોપીઓની પૂછપરછ દરમિયાન ભરત જોબનપુત્રા ઉર્ફે સોડા વાળો (રહે. જૂનાગઢ, અંબિકા ચોક) નું આ ગુન્હામાં નામ ખુલતાં ત્રણેય આરોપીઓ સામે પ્રોહીબીશન ધારા હેઠળ જૂનાગઢ એ ડીવીઝન પો.સ્ટે. ખાતે ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

# ભચાઉઃ પોકસોના ગુનાનો આરોપી ઝડપાયો

## ગાંધીધામ દુષ્કર્મનો આરોપી જયસુખ સોલંકીને દબોચ્યો

**અબતક ભારતી માખીજાણી ગાંધીધામ**

ભુજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોકસો ના ગુનાનો આરોપી સિતારમપુરા રહેતો લાલો ઉર્ફે પપ્પુ રવા કોળી ને ભચાઉ પોલીસ સ્ટેશનની ટીમે પકડી પાડ્યો હતો અને ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના દુષ્કર્મનો આરોપી જુની સુંદરપુરી રહેતો જયસુખ ભીખાભાઈ સોલંકી ને ગાંધીધામ પોલીસે ગણતરીની કલાકોમાં પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી .આ અંગે મળતી માહિતી મુજબ રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા અને એસ.પી સાગરબાગ દ્વારા ગંભીર પ્રકારના ગુનાઓ અટકાવવા અને શોધી કાઢવા સૂચના આપેલ અન્વયે ગાંધીધામ એ





ડિવિઝન પોલીસ સ્ટેશન અને ભચાઉ પોલીસ ટીમને મળેલ બાતમી આધારે પોકસોના ગુનાનો આરોપી સિતારમપુરા રહેતો લાલો ઉર્ફે પપ્પુ રવા કોળી ને ગણતરીની કલાકોમાં પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના દુષ્કર્મના ગુનાનો આરોપી જૂની સુંદરપુરી રહેતો જયસુખ ભીખાભાઈ સોલંકી ને ગાંધીધામ એ ડિવિઝન પોલીસે ગણતરીની કલાકોમાં પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી આ કામગીરીમાં ભચાઉ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતના અને ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશન પી.આઈ એમ જે રાઠોડ અને પી.એસ.આઈ.જેડી પરમાર સહિતનાઓ રોકાયા હતા.

# પાટડીના શક્તિનગર ખાતે જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા

## રોકડ રૂ.૨૧,૭૯૦ સહિતનો મુદામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં કરી રહ્યો હતો જે દરમિયાન શક્તિનગર ખાતે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમીને આધારે સ્થાનિક પોલીસે રેઈડ કરી ગંજીપાના વડે જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સો દશરથભાઈ પુનાભાઈ કોળી, પરબતભાઈ હમીરજી મોઢેર, સાહિલભાઈ રમેશભાઈ ઠાકોર, મેરાભાઈ કમાભાઈ ચાચાલી, ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમભા પોપટસિંહ ઝાલા, સંજયકુમાર ઉર્ફે કિરણ જગાજી ઠાકોર, સોયબભાઈ મહેબુબભાઈ પઠાણ, વિષ્ણુભાઈ ચુડાભાઈ વાસાણી, જયદીપભાઈ ઈશ્વરભાઈ સોલંકી તથા ધીરુભાઈ ગીધાભાઈ મકવાણાને રોકડ રૂ.૨૧,૭૯૦ નો મુદામાલ જપ્ત કરી તમામ વિરુધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી નજીક કારમાં વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશઃ ૬૩૬ બોટલ શરાબ પકડાયો

## એલસીબીએ દરોડો પાડી પાયલોટીંગ કરતી કાર સહિત બે કાર મળી રૂ.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જેઃ ત્રણ શખ્સની ધરપકડ



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમરેલી એલ.સી.બી. ટીમે ગેરકાયદેસર ભારતીય બનાવટની વિદેશી દારૂની હેરફેર કરતા ત્રણ ઈસમોને ઝડપી પાડીને બે કાર સહિત કુલ રૂ. ૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસ દ્વારા ૬૩૬ બોટલ દારૂ સાથે મોબાઈલ ફોન અને વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા જિલ્લામાં દારૂના વેચાણ, સંગ્રહ અને હેરફેર કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા માટે પોલીસને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સૂચનાઓના અનુસંધાને અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલાની માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે લાઠી તરફથી અમરેલી તરફ એક સફેદ કલરની ક્રેટા કારમાં ગેરકાયદેસર દારૂનો જથ્થો આવી રહ્યો છે અને તેની આગળ ગ્રે કલરની સ્વિફ્ટ કાર પાઈલોટીંગ કરી રહી છે.

બાતમીના આધારે પોલીસ ટીમે વોચ ગોઠવી બંને કારને રોકી તપાસ કરતા ૬૩૬ બોટલ ભારતીય બનાવટની વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે બંને કાર, મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૭,૦૯,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી મનોજ વિરેન્દ્રકુમાર મહેતા (ઉ.વ. ૨૮), રહે. હરિયાણા, રામસિંહ શંભુસિંહ સિસોદિયા (ઉ.વ. ૩૨), રહે. અમદાવાદ, શંભુસિંહ કેસરસિંહ સિસોદિયા (ઉ.વ. ૩૨), રહે. રાજસ્થાન મળી ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા. જ્યારે વિરેન્દ્ર ઉર્ફે વીજપાલ જોગી, યુવરાજ, લાલો પ્રજાપતિ અને કાનો મળી ચાર શખ્સોને ઝડપી પાડવા પોલીસે કવાયત શરૂ કરી છે. પોલીસે પકડાયેલા શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢઃ વોન્ટેડ બુટલેગરને રાજકોટથી દબોચ્યો

## ભેંસાણના અપહરણ અને ખંડણીના ગુનામાં નાશતો ચરતો શખ્સ પકડાયો





**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ. કૃણાલ એમ. પટેલને ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સથી ચોક્કસ માહીતી મળેલ કે, જૂનાગઢ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનના સને ૨૦૨૪ ના પ્રોહી કલમ તથા જૂનાગઢ સીટી સી ડીવીઝન પોલીસ સ્ટેશનના સને ૨૦૨૩ના પ્રોહી કલમ મુજબના કામેનો આરોપી ભરત અરશીભાઈ ઓડેદરા (રહે. ભાવપરા તા.જી.પોરબંદર) રાજકોટ ખાતે હોવાની હકિકત મળતા, તુરત જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ રાજકોટ ખાતે રવાના કરી, રાજકોટ ખાતે સ્થાનીક સોર્સ ઉભા કરી, તપાસ કરતા આરોપી ભરત અરશીભાઈ ઓડેદરા મળી આવતા, આ ઈસમને હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે જૂનાગઢ શહેર બી ડીવીઝન પો.સ્ટે.ને સોંપવામાં આવેલ છે.

ભેસાણ ગુનાના કામનો છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી શૈલેશગીરી રમેશગીરી ગોસાઈ (રહે, પુનીત નગર ચામુંડા સોસાયટી શેરી નં-૦૨ પાણીના ટાકા પાસે, રાજકોટ) તેના રહેણાક મકાનેથી હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે ભેંસાણ પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

# ખાંભાની ભુંડણી નદીમાં માતાની નજર સામે બે પુત્રોનું ડૂબી જવાથી મોત

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ભૂંડણી ગામે એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ભુંડણી નદીમાં ડૂબી જવાથી બે સગા ભાઈઓના મોત નિપજ્યા છે. માતાની નજર સામે જ બે પુત્રો પાણીમાં ગરકાવ થઈ જતાં મહીડા પરિવાર પર આભ ફાટ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, ભુંડણી ગામે રહેતા રુદ્ર નાજાભાઈ મહીડા (ઉં ૧૦) અને પાર્થ નાજાભાઈ મહીડા (ઉં ૮) ગઈકાલે તેમની માતા સાથે ગામની નદી કાંઠે ગયા હતા. માતા નદી કિનારે કપડા ધોવામાં વ્યસ્ત હતા ત્યારે બંને ભાઈઓ નજીકમાં રમી રહ્યા હતા. રમતા રમતા બંને બાળકો અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, બાળકોને ડૂબતા જોઈ માતાએ બૂમાબૂમ કરી હતી, માતાની ચીસાચીસ સાંભળી તાત્કાલિક નદીએ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ બંને ભાઈઓને પાણીમાંથી બહાર કાઢી તાત્કાલિક ૧૦૮ મારફતે રાજુલાની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જોકે હોસ્પિટલના તબીબોએ તપાસ બાદ બંનેને મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રુદ્ર અને પાર્થ આ પરિવારના માત્ર બે જ પુત્રો હતા. એકસાથે બે વ્હાલસોયા પુત્રોના મોતના સમાચાર મળતા જ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતા ખાંભા પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઘટનાની જાણ થતા રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકીએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘‘આ ઘટના અત્યંત આઘાતજનક છે. મેં હોસ્પિટલ પ્રશાસન સાથે સતત સંપર્ક રાખ્યો હતો, પરંતુ કમનસીબે બાળકોને બચાવી શકાયા નથી. દુઃખની આ ઘડીમાં અમારી ટીમ પરિવારની સાથે છે.

# જેતપુરમાં મહિલા વ્યાજખોરોના ભરાડામાં યુવાન ફસાયો

## પિતાની સારવાર માટે લીધેલા રૂ.૪.૫૦ લાખનુ દોઢ લાખ વ્યાજ ચૂકવ્યુ છતા વધુ રૂ.૬.૫૦ લાખની ઉઘરાણી

**અબતક,રાજકોટ**

જેતપુરમાં રહેતા યુવાને પિતાની હાર્ટ એટેક ની સારવાર માટે જેતપુરમાં જ રહેતી મહિલા પાસેથી રૂ. ૪.૫૦ લાખ વ્યાજે લીધા હતા જેના બદલામાં આ મહિલાએ યુવાનના દાગીના ધરાર ગીરવે લઈ લીધા હતા. અત્યાર સુધી યુવાને દોઢ લાખ વ્યાજ ચૂકવી દીધું હોવા છતાં યુવાન પાસેથી સાડા ત્રણ લાખ વ્યાજ તથા પેનલ્ટી અને મૂડીના પૈસા મળી ૬.૫૦ લાખની ઉઘરાણી કરતા યુવાને આ અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.જેતપુરમાં જગાવાળાચોરા સૂર્ય વંદના કોમ્પલેક્ષમાં રહેતા પૃથ્વીરાજ સુરેશભાઈ ધાધલ (ઉ.વ.૩૩) નામના યુવાને મનીષાબેન કરપડા સામે વ્યાજની પઠાણી ઉઘરાણી કરી આ અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે વર્ષ ૨૦૨૧ માં યુવાનના પિતા સુરેશભાઈને હાર્ટ એટેક આવતા સારવાર માટે અમદાવાદ તથા રાજકોટ દાખલ કર્યા હતા. પિતાની સારવાર માટે પૈસાની જરૂરિયાત હોય જેથી જે તે સમયે દાગીના પર કટકે કટકે ગોળ લોન લીધી હતી. પરંતુ વધારે લોન મળી શકે તેમ ન હોય જેથી તેણે પોતાના મિત્ર હાર્દિકને વાત કરતા તેણે મનિષાબેન ઉર્ફે મચ્છાબેન કરપડા (રહે. જેતપુર) વ્યાજે પૈસા આપે છે તેવી વાત કરી હતી અને તેનો સંપર્ક કરાવ્યો હતો.

બાદમાં યુવાને વર્ષ ૨૦૨૧ માં મનિષાબેન પાસેથી રૂપિયા અઢી લાખ બે ટકા વ્યાજ લીધા હતા. જે રૂપિયા મનિષા બેને ગોલ્ડ લોનમાં ભરી સોનાનો હાર, બે વીંટી છોડાવીને બારોબાર બળજબરીથી પોતાની પાસે ગીરવે રાખી દીધી હતી. વ્યાજ લીધેલા પૈસાનું માસિક રૂ. ૫,૦૦૦ વ્યાજ યુવાન ૧ થી ૫ તારીખમાં ચૂકવતો હતો ત્યારબાદ એકાદ મહિના પછી તેને વધુ પૈસાની જરૂરિયાત પડતા મનિષાબેન પાસેથી રૂ. ૫૦ હજાર ૨ ટકા વ્યાજે લીધા હતા. જે રૂપિયા પણ મનિષાબેને ગોલ્ડ લોનમાં ભરી સોનાની બુટ્ટીની જોડી તથા સોનાનો ચાંદલો છોડાવી ફરજીયાત પોતાની પાસે ગીરવે રાખી દીધો હતો યુવાન કુલ ત્રણ લાખનું માસિક રૂપિયા ૬ હજાર વ્યાજ ચૂકવતો હતો. દોઢ એક મહિના પહેલા ફરી પૈસાની જરૂરિયાત પડતા મનિષાબેન પાસેથી રૂ. ૧.૫ લાખ બે ટકા વ્યાજે લીધા હતા. જેના બદલામાં આ મનીષાએ ગોલ્ડ લોનમાં ભરી યુવાનની સોનાની બુટ્ટીની જોડી, સોનાનો ચેન છોડાવી ગીરવે રાખી દીધા હતા. કુલ ચાર લાખ રૂપિયા યુવાને વ્યાજે લીધા હતા જેનું માસિક રૂપિયા ૯,૦૦૦ વ્યાજ તે રોકડમાં મનિષાબેનને ચૂકવતો હતો યુવાને એક જ વર્ષ સુધી વ્યાજ ચૂકવ્યા બાદ તેની પાસે પૈસાની સગવડ થતા મૂડી રૂ.૨.૫૦ લાખ મનિષાબેન પાસે જમા કરાવી અડધા દાગીના તેની પાસેથી પરત માંગતા એક સોનાનો હાર આપ્યો હતો. બાદમાં નવ માસ સુધી માસિક રૂપિયા ૪૦૦૦ વ્યાજ મનીષાબેનને ચૂકવ્યું હતું અને અત્યાર સુધીમાં દોઢ-બે કલાક વ્યાજ ચૂકવ્યું છે બાદમાં આર્થિક સ્થિતિ સારી ન રહેતા તે વ્યાજ ચૂકવી શકતો ન હતો જેથી આ મનીષા ઘરે આવી યુવાન તથા તેના માતા પાસે વ્યાજની ઉઘરાણી કરતી હતી તેમ યુવાનની બહેન ના ઘરે જઈ તારા ભાઈને કહેજે મારા વ્યાજના રૂપિયા આપી દે કહ્યું ઉઘરાણી કરતી હતી.યુવાન પાસે પૈસાની સગવડ થતાં બે મિનિટ મનીષાબેન પાસે મૂડીના રૂપિયા બે લાખ જમા કરાવવા ગયેલ તો મનીષા એ કહ્યું હતું કે, રૂપિયા સાડા ત્રણ લાખ વ્યાજ તથા પેનલ્ટીના એક લાખ લગાડી મને ૬.૫૦ લાખ આપો તો હું તમારા દાગીના પાછા આપીશ આવી વાત કરતા અંતે યુવાને આ મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે મની લેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

# જામજોધપુરના તરસાઈ ગામનો ફરાર બુટલેગર નવ માસે ઝડપાયો

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનામાં ૯ માસથી નાસતો ફરતો આરોપી જામજોધપુર તાલુકાના તરસાઈ ગામે રહેતો આરોપી સંજય આલાભાઈ કોડીયાતર ને જામજોધપુર પોલીસ સ્ટેશન ની ટીમ દ્વારા તરસાઈ ગામમાં આવેલ બાપા સીતારામ ની મઢુલી પાસેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી

આ અંગે મળતી માહિતી મુજબ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાયની, એસ.પી. રવિ મોહન સૈની દ્વારા નાસતા ફરતા આરોપીને પકડી પાડવા સુચના અન્વયે જામજોધપુર પોલીસ સ્ટેશન માં નોંધાયેલ દારૂના ગુના નો આરોપી જામજોધપુર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં દરમિયાન દારૂના ગુનામાં નવ માસથી ફરાર સંજયનગર ડેરીવાળા રોડ પર જૂનાગઢમાં રહેતો આરોપી સંજયભાઈ આલાભાઈ કોરીયાતર ઉંમર વર્ષ ૨૨ જામજોધપુર જિલ્લાના તરસાઈ ગામે બાપા સીતારામ ની મઢુલી પાસેથી ઝડપી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી આ કામગીરીમાં પી.આઈ એન બી ચૌહાણ, એ.એસ.આઈ લખમણભાઈ ચાવડા, એર કોન્સ્ટેબલ અશોકભાઈ ગાગીયા સહિતનો સ્ટાફ રોકાયો હતો

### ઈરાન–ઈઝરાયેલ–અમેરિકા વચ્ચેનો તણાવ હવે શાંત થવા તરફ

# વિશ્વ આખાને રાહતઃ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ તમામ જહાજો માટે ખુલ્લું મૂક્યું

## દોઢ મહિનાથી ચાલી રહેલો તણાવ ઘટ્યો, ક્રૂડ ઓઈલના ભાવમાં ૧૦%થી વધુનો કડાકો



**અબતક, નવી દિલ્હી**

ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને તમામ કોમર્શિયલ જહાજો માટે સંપૂર્ણપણે ખોલી દેવામાં આવતા વૈશ્વિક વેપાર અને એનર્જી માર્કેટ માટે એક મોટી રાહતના સમાચાર સામે આવ્યા છે. આ સાંકડા દરિયાઈ માર્ગને લઈને છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહેલો તણાવ હવે ઓછો થશે. આ દરમિયાન અમેરિકા તરફથી પણ સતત સંકેત મળી રહ્યા છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં કોઈ મોટી સમજૂતી થઈ શકે છે, જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ સ્થપાવાની આશા જાગી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેના ગતિરોધનું જેટલું મોટું કારણ તેહરાનનો પરમાણુ કાર્યક્રમ છે, તેટલું જ મોટું કારણ હોર્મુઝ પણ બની ગયું હતું. બંને દેશો વચ્ચે પ્રથમ તબક્કાની વાતચીત નિષ્ફળ જવા પાછળનું એક મુખ્ય કારણ હોર્મુઝ જ હતું. આ ઉપરાંત લેબેનોન પર ઈઝરાયેલના સતત હુમલાઓને કારણે વાતચીત અત્યંત અવિશ્વાસભર્યા માહોલમાં થઈ હતી. પરંતુ હવે ઈઝરાયેલ અને લેબેનોન ૧૦ દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયા છે, તેથી ઈરાને પણ સકારાત્મક વલણ દાખવીને હોર્મુઝ ખોલવાનો મોટો નિર્ણય લીધો છે.

સોમવારથી ચાલી રહેલી અમેરિકન નૌકાદળની નાકાબંધી વચ્ચે શુક્રવારે પ્રથમ વખત ઈરાનના એક ઓઈલ શિપમેન્ટે ખાડી પાર કરી તે એક હકારાત્મક બાબત છે. આ તમામ ઘટનાક્રમો આગામી સમજૂતીની દિશામાં મહત્વના પગલાં માનવામાં આવે છે. તેનાથી વાતચીત માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરવામાં મદદ મળશે. જોકે, નિષ્ણાતો માને છે કે હવે કોઈપણ પક્ષને વાતાવરણ બગાડવાની છૂટ ન આપવી જોઈએ અને હિંસા વધારવાનો પ્રયાસ કરતા તત્વોથી સાવચેત રહેવું અત્યંત જરૂરી છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે હાલમાં બીજા તબક્કાની વાતચીત માટે પૃષ્ઠભૂમિ તૈયાર થઈ રહી છે ત્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બે મોટા દાવા કર્યા છે. પહેલો દાવો એ છે કે ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થવા જઈ રહ્યું છે અને બંને દેશો શાંતિ કરારની ખૂબ નજીક છે. તેમનો બીજો દાવો વધુ રસપ્રદ છે કે ઈરાન પરમાણુ હથિયાર બનાવવા માટે ઉપયોગમાં લેવાતા સમૃદ્ધ યુરેનિયમ સોંપવા માટે સંમત થઈ ગયું છે. આ નિવેદનો સ્પષ્ટ ઈશારો કરી રહ્યા છે કે અમેરિકા આ જંગનો અંત લાવવા માંગે છે.

આ યુદ્ધ અટકવું જ જોઈએ કારણ કે ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ ચેતવણી આપી છે કે પશ્ચિમ એશિયામાં થયેલા નુકસાનને કારણે તેલ ઉત્પાદનને યુદ્ધ પહેલાની સ્થિતિમાં લાવવામાં લગભગ ૨ વર્ષ લાગશે. જોકે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીની હોર્મુઝ ખોલવાની જાહેરાત બાદ ક્રૂડ માર્કેટમાં મોટી રાહત જોવા મળી છે. બ્રેન્ટ ક્રૂડ ૧૦% ઘટીને ૮૯.૧૧ ડોલર પ્રતિ બેરલ અને અમેરિકન બેન્ચમાર્ક ઠઝઈ ૧૧% ઘટીને ૮૪.૧૧ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે સારા સંકેત છે.

**ઈઝરાયેલ–લેબેનોન યુદ્ધવિરામ**

ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે ૧૦ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. આ યુદ્ધવિરામને કારણે બંને પક્ષો વચ્ચેનો અવિશ્વાસ ઘટ્યો છે અને શાંતિ વાટાઘાટો માટે હકારાત્મક માહોલ ઊભો થયો છે, જેના પરિણામે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાનો સકારાત્મક નિર્ણય લીધો છે.

**તેલના ભાવમાં મોટો ઘટાડો**

હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાના સમાચાર અને અમેરિકા-ઈરાન વચ્ચે સમજૂતીની આશાને પગલે તેલની કિંમતોમાં ભારે ઘટાડો નોંધાયો છે. બ્રેન્ટ ક્રૂડ ૧૦% ઘટીને ૮૯.૧૧ ડોલર પ્રતિ બેરલ અને ડબલ્યુટીઆઈ ક્રૂડ ૧૧% ઘટીને ૮૪.૧૧ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે.

**અમેરિકા–ઈરાન શાંતિ કરારની નજીકઃ ટ્રમ્પનો દાવો**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા અને ઈરાન શાંતિ કરારની ખૂબ નજીક છે. વધુમાં, તેમણે જણાવ્યું છે કે ઈરાન પરમાણુ હથિયાર બનાવવા માટે ઉપયોગમાં લેવાતું સમૃદ્ધ યુરેનિયમ અમેરિકાને સોંપવા માટે સંમત થઈ ગયું છે.

**રિકવરીમાં ૨ વર્ષ જેટલો સમય લાગશે**

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે થયેલા નુકસાનને લીધે તેલ ઉત્પાદનને ફરીથી સામાન્ય સ્થિતિમાં લાવવામાં લગભગ ૨ વર્ષ જેટલો લાંબો સમય લાગી શકે છે. આથી બંને દેશો વચ્ચે ઝડપી શાંતિ કરાર વિશ્વના અર્થતંત્ર માટે જરૂરી છે.

# જામજોધપુરમાં સુઝલોન કંપનીના કર્મચારીની ગાડીના કોન્ટ્રાકટર સાથે માથાકુટ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર પંથકમાં સુજલોન કંપનીના કર્મચારી કંપનીમાં રહેલી જામજોધપુરના યુવાનની ગાડીઓ કાઢી નાખ્યા બાદ રજૂઆત અર્થે ગયેલા યુવાન સાથે બબાલ કરી જ્ઞાતિ પ્રત્યે હાધડૂત કર્યાની ચકચારી ફરિયાદ નોંધાઈ છે.

સુજલોન કંપનીમાં ૧૨ ગાડીઓ અને એમ્બ્યુલન્સ ભાડે રાખી વ્યવસાય કરતા અને જામજોધપુરના ગાંધીપાર્ક શાંતિનગર વિસ્તારમાં રહેતા કલ્પેશ લક્ષ્મણભાઈ સોલંકી નામના ૨૭ વર્ષીય યુવાને સુજલોન વેસ્ટર્ન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના એડમિન તરીકે સેવા બજાવતા અક્ષય પરસોત્તમભાઈ જોશી સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે, ફરિયાદી ગત તા. ૧૧ ના રોજ પોતાનું વાહન લઈને ધ્રાફા ફાટક પાસે સુજલોન કંપનીની કેન્ટીન ખાતે ગયા ત્યારે આરોપી અક્ષય એ ફરિયાદી કલ્પેશભાઈ ને અને અન્ય એક વ્યક્તિ હિરેને સંદીપભાઈને કહ્યું કે હવે તમારી ગાડી કંપનીમાં નહી ચાલે! કારણ જણાવ્યા વગર આરોપીએ ગાડીઓ કાઢી લેવાંનું કહી ત્યારબાદ ચાલ્યા ગયા હતા.

બાદમાં ફરિયાદી અને તેના કર્મચારીઓ અને મિત્રો રજૂઆત કરવા માટે કંપનીના જામજોધપુર ખાતે આવેલા ગેસ્ટ હાઉસ ખાતે ગયા હતા. આ દરમિયાન આરોપી અક્ષયે કહ્યું કે તેરી ગાડિયા તો નહી હિ ચલેગી... તું કોનસી કાસ્ટ કા હે હમે પતા ચલ ગયા હૈ... બાદમાં જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હતા. આ ઉપરાંત તો ઉશ્કેરાઈ જાય ફરિયાદીને છાતીમાં બે મુકા મારી દીધા હતા અને ઝપાઝપી કરી હતી ત્યારબાદ અન્ય મિત્રો વચ્ચે છોડાવવા પડ્યા હતા. બાદમાં આરોપીએ ગાળો ભાંડી પોલીસ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ અને મારી કંપની ખૂબ રૂપિયા વાળી છે મને એક દિવસમાં છોડાવી લેશે. તેવું જણાવ્યું હોવાના ફરિયાદમાં આક્ષેપ કરાયા છે.

# જામનગર જિલ્લામાં વ્યાજ અને દારૂના ગુન્હામાં ફરાર શખ્સો ઝડપાયા

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરના સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલાં ઈન્ટરનેટના માધ્યમથી અનઓથોરાઈઝ્ડ ટ્રાંઝેક્શન દ્વારા ગેરકાયદેસર નાણાં મેળવવાના ગુનામાં નાસતા ફરતા ફરારી આરોપીને જામનગર પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે.

સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં ફરાર આરોપી ઉમેશ ઓધવજીભાઈ રાઠોડ (ઉંમર ૩૨ વર્ષ), રહે. ગુલાબનગર, જામનગર) રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારના નાણાવટી ચોક રોડ પરથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

જામજોધપુર પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૫ માં પ્રોહી કલમ ૬૫એ.એ, ૧૧૬(બી), ૮૧ મુજબ આરોપી સંજય આલાભાઈ કોડીયાતર સામે ગુનો નોંધાયો હતો. ત્યારબાદ આરોપી છેલ્લા ૯ માસથી ફરાર હતો. આરોપી સંજયભાઈ આલાભાઈ કોડીયાતર (રહે- તરસાઈ ગામ તા.જામજોધપુર જી.જામનગર) તરસાઈ ગામે આવેલો હોય અને બાપા સિતારામની મઢુલી પાસે ઉભો હોવાની બાતમી મળતા પોલીસે રેડ પાડી આરોપીને પકડી પાડ્યો હતો. જેની સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રભાસ પાટણમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો ડિગ્રી વગરનો બોગસ ડોકટર ઝડપાયો

## શબ્બીર ગોહેલ કોઈપણ મેડિકલ ડિગ્રી વગર એલોપેથીક પ્રેક્ટિસ કરતા ઝડપાયો, દવાઓ અને સાધનો સહિતનો મુદ્દામાલ જપ્ત



**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

ગીર સોમનાથ જિલ્લામાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટરો વિરુદ્ધ પોલીસે લાલ આંખ કરી છે. પ્રભાસ પાટણ વિસ્તારમાં કોઈ પણ માન્ય ડિગ્રી વગર એલોપેથીક દવાખાનું ચલાવી લોકોની જિંદગી જોખમમાં મૂકતા એક બોગસ ડોક્ટરને એસ.ઓ.જી. પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, જુનાગઢ રેન્જ આઈ.જી. અને ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની સૂચના મુજબ એસ.ઓ.જી.ની ટીમ પ્રભાસ પાટણ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે, સાઈન કોલોનીમાં ઝીલાબાપુની દરગાહ પાસે એક શખ્સ વગર ડિગ્રીએ દવાખાનું ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે મેડિકલ ઓફિસર ડો. હાર્દિકભાઈ ગગલાણીને સાથે રાખી પોલીસે રેઈડ કરી હતી. પોલીસની તપાસમાં શબ્બીર દાઉદભાઈ ગોહેલ (ઉ.વ. ૪૫) નામનો શખ્સ કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી વગર લોકોને એલોપેથીક દવાઓ આપી સારવાર કરતો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી જુદી જુદી એલોપેથીક દવાઓ, મેડિકલ પ્રેક્ટિસના સાધનો (કુલ ૧૪ આર્ટિકલ) સહિત કુલ ₹૬,૨૦૬/- ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ શખ્સ વિરુદ્ધ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. એસ.ઓ.જી. ઈન્ચાર્જ પી.આઈ. ડી.એમ. કાગડા અને તેમની ટીમે આ સફળ કામગીરી કરી છે. પોલીસે જનતાને પણ અપીલ કરી છે કે આવા બોગસ ડોકટરો પાસે જઈને પોતાના સ્વાસ્થ્યને જોખમમાં ન મૂકવું.

# જામનગરના રણજીતનગરમાં આરોપીએ દુકાનમાં ઘૂસી આતંક મચાવ્યો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના રણજીતનગર વિસ્તારમાં રહેતાં હરસિધ્ધિ ઢોસા નામની દુકાનમાં બેફામ બનેલા શખ્સે ગાળાગાળી અને મારામારી કરી દુકાનના ગલ્લામાંથી અંદાજીત ચાર હજાર રૂપિયા ધરાર સેરવી ગયાનો ચકચારી કિસ્સો સામે આવ્યો છે

જામનગર શહેરમાં જૂના રેલવે સ્ટેશન પાસે રહેતાં અને રણજીતનગર વિસ્તારમાં વિમાના દવાખાના પાસે હરસિધ્ધિ ઢોસાના નામે દુકાન ચલાવતાં અક્ષયભાઈ સેલવમ વનિયર સાથે કામ કરતાં રમેશ સેટિયારને આરોપી દિપક ઉર્ફે દિપુ સરગમ ખીચડા સાથે અગાઉ માથાકૂટ થઈ હતી અનેતે મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ બાબતનો ખાર રાખી રમેશભાઈ રેંકડીએ હાજર હતાં ત્યારે આરોપી દિપક રેંકડીએ ઘસી ગયો હતો.

અને તમે કેસ કર્યો છે તેનો ખર્ચો આપી તેમ કહી રૂપિયાની માંગણી કરી હતી. જો કે ફરિયાદીએ રૂપિયા આપવાની ના પાડતા આરોપીએ ગાળાગાળી કરી હતી અને રેંકડીમાં કામ કરતાં આનંદ નામના યુવાનને ઢોસા કાપવાનું કટર હાથમાં ઝીંકી દીધું હતું અને ફરિયાદીના પીતાને ફડાકા ઝીંકી લીધા હતાં તથા રેંકડીના ગલ્લામાંથી આરોપીએ અંદાજે ત્રણથી ચાર હજાર રૂપિયા કાઢી લીધા હતાં. આ ઉપરાંત કર્મચારીઓ સાથે ઝપાઝપી કારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# પડધરીઃ શિવપુર નારણકા ગામે જુગારનો દરોડો

## રૂ.૨૨ હજારની રોકડ સાથે રાજકોટના છ પત્તા પ્રેમી ઝડપાયા

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના શિવપુર નારણકા ગામે આવેલી સરકારી સ્કૂલ પાસેથી જાહેરમાં જુગાર રમતા રાજકોટના છ પત્તા પ્રેમીને પડધરી પોલીસની ટીમે ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૨૨ હજારની રોકડ કબ્જે કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પડધરી પોલીસની ટીમ નારણકા ગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, નારણકા ગામમાં આવેલી સ્કૂલ નજીક અમુક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. પડધરી પોલીસની ટીમે દરોડો પાડી જુગાર રમતો સાધુ વાસવાણી રોડ પર આવેલા કેરેલા પાર્ક આઈકોન ગોલ્ડ ફ્લેટમાં રહેતો શૈલેષ છગનભાઈ ભાલોડીયા, પાટીદાર ચોક સ્વયં વેસ્ટ ફ્લેટમાં રહેતો યોગેશ કાંતિલાલ ભાલોડીયા, કેરેલા પાર્ક આઈકોન ગોલ્ડ ફ્લેટમાં રહેતો સાવન રતિલાલભાઈ કાસુન્દ્રા, નિતેશ માધવજીભાઈ પનારા, કૈલાશધારા પાર્ક, બાલાજી એપાર્ટમેન્ટમાં રહેતો સુમેશ રમેશભાઈ પનારા અને પાટીદાર ચોક સ્વાગત એ, માં રહેતો શૈલેષ માધવજીભાઈ પનારા નામના પત્તા પ્રેમીઓને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૨૨ હજારને રોકડ કબ્જે કરી છે.

દરોડાની કામગીરી એ.એસ.આઈ બી એમ જાડેજા, કોન્સ્ટેબલ વસંતભાઈ ભુંડિયા, અશોકભાઈ ડાંગર અને સાગરભાઈ ખટાણા સહિતના સ્ટાફે બજાઈ છે.

# ઉપલેટાના આશરો છીનવાય જતા પ્રોઢે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટઃ** ઉપલેટાના રસુલપરા વિસ્તારમાં ૪૫ વર્ષીય પ્રોઢે પોતાનું રહેણાંકનું ઝૂંપડું સળગી જતાં મનમાં લાગી આવતા ઝેરી દવા પીને આપઘાત કરી લીધો છે. માનસિક બીમારીથી પીડાતા અને છૂટક મજૂરી કરતા શ્રમિકના મોતથી ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.મળતી માહિતી મુજબ, ઉપલેટાના રસુલપરામાં રહેતા રાજુભાઈ મધુભાઈ મકવાણા (ઉ.વ. ૪૫) ગત રાત્રિના સમયે પોતાના ઘરે હતા. તે દરમિયાન અગમ્ય કારણોસર તેમનું ઝૂંપડું સળગી ગયું હતું. આ ઘટના અંગે પરિવારજનો જ્યારે પોલીસ ચોકીએ નોંધ કરાવવા ગયા હતા, ત્યારે પાછળથી રાજુભાઈએ બિમારીની વધુ પડતી ટીકડીઓ ખાઈ લીધી હતી. પરિવાર જ્યારે પોલીસ મથકેથી પરત ફર્યો ત્યારે રાજુભાઈ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. રાજુભાઈને તાત્કાલિક પ્રથમ ઉપલેટા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રાજુભાઈ સાત ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા હતા. તેઓને સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ છે. છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા રાજુભાઈને માનસિક બીમારીની સારવાર પણ ચાલી રહી હતી. પરિવારના જણાવ્યા અનુસાર, પોતાનું આશરો ગણાતું ઝૂંપડું સળગી જતાં તેમને આઘાત લાગ્યો હતો જેને લઈ તેમણે આ પગલું ભર્યું હોવાની આશંકા છે. હાલ પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### રશિયા પાસેથી ક્રૂડ...

છૂટની મુદત ૧૧ એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી. ઈન્ટેલિજન્સ ફર્મ ક્પ્લેર ના ડેટા અનુસાર, ભારતે માર્ચ મહિનામાં રશિયા પાસેથી દરરોજ સરેરાશ ૧.૯૮ મિલિયન બેરલ કાચું તેલ ખરીદ્યું હતું, જે જૂન ૨૦૨૩ પછી સૌથી વધુ છે. ભારતે એપ્રિલની ડિલિવરી માટે રશિયા પાસેથી અંદાજે ૬૦ મિલિયન બેરલ તેલની ખરીદી કરી છે.

આ દરમિયાન ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે ખાતરી આપી છે કે તેમનો દેશ ભારતને એનર્જી એક્સપોર્ટમાં વધારો કરશે. જેમાં કાચું તેલ, એલપીજી અને એલએનજી નો સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રશિયાએ ભારત માટે તેલનો સપ્લાય વધારી દીધો છે અને તે ભારતની જરૂરિયાત મુજબનું પૂરેપૂરું તેલ આપવા તૈયાર છે. રશિયન રાજદૂતે ભારતને એક ભરોસાપાત્ર ભાગીદાર ગણાવ્યો હતો.

યુરોપિયન થિંક ટેન્ક સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એરના અહેવાલ મુજબ, માર્ચમાં ભારત દ્વારા રશિયા પાસેથી કરવામાં આવતી કાચા તેલની આયાત ત્રણ ગણી વધીને ૫.૮ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. જ્યારે ફેબ્રુઆરીમાં ભારતે રશિયા પાસેથી ૧.૫૪ અબજ ડોલરનું કાચું તેલ આયાત કર્યું હતું. આ ઉપરાંત, ભારતે માર્ચમાં રશિયા પાસેથી ૩૭૧ મિલિયન ડોલરનો કોલસો અને ૧૯૬ મિલિયન ડોલરની ઓઈલ પ્રોડક્ટ્સ પણ આયાત કરી હતી. માર્ચ ૨૦૨૨ થી જ રશિયા ભારત માટે ક્રૂડનું એક મોટું સપ્લાયર બની રહ્યું છે. વર્ષ ૨૦૨૪ માં ભારતે રશિયા પાસેથી દરરોજ સરેરાશ ૨ મિલિયન બેરલ કાચા તેલની ખરીદી કરી હતી. ગયા વર્ષે પણ ભારતે રશિયા પાસેથી આશરે ૪૪ અબજ ડોલરનું ક્રૂડ ઓઈલ ખરીદ્યું હતું. જોકે, અમેરિકાના દબાણને કારણે ભારતે ગયા વર્ષના અંતિમ મહિનામાં રશિયન તેલની ખરીદીમાં ઘટાડો કર્યો હતો, તેમ છતાં રશિયા સૌથી મોટું સપ્લાયર બની રહ્યું હતું. હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર બંધ થવાને કારણે વિશ્વમાં તેલ અને ગેસનું સંકટ ઊભું થયું હતું, જેના કારણે અમેરિકાએ ભારત અને અન્ય દેશોને રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### મકાનમાં આગ...

મેળવ્યો હતો. ઘટનાની ગંભીરતા જોતા ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા પણ તૈનાત કરવામાં આવી હતી.

આ દુર્ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા લીંબડીના ધારાસભ્ય કિરિટસિંહ રાણા, ભગિરથસિંહ રાણા અને વનરાજભાઈ રોજાસરા સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ રાત્રે જ હોસ્પિટલ દોડી આવ્યા હતા. તેઓએ હોસ્પિટલના સત્તાધીશો પાસેથી ઈજાગ્રસ્તોની વિગતો મેળવી હતી અને શોકગ્રસ્ત પરિવારને આ મુશ્કેલ સમયમાં સાંત્વના પાઠવી હતી. દાઉદી વ્હોરા સમાજના અગ્રણી હોઝેફાભાઈ લોખંડવાલાએ પણ આ ઘટનાને સમાજ માટે ખૂબ જ મોટી ખોટ ગણાવી દુઃખ વ્યક્ત કર્યું હતું.

પોલીસે હાલ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લીંબડી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી અકસ્માત મોતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. એસીમાં શોર્ટ સર્કિટ ક્યા કારણોસર થયું તે જાણવા માટે એફએસએલની મદદ લેવામાં આવે તેવી પણ શક્યતા છે. એક જ પરિવારના બે સભ્યોના અકાળે મોતથી વ્હોરા સોસાયટી સહિત સમગ્ર લીંબડી પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને ઉનાળાની શરૂઆતે જ આ ઘટનાએ વીજ ઉપકરણોના વપરાશ બાબતે લાલબત્તી સમાન કિસ્સો પૂરો પાડ્યો છે.

# જામનગરના સુભાષપરાના મકાનમાંથી 30 બોટલ દારૂ ઝડપાયો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરના શંકરટેકરી સુભાષપરા વિસ્તામાં પોલીસે એક રહેણાંક મકાને દારૂ સંબંધિત દરોડો પાડ્યો હતો. પોલીસે મકાનમાંથી ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને પાંચ લીટર દેશી દારૂ સહિત ૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સિટી સી ડિવિઝન પોલીસે બાતમીના આધારે શહેરના શંકરટેકરી વિસ્તારમાં આવેલ સુભાષપરા શેરી નં.૨માં રહેતાં રોહિત ચંદુભાઈ લીંબડ નામના શખ્સના રહેણાંક મકાને દારૂ સંબંધિત દરોડો પાડ્યો હતો.

મકાનની તલાશી લેતાં રૂા.૧૫,૦૦૦ ની કિંમતની ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ તેમજ રૂા.૫૦૦૦ ની કિંમતનો ૨૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. આથી પોલીસે કુલ રૂા.૨૫૦૦૦ ની કિંમતનો ઈંગલીશ તેમજ દેશી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. જો કે આરોપી રોહિત પોલીસના હાથે ન લાગતાં તેને ફરારી જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ધ્રોલના રોઝીયા ગામમાંથી ૨૦ વર્ષીય યુવતી ગુમ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

રોજીયા ગામના કાનાભાઈ રામાભાઈ બાંભવા (ઉ.વ. ૨૬), જે પશુપાલનનો વ્યવસાય કરે છે, તેમની બહેન મયાબેન ઉર્ફે કિંજલબેન (ઉ.વ. ૨૦) તા. ૧૪/૦૪/૨૦૨૬ના રોજ બપોરે અંદાજે સાડા ત્રણ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને જાણ કર્યા વગર નીકળી ગઈ હતી, અને ત્યારથી પરત ફરી નથી.

પરિવારજનોએ પોતાની રીતે શોધખોળ હાથ ધર્યા બાદ પણ યુવતીનો કોઈ પત્તો ન લાગતાં અંતે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની નોંધ કરાવવામાં આવી છે.

# ઉપલેટાઃ ચોરીના ગુનામાં વોન્ટેડ તસ્કર ઝડપાયો

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટાના મેખાટીંબી ગામે થયેલ કેબલ વાયર ની ચોરીના ગુનામાં આઠ માસથી નાસતો ફરતો આરોપી ને ગણોંદ ચેક પોસ્ટ પાસે થી ઉપલેટ પોલીસે પકડી પાડ્યો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી

આ અંગે મળતી માહિતી મુજબ રેન્જ આઈ નિર્લિપ્ત રાય, એસ.પી વિજયસિંહ ગુર્જર ના દ્વારા નાસતા ફરતા આરોપી ને પકડી પાડવા સૂચના આપેલ અન્વયે ઉપલેટાના પોલીસ સ્ટેશનના પીઆઈ એચએમ ધાધલ ના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ દ્વારા ગણોદ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગ દરમ્યાન બાતમી મળેલ કે ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનાનો આરોપી જામનગર સ્મશાન મેલડી માં ના મંદિર પાસે રહેતો ભરત રાજેન્દ્ર મકવાણા ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી આ કામગીરીમાં પીઆઈ એચ.એમ.ધાંધલ, એસ આઈ ધરમ કટોચ, હેડ કોન્સ્ટેબલ હરેશ જાંબુકિયા સહિતનો સ્ટાફ રોકાયો હતો

# કાલાવડના ખરેડી ગામે ૧૫ દિવસની બાળકીનો તાવ જીવ લીધો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર નજીકના ધૂળસિયા ગામે રહેતાં મેહુલભાઈ જેત્નીભાઈ સીખલિયા (ઉ.વ.૨૯) નામના યુવાનની પત્ની પ્રસૃતિ માટે પોતાના પિયર કાલાવડ તાલકુાના ખરેડી ગામે ગઈ હતી. પરિણીતાએ પુત્રીને જન્મ આપ્યા બાદ ૧૫ દિવસની માસુમ પુત્રી પ્રાન્નીને તાવ આવતો હોય. ગઈકાલે વહેલી સવારે સવા ચારેક વાગ્યાના સમયગાળા દરમિયાન માસુમ પુત્રી બેભાન થઈ જતાં મોત નિપજ્યું હતું.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**દ્વારકાઃ** મીઠાપુર નિવાસી જીતેશભાઈ હીરાલાલ ગોકાણીનું તા. ૧૭ના રોજ અવસાન થયેલ છે. તે વિનોદભાઈ, હિતુભાઈ અને નવીનભાઈના નાનાભાઈ તેમજ હેમલભાઈના મોટાભાઈ તથા તુલસીભાઈ હિન્ડોચાના બનેવી તથા વિનિતના પિતાનું ઉઠમણું તા. ૧૮ના રોજ શનિવારે સાંજે ૫:૩૦ થી ૬ વાગ્યા સુધી રામ મંદિર મીઠાપુર ખાતે રાખેલ છે.



Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામજીનો કાલે જન્મોત્સવ

## શ્રીમદ્ ભાગવતના ૯મા સ્કંધના ૧૫-૧૬ અધ્યાયમાં પરશુરામના જીવનનો પરિચય અપાયો છે

પ્રાસંગિક
ડો.વિરલ એસ.ભટ્ટ

વૈશાખ સુદ ત્રીજ - અખાત્રીજના દિવસે, ભૂદેવોના અધિષ્ઠાતા દેવ વિદ્વાનોએ જેમને ભગવાન વાસુદેવના અંશરૂપ ગણ્યા છે તેવા ભૃગુકુલભૂષણ, કાલાગ્નિ સમાં દુઃસહ કૈલાસ સમ દુર્ધર્ષ, વેદજ્ઞ પરશુરામજીનો જન્મોત્સવ છે.

શ્રીમદ્ ભાગવતના ૯મા સ્કંધના ૧૫-૧૬ અધ્યાયમાં પરશુરામના જીવનનો પરિચય અપાયો છે. સહસ્ત્રાર્જુન હૈહયકુળનો ક્ષત્રિયોનો રાજા હતો. ગુરુદત્તાત્રેયની કૃપાથી હજાર હાથ શત્રુઓમાં અજિતપણું, નાશ ન થાય તેવી ઈન્દ્રિયશક્તિ, લક્ષ્મી, બળ, યશ પ્રાપ્ત થયા હતા. આ સહસ્ત્રાર્જુન તપોધનમુનિ જમદગ્નિ (પરશુરામના પિતા) પાસે ગયો. જમદગ્નિએ કામધેનુના પ્રભાવથી રાજાઓથી ચઢિયાતો આદર સત્કાર કર્યો. સહસાર્જનની બુદ્ધિ બગડી. ઋષિની કામધેનુને (વાછરડા સાથે) બળજબરીથી લઈ પોતાની નગરીમાં જવા નીકળ્યો. પરશુરામને આ વાતની ખબર પડી એટલે અન્યાયી, અનીતિમાન, દુષ્ટ સહસ્ત્રાર્જુનની પાછળ વિકરાળ સિંહની માફક દોડ્યા સહસ્ત્રાર્જુને પરશુરામ સાથે ભયંકર યુદ્ધ કર્યું. પરશુરામે ફક્ત પોતાના ધનુષ-બાણ-પરશુ વડે અક્ષૌહિણી સેનાનો તથા સહસ્ત્રાર્જુનનો ધ્વંસ કર્યો. પરશુરામે કામધેનુને વાછરડા સાથે પાછી વાળી આશ્રમમાં પિતાજીને સોપી દીધી. રાજાની હત્યા કરવા બદલ પરશુરામે પિતાની આજ્ઞાથી ભગવાનમાં મન લગાડી, તીર્થસેવન કરી પોતાના પાપનો નાશ કર્યો.

વૈશાખ સુદ ત્રીજની પાવન તિથિએ વિષ્ણુ આવ્યા. ભગવાનના છઠ્ઠા અંશાવતાર ગણાતા ભગવાન પરશુરામનો જન્મ થયો હતો. તેમના પ્રચંડ અને વિરાટ વ્યક્તિત્વનો પરિચય ભગવદ્ ગોમંડળમાંથી મળે છે, તદ્અનુસાર વિશ્વામિત્રના જુહુ કુળના ઋષિ જમદગ્નિ અને ઈકવાકું વંશની રાજકન્યા રેણુકાના પુત્રોમાં સૌથી નાના પુત્ર રામ(પરશુરામ) હતા.

એક દિવસ રેણુકા સ્નાન કરવા નદીએ ગઈ હતી. ત્યાં તેણે રાજા ચિત્રરથને પોતાની સ્ત્રી સાથે જલક્રીડા કરતો જોયો અને કામવાસનાથી ઉદ્વિગ્ન થઈ ઘેર આવી. તેની આ દશા જોઈને જમદગ્નિ બહુ જ ગુસ્સે થયા અને પોતાના પુત્રોને


તસવીરઃ શૈલેષ વાડોલિયા

રેણુકાનો વધ કરવા આજ્ઞા કરી, પરંતુ સ્નેહવશને લીધે કોઈનાથી તેમ થઈ શક્યું નહીં. એવામાં પરશુરામ આવ્યા. પરશુરામે આજ્ઞા મળતાં જ માતાનું મસ્તક કાપી નાખ્યું તેથી જમદગ્નિએ પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહ્યુ. પરશુરામે કહ્યું કે, પહેલાં તો મારી માતાને સજીવન કરો, પછી એ વરદાનો આપો કે, હું પરમાયુ પ્રાપ્ત કરું અને યુદ્ધમાં મારી સામે કોઈ ટકી શકે નહીં. જમદગ્નિએ તેમ જ કર્યું.

બાળપણમાં રેણુકા માતાના હાથ નીચે તેણે શિક્ષણ લીધું હતું. ભીષ્મ અને દ્રોણાચાર્ય અને સૂર્યપુત્ર કર્ણએ પણ પરશુરામ પાસેથી ધનુરર્વિદ્યાનું શિક્ષણ લીધું હતું. ભગવાન શિવે પરશુરામને પોતાનું ત્ર્યંબક નામનું ધનુષ આપીને કહ્યું હતું કે, જયારે એ ધનુષ ભાંગશે ત્યારે તારું તેજ જશે અને રામાવતાર થશે. આ શિવવાણી ત્રેતાયુગને અંતે સિદ્ધ થઈ હતી. પરશુરામ પશુપતિનાથના પરમ શિષ્ય, ભગવાન મહેશને પોતાના શિષ્યોની મનોભૂમિનો માપ કાઢવા એક અક્ષમ્ય ભૂલ કરી. પોતાના શિષ્યોની પરીક્ષા કરી. પોતાના ગુરૂનો મહિમા ઝંખવાય કે, નંદવાય નહિ એ માટે ગુરૂની અક્ષમ્ય ભૂલ હોવા છતાં અન્ય શિષ્યો ચૂપ રહ્યા, પરંતુ સ્પષ્ટ વાદી અને સત્યાદી પરશુરામથી રહેવાયું નહી. તેઓ ઉકળી ઉક્યાં અત્યાચાર સામે આક્રોશ વ્યક્ત કરી, પરશુ ઉપાડી, શિવજીના મસ્તકે ફટકાર્યું, ભગવાન શંકર ઝખમી થયાં, પરંતુ અંદરથી પ્રસન્ન થયા અને કહ્યું , ''તમારી પરીક્ષા અર્થે મે આ અન્યાયકારી પ્રયોગ કર્યો હતો. તમે આ કાર્ય ખોટુ હોવા છતાં સહી લીધું વાસ્તવમાં અધર્મ આચરનાર ગમે તેટલા ઉચ્ચ પદે હોય પણ તેની સામે અવાજ ન ઉઠાવનાર અધર્મી છે''. આ રીતે પરશુરામે પોતાની ઓજસ્વીતા-તેજસ્વીતા તથા અધ્યાત્મિક્તા ખરા અર્થમાં પ્રગટ કરી છે, એનો આનંદ છે. અને આ અવસરની અમર યાદ રૂપે ભગવાન આશુતોષે 'ખડગ પરશુ' નામ ધારણ કરી પરાક્રમી, સત્યવાદી, પરશુરામને સન્માનિત કર્યા.

વાલ્મીકી રામાયણનાં બાલકાંડમાં ભગવાન શ્રીરામ પોતાના શ્રીમુખે કહે છે ''હે ભૃગુનન્દના આપ પિતાના ઋણમાંથી મુક્ત થવા ક્ષત્રિય સંહારની જે કામના કરી, અને અમો સર્વે અનુમોદન આપીએ છીએ''. આમ ભગવાન પરશુરામે અનિતિવાન ક્ષત્રિયો આતતાયીઓને મારી સાચા અર્થમાં ધર્મ શાંતિની સ્થાપના કરી અને પોતાના પિતૃ અને મહર્ષિ કશ્યપના આદેશ અનુસાર અસ્ત્ર, શસ્ત્ર છોડી મહેન્દ્રગીરી પર્વત પર તપસ્યા કરવા ચાલ્યા ગયા અને પોતાની પાસેના અંતીમ ત્રણ શસ્ત્રો દ્રોણાચાર્યને આપી દીધા તથા જીતેલા એકવીસ રાજયો પોતાના ગુરૂ કશ્યપને અર્પણ કરી દીધા.

# વિસાવદરઃ માંડાવડ પ્રાથમિક શાળામાં સુવિધા શૈક્ષણિક કાર્યોનું નિરિક્ષણ કરતા કલેક્ટર રાણાવસિયા

## કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ વિદ્યાર્થીઓ સાથે કર્યો સંવાદ

**અબતક, ગીજુભાઈ વીકમા, વિસાવદર**

જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ વિસાવદરના માંડાવડ ગામની મુલાકાત લીધી હતી તેમજ માંડાવડ ગ્રામ પંચાયતની પણ મુલાકાત લીધી હતી કલેક્ટર રાણાવસિયાએ વર્ગખંડમાં જઈ બાળખો સાથે સીધો સંવાદ કર્યો હતો. અને ગાણિતિક પ્રશ્નો પુછ્યા હતાં જેના બાળકોએ ઉત્સાહ પૂર્વક જવાબ આપ્યા હતાં આ તકે આચાર્યએ મુક્તાનંદબાપુના માર્ગદર્શન હેઠળ આનંદધારા ગ્રામ માંગલ્ય સહયોગ યજ્ઞ દ્વારા નિર્મિત બે નવા વર્ગખંડ અને પ્રાર્થના ખંડ વિશે વિગતવાર માહિતી આપી હતી. ડો. નલિન પંડિત શાળામાં થતી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓથી



કલેક્ટરને માહિતગાર કર્યા હતાં. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓના સંદર્ભમાં તેઓએ શાળામાં નિર્ધારિત મતદાન બુથનું પણ નિરિક્ષણ કર્યુ હતું. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ રાજેન્દ્રભાઈ વિકમા, વિસાવદર નાયબ મામલતદાર, ગ્રામ પંચાયતના રેવન્યું તલાટી, શિક્ષણગણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# સાળંગપુરઃ શ્રીકષ્ટભંજન દાદાને મોગરાના પૂષ્પોનો દિવ્ય શણગાર



**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ સાળંગપુરધામ ખાતે શનિવારના પવિત્ર દિવસે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દરબારમાં શ્રદ્ધા અને ભક્તિનો સંગમ જોવા મળ્યો હતો. ઉનાળાની આ ઋતુમાં દાદાને શીતળતા બક્ષતા મોગરાના પુષ્પોનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણા તથા કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ દાદાને મોગરાના ફૂલોના અત્યંત કલાત્મક વાઘા ધરાવવામાં આવ્યા હતા. સમગ્ર સિંહાસનને મોગરા અને ગુલાબના સુગંધિત પુષ્પોથી સુશોભિત કરી મનમોહક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા શણગાર આરતી ઉતારવામાં આવી હતી. કેરીઓનો અન્નકૂટ દાદાના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

# ગોંડલ પાલિકાની ચૂંટણીમાં ભાજપે વોર્ડ નં.૪ માં શિક્ષિત અને યુવા ચહેરો પ્રિયંકાબેન માધડને મેદાનમાં ઉતાર્યા

## ધારાસભ્ય ગીતાબા જાડેજાના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ શિક્ષિત મહિલા ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળાતા કાર્યકરોમાં ઉત્સાહ

**અબત, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે શિક્ષિત અને યુવા ચહેરાઓને પ્રાધાન્ય આપવાની નીતિ અપનાવી છે. જે અંતર્ગત હ વોર્ડ નં-૪ માંથી અનુસૂચિત જાતિના મહિલા ઉમેદવાર તરીકે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રિયંકાબેન દિનેશભાઈ માધડની પસંદગી કરવામાં આવી છે. પાલિકાના ઈતિહાસમાં પ્રથમ વખત પીએચડીકરી રહેલા કોઈ ઉમેદવારને ટિકિટ મળતા આ બેઠક આકર્ષણનું કેન્દ્ર બની છે.

પ્રિયંકાબેન માધડ અત્યંત તેજસ્વી કારકિર્દી ધરાવે છે. તેમણે બી કોમ અને એમ એ. (સોશિયોલોજી) પૂર્ણ કર્યા બાદ હાલમાં પીએચડી માં રિસર્ચ સ્કોલર તરીકે અભ્યાસ કરી રહ્યા છે. તેઓ એક સેવાભાવી અને રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારના પુત્રી છે. તેમના પિતા દિનેશભાઈ માધડ 'શિવમ સાર્વજનિક ટ્રસ્ટ' દ્વારા વર્ષોથી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સેવા અને મફત એમ્બ્યુલન્સ જેવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.



શિક્ષિત ઉમેદવાર તરીકે પ્રિયંકાબેનનું નામ જાહેર થતા જ અનુસૂચિત જાતિ સમાજ અને સ્થાનિક સંસ્થાઓમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. ભાજપના આ નિર્ણયથી શિક્ષિત યુવા વર્ગમાં સકારાત્મક સંદેશ ગયો છે.


# રાજુલાનો યુવાન ઘનશ્યામ વાઘ બજેટ મુદ્દે વડાપ્રધાન મોદી, અને મંત્રી ડો.મનસુખ માંડવિયા સાથેની ચર્ચામાં થયો સામેલ

## ''માય ભારત બજેટ ક્વેસ્ટ'' માં રાષ્ટ્ર સ્તરે પસંદ થઈ રાજુલાના રામપરા-૨ના યુવાને વધાર્યું ગુજરાતનું ગૌરવ

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

ચાંદ છુપે નહી બાદલ છાયો... રાજુલા તાલુકાના નાના એવા રામપરા -૨ ગામના યુવાને રાષ્ટ્રીય સ્તરે માય ભારત બજેટ ક્વેસ્ટ''માં સામેલ થઈ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

સરકારના યુવા કાર્ય અને રમત ગમત મંત્રાલય વિભાગ દ્વારા''માય ભારત બજેટ ક્વેસ્ટ''કાર્યક્રમ અંતર્ગત યુવાનોમાં કેન્દ્રીય બજેટ વિશે જાગૃતિ આવે અને વિચાર શક્તિ ને પ્રોત્સાહન આપવા માટે દેશમાંથી ૧૨ લાખથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો તેમાંથી૧૪૦૦૦ ઉમેદવારો રાષ્ટ્રીય સ્તર માટે પસંદ થયા હતા, રાષ્ટ્રીય સ્તરના ફાઈનલ રાઉન્ડ ૧૨ અને ૧૩ એપ્રિલના રોજ વિવિધ ઝોનલ સેન્ટર પર યોજાયા હતા ગુજરાત માટે રાષ્ટ્રીય સ્તરના સેશન નું ગાંધીનગરમાં આયોજન કર્યું હતું જેમાં અંતિમ તબક્કામાં રાજુલા તાલુકાના રામપરા-૨ગામના યુવાન વાઘ ઘનશ્યામ હરસુખભાઈએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને




કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સાથે વર્ચ્યુઅલ સંવાદકર્યો હતો આ સિદ્ધિ બદલ રામપરા ૨ ના વાઘ ઘનશ્યામ હરસુખભાઈ ને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ઘનશ્યામ વાઘ એ ''માય ભારત બજેટ ક્વેસ્ટ''માં વેલ પર્ફોર્મન્સ કરી માત્ર રાજુલા તાલુકો જ નહીં સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે, આ સીધી બદલ તેમને રાજકીય સામાજિક આગેવાનો અને પ્રબુદ્ધ આગેવાનોએ અભિનંદન પાઠવી ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી રહ્યા છે

# ધ્રાંગધ્રાઃ નેવી નિવૃત્ત જવાન જીતેન્દ્રસિંહ ઝાલાનું સ્વાગત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં દેશની સેવા આપી ભારતીય નેવીમાંથી નિવૃત્ત થઈ વતન પરત ફરેલા ઝાલાવાડના ગૌરવ જીતેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ઝાલાનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. શહેરમાં



આયોજિત સન્માન સમારંભમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે પૂર્વ મંત્રી આઈ. કે. જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને જીતેન્દ્રસિંહ ઝાલાની દેશસેવાની ભાવનાને બિરદાવી હતી. સાથે જ ઝાલાવાડ ક્ષત્રિય સમાજના પ્રમુખ ડો. રૂદ્રદત્તસિંહ ઝાલા, ધ્રાંગધ્રા-હળવદ ક્ષત્રિય સમાજના પ્રમુખ સુખુભા ઝાલા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, નિવૃત્ત પીઆઈ મહીપાલસિંહ ઝાલા, ભરતસિંહ પરમાર, ગજેન્દ્રસિંહ ઝાલા તેમજ નરશીહ મંદિરના મહંત સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા સમારંભ દરમિયાન મહાનુભાવોએ જીતેન્દ્રસિંહ ઝાલાને શાલ ઓઢાવી, ફૂલહાર પહેરાવી અને શુભેચ્છા પાઠવી તેમના દેશપ્રેમ અને સેવાભાવને બિરદાવ્યા હતા.

# દ્વારકાઃ મનરેગા કર્મચારી યુનિયન દ્વારા પડત્તર પ્રશ્ને કાળીપટ્ટી સાથે વિરોધ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

ગુજરાત રાજ્ય મનરેગા યોજનાના કર્મચારી યુનિયન દ્વારા તેમના સમયસર પગાર ના મળવાના મુદ્દે સમગ્ર રાજ્યમાં આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર થયા છે. જેમાં દ્વારકા જિલ્લો પણ જોડાયો છે.

મનરેગા કર્મીઓના પગાર નવેમ્બર-૨૫થી બાકી હોય અનેક વખત ગાંધીનગર સુધી રજુઆતો કરવા છતાં પણ કંઈ થયું નથી ત્યારે પગારમાં મોડું થવાથી જીવન નિર્વાહમાં કર્મચારીઓને પરેશાની થતી હોય ૧૬/૪/૨૬ના રોજ સમગ્ર રાજ્યના મનરેગાના કર્મચારીઓ દ્વારા એક દિવસ પેનડાઉન કરીને કાળી પટ્ટી બાંધીને વિરોધ વ્યક્ત કરવાનો કાર્યક્રમ કરાયો હતો. જેમાં દ્વારકા જિલ્લાના પણ તમામ મનરેગા કર્મીઓ જોડાયા હતા. એક દિવસ પેનડાઉન તથા કાળીપટ્ટીના કાર્યક્રમ પછી પણ રાજ્ય સરકાર દ્વારા પડત્તર પગાર પ્રશ્ને ના કંઈ કરાય તો આગામી સમયમાં માસ સી.એલ. મુકીને કમિશનર ગ્રામ વિકાસની કચેરીએ ઘેરાવનો સામૂહિક કાર્યક્રમ પણ થશે.

# ધોરાજીમાં હજ યાત્રાળુઓ માટે યોજાશે તાલીમ માર્ગદર્શન કેમ્પ

## પવિત્ર હજના નિયમો અને વિધિની હાફિઝ અબ્દુલ રહીમ આપશે માહિતી અને તાલીમ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ઈસ્લામ ધર્મની સૌથી પવિત્ર હજ/ઉમરા યાત્રા ની તૈયારીઓ વચ્ચે ધોરાજીમાં ૨૨ એપ્રિલ ગુરુવારે સવારેનવ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધીસમગ્ર વિસ્તાર માંથી હજ યાત્રા એ જનારા લોકો માટે, મદ્રસાએ મસ્કીનીયહ ખાતે ''હજ તરબિયત ઈજતેમાં''હજ તાલીમ શિબિર નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ટ્રેનર હાફિઝ અબ્દુરહીમ બરકાતી ભરૂચ વાળા હજ અને ઉમરા માં નિયમો અને વિધિઓ અંગે માર્ગદર્શન આપશે આ કાર્યક્રમમાં ધોરાજી અને આસપાસના હજ અને ઉમરા માટે જનારા યાત્રાળુઓને ઉપસ્થિત રહેવા પ્રિન્સિપાલ નવાજ મોલાના મુફ્તી મુનવર દ્વારા અનુરોધ કરવામાં આવ્યું છે આ તાલીમ શિબિરમાં ઉપસ્થિત રહેવા ૯૮૨૪૧ ૪૪૯૨૧ પર નામ નોંધાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધોરાજીના સૂપેડીમાં મુરલી મનોહર મંદિરના મનસ્વી વહીવટના વિરોધમાં ગામ બંધ

## મંદિરના મહંત અને સેવક સામે નારાજ ગ્રામજનોએ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો આપી મતદાન બહિષ્કારની ચિમકીઃ પ્રાંત અધિકારીને આવેદન અપાયું

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી તાલુકાના સુપેડી ગામે આવેલ પૌરાણિક મુરલી મનોહર મંદિરમાં મહંત અને સેવકોના કથિત મનસ્વી વહીવટ સામે નારાજ ગ્રામજનોએ બંધ પાડી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી મંદિરના વહીવટમાં સુધારો અને મહંત અને સેવકને મંદિરમાંથી હટાવવાની માંગણી મુજબ કાર્યવાહી નહીં થાય તો ગ્રામજનો અચોક્કસ મુદત સુધી બંધ રાખી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીનો બહિષ્કાર કરશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.





સુપેડી ના પૌરાણિક મુરલી મનોહર મંદિરમાં વધુ એક વાર વિવાદ સાથે મંદિરના મહંત અને સેવક દ્વારા મંદિરમાં મનસ્વી વહીવટ કરાતો હોવાની અને ગ્રામજનોને ધમકી અપાતી હોવાના આક્ષેપ અને ફરિયાદ સાથે ગ્રામજનોએ ગામે સજજળ બંધ રાખી બપોરે ધોમ ધક્તા તાપમા બહોડી સંખ્યામાં મહિલા પુરુષો બાળકો ધોરાજી પ્રાંત કચેરી ખાતે ગયા હતા અને મંદિરના મહત અને સેવકને મંદિરમાંથી હટાવવા માંગણી કરી મંદિરના કથીત ગેર વહીવટ અંગે લેખિતમાં આવેદનપત્ર આપી આ પ્રશ્નનો તાત્કાલ ઉકેલ નહીં આવે તો સુપેડી ગામ ચોક્કસ મુદ્દો સુધી બંધ રાખશે અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા ની ચૂંટણીઓનો બહિષ્કાર કરાશે તેવી ચીમકી આપી હતી.

સુપેડી ના સરપંચ જતીનભાઈ અને વરિષ્ઠ આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે મંદિરના મહંત અને એક સેવક દ્વારા ગ્રામજનો સાથે વારંવાર ગેરવર્તન કરવામાં આવે છે, અને મંદિરનો વહીવટ અમે ઈચ્છશું તેમ જ થશે ,અને પોતા ઉપર ૧૮ જેટલા ગુના હોય, તમારાથી થાય તે કરી લો તેવા પ્રકારની ધમકી આપતા હોવાનો આક્ષેપ કરી બંને વિરુદ્ધકાયદેસરના પગલાં ભરવા ગ્રામજનોએ માંગણી કરી હતી.

મંદિર મુદ્દે ચાલતા વિવાદ અંગે સુપેડી ગામે ગ્રામજનોની મીટીંગ મળી હતી અને ધાક ધમકી મુદ્દે કાયદેસર કાર્યવાહી કરવા માટે ગામજનોએ બજારો બંધ રાખી હતી અને ગામ આખું ધોરાજી પ્રાંત કચેરી ખાતે બપોરે આવેદનપત્ર પાઠવા પહોંચ્યા હતા મંદિર પૂરાતત્ુ વિભાગ હસ્તકનું હોય તેથી સરકારે મંદિરનો વહીવટ સંભાળી લેવો જોઈએ, મંદિરના મહંતને સેવકને તાત્કાલિક અસરથી દૂર કરવા જોઈએ તેવી ગ્રામજનોએ માંગણી કરી છે અને જો આ માંગણી નો સ્વીકાર નહીં થાય તો ગામ અચોક્કસ મુદત્ત સુધી બંધ પાડશે સાથે સાથેતાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવામાં આવશે તેવું ગ્રામજનોએ પ્રાંત અધિકારી સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું

ગ્રામજનોએ વિરોધ સ્વરૂપે પોસ્ટર લગાવી ચૂંટણીના બહિષ્કારની ચેતવણી આપી હતી.

સુપેડી ની પરિસ્થિતિ જોઈને ધોરાજી તાલુકા પીઆઈ એમએમ ઠાકોર ના માર્ગદર્શન હેઠળપોલીસ કાફલાએ ગામમાં ચુસ્ત બંદોબસ્તજાળવી ગ્રામજનોને સમજાવી ગામની બજારો ખોલવા અપીલ કરી હતી અને મંદિર ખાતે કોઈ અનિચ્છ્ય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત તેનાત કરી દેવામાં આવ્યો છે ધોરાજી પ્રાંત કચેરી ખાતે મોટી સંખ્યા ગ્રામજનો એ સૂત્રોચાર કરી પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપ્યા સામે તંત્રએ યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

### મહંતો સામે પગલાં લેવા ગ્રામજનોની માંગઃ સરપંચ

સરપંચ જતિનભાઈ દલસાણીયાએ મંદિરના વિવાદ અંગે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મંદિરના મહંત રવિન્દ્રદાસ બાપુ, બાલકદાસ બાપુ અને તેમના સેવક દ્વારા ગામલોકો સાથે અભદ્ર વર્તન કરવામાં આવ્યું છે. તેઓએ ગામને એવું કહીને પડકાર ફેંક્યો છે કે 'આ મંદિર અમારા બાપનું છે અને અમે અમારી મરજી મુજબ જ કરીશું'. આ ગંભીર મુદ્દે સમગ્ર ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જેના વિરોધમાં સ્વયંભૂ બંધ પાળ્યો છે.



અમે વહીવટી તંત્રને આવેદનપત્ર આપીને માંગ કરી છે કે બંને મહંતો અને તેમના સેવકને તાત્કાલિક મંદિરની બહાર કરવામાં આવે. જ્યાં સુધી આ અંગે યોગ્ય નિર્ણય નહીં લેવાય ત્યાં સુધી ગામ બંધ રહેશે અને આગામી ચૂંટણીનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો છે.

## મોદી સરકારને ૧૨ વર્ષમાં પહેલીવાર સંસદમાં હારનો સામનો કરવો પડ્યો!

# વિપક્ષના વિરોધને કારણે મહિલા અનામત બિલ લોકસભામાં અટક્યું

## ૨૯૮ સાંસદોએ બિલના સમર્થનમાં અને ૨૩૦ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું, બિલ પાસ કરવા માટે ૩૫૨ મતોની જરૂર હતી

### મોદીએ સાંસદોને અંતરાત્માનો અવાજ સાંભળવા કરી હતી અપીલ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદોને તેમના પરિવારોની મહિલાઓને યાદ કરીને અંતરાત્માના આધારે મતદાન કરવાની અપીલ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૪ દાયકાથી મહિલાઓનું પ્રતિનિધિત્વ મર્યાદિત રહ્યું છે અને ભારતભરની કરોડો મહિલાઓ આ નિર્ણય તરફ જોઈ રહી છે.

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની અંતિમ ઘડીની અપીલ છતાં, લોકસભામાં એકજૂથ વિપક્ષે મહિલા અનામત બિલ (બંધારણ ૧૩૧મો સુધારો બિલ) ને અટકાવી દીધું છે. આ સાથે જ મોદી સરકારને છેલ્લા ૧૨ વર્ષમાં પહેલીવાર સંસદમાં કોઈ કાયદાકીય હારનો સામનો કરવો પડ્યો છે. બિલને પસાર થવા માટે ગૃહમાં હાજર સભ્યોમાંથી ૨ તૃતીયાંશ (૩૫૨) મતોની જરૂર હતી, પરંતુ તેની તરફેણમાં માત્ર ૨૯૮ અને વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા.

વિપક્ષી દળોનો આરોપ હતો કે ૨૦૨૯ થી મહિલા ક્વોટાનું વચન આપતું આ બિલ દક્ષિણ ભારતના રાજ્યોનું પ્રતિનિધિત્વ ઘટાડવા, ભાજપના ફાયદા માટે રાજકીય નકશો ફરીથી દોરવા અને જાતિ ગણતરીમાં વિલંબ કરવાનું એક ષડયંત્ર છે. આ મામલે ગૃહમંત્રી અમિત શાહે ખાતરી આપી હતી કે દક્ષિણના રાજ્યોનું વજન સીમાંકન બાદ આંશિક રીતે વધશે અને સરકાર જાતિ ગણતરી કરાવવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે બિલમાં એવો સુધારો કરવાની પણ ઓફર કરી હતી કે તમામ રાજ્યોમાં લોકસભાની બેઠકો ૫૦% વધશે, છતાં વિપક્ષ સહમત થયો ન હતો.



### વોટિંગના આંકડા

- ★ બિલની તરફેણમાં: ૨૯૮ મત
- ★ બિલના વિરોધમાં: ૨૩૦ મત
- ★ બિલ પાસ કરવા માટે જરૂરી મત: ૩૫૨
- ★ પરિણામ: મોદી સરકારની ૧૨ વર્ષમાં પ્રથમ કાયદાકીય હાર.

આ મુખ્ય બિલ પસાર ન થવાને કારણે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું હતું કે સીમાંકન સહિત અન્ય ૨ બિલ, જે આ મુખ્ય દરખાસ્ત સાથે જોડાયેલા છે, તે પણ પાછા ખેંચી લેવામાં આવશે. ભૂતકાળમાં ખેડૂત આંદોલનને કારણે ૨૦૨૧ માં કૃષિ કાયદા પાછા ખેંચવા પડ્યા હતા, પરંતુ સંસદમાં વોટિંગ દ્વારા સરકારના બિલની હાર થઈ હોય તેવી આ ૧ લી ઘટના છે. હવે આ બિલો રાજ્યસભામાં રજૂ કરવામાં નહીં આવે.વોટિંગ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદોને તેમના અંતરાત્માના અવાજ પર મતદાન કરવા અને મહિલાઓને તેમનો હક આપવા માટે અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે છેલ્લા ૪ દાયકાથી વિધાનસભાઓ અને સંસદમાં મહિલા અનામતનો મુદ્દો અટકેલો છે. સરકારે બિલ સંબંધિત તમામ આશંકાઓ અને ગેરસમજોને તથ્યો અને તર્ક સાથે દૂર કરી છે. તેમણે નારી શક્તિ વતી તમામ સભ્યોને બિલને સમર્થન આપવા વિનંતી કરી હતી.

### અન્ય ૨ બિલો પર અસર

મહિલા અનામત બિલ પસાર ન થઈ શકવાને કારણે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ જાહેરાત કરી છે કે આ બિલ સાથે જોડાયેલા અન્ય ૨ બિલો પાછા ખેંચવામાં આવશે. આમાં સીમાંકન પંચની રચના કરવા અંગેના બિલનો પણ સમાવેશ થાય છે અને આ બિલો હવે રાજ્યસભામાં રજૂ થશે નહીં.

### અમિત શાહની મથામણ એળે ગઈ



ગૃહમંત્રી અમિત શાહે ચર્ચા દરમિયાન વિપક્ષને મનાવવા માટે ગૃહને ૧ કલાક માટે મુલતવી રાખીને બિલમાં સુધારો લાવવાની ઓફર કરી હતી. તેમણે ખાતરી આપી હતી કે દરેક રાજ્યમાં લોકસભાની બેઠકોમાં ૫૦% નો વધારો કરવામાં આવશે, જેથી દક્ષિણ ભારતના રાજ્યો સાથે ભેદભાવના આક્ષેપોને નકારી શકાય.

લોકસભામાં બિલ પાડી દેવામાં આવ્યા બાદ ભાજપના નેતાઓએ કોંગ્રેસ અને અન્ય ઈન્ડિયા ગઠબંધનના સભ્યોને ''મહિલા વિરોધી'' ગણાવ્યા હતા. શાસક એનડીએ ના મહિલા સાંસદોએ સંસદ સંકુલમાં વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. એનડીએ ના સભ્યોએ એક બેઠક પણ યોજી હતી અને તેમના વિરોધીઓ સામે મોટા પાયે પ્રદર્શન કરે તેવી શક્યતા છે. શનિવારે સંસદની કાર્યવાહી અનિશ્ચિત કાળ માટે મુલતવી રાખવામાં આવે તેવી શક્યતા છે.

# સોના-ચાંદીના આયાતકારોને મોટી રાહત: ૧૫ બેંકોને આયાત માટે ૩ વર્ષની મંજૂરી મળી

## અક્ષય તૃતીયા પહેલા જ્વેલર્સ માટે સારા સમાચાર, કસ્ટમમાં અટવાયેલો જથ્થો ક્લિયર થશે

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે સોના અને ચાંદીના આયાતકારોને મોટી રાહત આપતા ૧૫ બેંકોને બંને કિંમતી ધાતુઓની આયાત કરવા માટે અધિકૃત કરી છે. આ ઉપરાંત અન્ય ૨ બેંકોને માત્ર સોનાની આયાત કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ નવી મંજૂરી ૧ એપ્રિલ, ૨૦૨૬ થી શરૂ કરીને આગામી ૩ વર્ષ માટે લાગુ કરવામાં આવી છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) તરફથી આ ઓથોરાઈઝેશન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા ૬ એપ્રિલના રોજ નોમિનેટ કરાયેલી બેંકોની યાદી બહાર પાડ્યાના ૧૦ દિવસ બાદ આવ્યું છે. જોકે, આ નોટિફિકેશનમાં થયેલા વિલંબને કારણે બેંકોએ ફરજિયાતપણે આ કિંમતી ધાતુઓની આયાત રોકવી પડી હતી.

અહેવાલો મુજબ, નવા આદેશના અભાવે કસ્ટમ ક્લિયરન્સ માટે ૫ મેટ્રિક ટનથી વધુ સોનું અને આશરે ૮ મેટ્રિક ટન ચાંદી અટવાઈ ગઈ હતી. સામાન્ય રીતે આવો ઓર્ડર દરેક નાણાકીય વર્ષની શરૂઆતમાં જારી કરવામાં આવે છે અને અગાઉનું નોટિફિકેશન ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી જ માન્ય હતું. એક અધિકારીના જણાવ્યા મુજબ, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ પર વધુ ધ્યાન હોવાને કારણે આ નિયમિત ઓર્ડર પ્રત્યે પૂરતું ધ્યાન ગયું ન હતું.

### અક્ષય તૃતીયા પહેલા મોટી રાહત

મુંબઈ સ્થિત સિનિયર કસ્ટમ અધિકારીઓએ જણાવ્યું હતું કે ડીજીએફટી ના આદેશ સાથે જ હવે અટવાયેલા શિપમેન્ટને પ્રાથમિકતાના ધોરણે ક્લિયર કરવામાં આવશે. અક્ષય તૃતીયા બુલિયન ડિમાન્ડ માટેનો પીક સમયગાળો છે, ત્યારે સર્જાયેલી આ મૂંઝવણ નવા આદેશથી દૂર થઈ છે. ટ્રાન્ઝિટમાં રહેલા શિપમેન્ટ માટે કોઈ છૂટછાટ આપવામાં આવી ન હતી, પરંતુ હવે કામગીરી ઝડપી બનશે.



### આયાત માટે અધિકૃત બેંકોની યાદી

એક્સિસ બેંક, બેંક ઓફ ઈન્ડિયા, ફેડરલ બેંક, એચડીએફસી બેંક અને ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્શિયલ બેંક ઓફ ચાઈના અધિકૃત બેંકોની યાદીમાં યથાવત છે. આ ઉપરાંત ગયા વર્ષે યાદીમાં ન હોય તેવી બેંક ઓફ ઈન્ડિયા, ડોઈશ બેંક, ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને પંજાબ નેશનલ બેંક નો નવો ઉમેરો કરાયો છે. જ્યારે યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને રશિયાની સ્બેરબેંક ને માત્ર સોનાની જ આયાત કરવાની મંજૂરી આપવામાં આવી છે.

જ્વેલરી ઉદ્યોગના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે આ એક નિયમિત નોટિફિકેશન છે પરંતુ અત્યંત જરૂરી છે, કારણ કે અગાઉના ઓથોરાઈઝેશનની મુદત સમાપ્ત થયા પછી બેંકો સોનાની આયાત કરી શકતી નથી. આરબીઆઈ ના આદેશ બાદ ડીજીએફટી અને કસ્ટમ વિભાગે તેમના સંબંધિત નોટિફિકેશન બહાર પાડવાના હોય છે. કસ્ટમ અધિકારીઓએ પણ સ્પષ્ટ કર્યું હતું કે શિપમેન્ટ માત્ર ડીજીએફટી ની મંજૂરી સાથે જ ક્લિયર થવાના હતા.

શુક્રવારે બહાર પાડવામાં આવેલું આ નવું નોટિફિકેશન હવે ૩૧ માર્ચ, ૨૦૨૯ સુધી માન્ય રહેશે. અગાઉ આયાત માટેની મંજૂરીઓ માત્ર ૧ વર્ષ માટે જ માન્ય રહેતી હતી.

પરંતુ હવે તેને વધારીને ૩ વર્ષ માટે આપવામાં આવી છે. ઉદ્યોગ જગત દ્વારા આ નિર્ણયને એક સકારાત્મક પગલા તરીકે આવકારવામાં આવ્યો છે.

# ગુજરાત ટાઈટન્સે જીતની હેટ્રિક લગાવી: કોલકતાને પાંચ વિકેટે હરાવ્યું

## કોલકતા નાઈટ રાઈડર્સ ૨૦૨૬ની સિઝનમાં હજી પણ વિજયથી વંચિત: શુભમન ગિલની કેપ્ટન ઈનિંગ, આક્રમક ૮૬ રન બનાવ્યા



**અબતક, રાજકોટ**

કેપ્ટન શુભમન ગિલની શાનદાર બેટિંગની મદદથી ગુજરાત ટાઈટન્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો હતો. આમ નાઈટ રાઈડર્સ ૨૦૨૬ની સિઝનમાં હજી પણ વિજયથી વંચિત રહ્યું છે.નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેની ૨૦મી ઓવરના છેલ્લા બોલે ઓલઆઉટ થતાં અગાઉ ૧૮૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૧ રન કરી લીધા હતા.૧૮૧ રનના ટારગેટ સામે રમતાં ગુજરાત માટે કેપ્ટન ગિલ અને સાઈ સુદર્શને આક્રમક શરૂઆત કરી હતી અને ત્યાર બાદ ટીમે વિકેટો ગુમાવી હોવા છતાં પરિણામ અપેક્ષા મુજબ જ રહ્યું હતું. શુભમન ગિલ માટે આ મેદાન હંમેશાં શુકનિયાળ રહ્યું છે.

તેણે આ મેદાન પર શનિવારે પોતાની છઠ્ઠી અડધી સદી ફટકારી હતી. આ ઉપરાંત તે અહીં ત્રણ સદી સાથે ૨૬ ઈનિંગ્સમાં ૧૨૪૩ રન ફટકારી ચૂક્યો છે. તેણે આઠ ચોગ્ગા અને ચાર સિક્સર સાથે ૫૦ બોલમાં ૮૬ રન ફટકાર્યા હતા. ગિલ અને સુદર્શને પહેલી વિકેટ માટે ૫૭ રન ઉમેર્યા હતા જેમાં સુદર્શનના ૨૨ રન હતા. ત્યાર બાદ જોઝ બટલરે ૧૫ બોલમાં ૨૫ રન ફટકાર્યા હતા. જોકે સમગ્ર ઈનિંગ્સમાં ગિલ છવાયેલો રહ્યો હતો.અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ પ્રારંભમાં જ ગુજરાતના બોલર્સે તરખાટ મચાવતા આ નિર્ણય ખોટ પુરવાર થયો હતો. ટાઈટન્સના બોલર્સ સામે કોલકાતા નાઈટ રાઈડર્સના બેટર્સ લાચાર જણાતા હતા. કેમરૂન ગ્રીને ૭૯ રનની શાનદાર ઈનિંગ્સ રમીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી પરંતુ અંતે ગુજરાતની શિસ્તબદ્ધ બોલિંગ સામે તેઓ ૧૮૦ રનમાં આઉટ થઈ ગયા હતા.સિઝનની પ્રથમ સફળતાની શોધમાં રહેલી કોલકાતાની પ્રથમ ચાર ઓવરમાં જ ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી. મોહમ્મદ સિરાઝે ૨૩ રનમાં બે વિકેટ ખેરવી હતી. તેણે પ્રથમ ઓવરમાં જ અનુભવી અજિંક્ય રહાણેને 'ગોલ્ડન ડક' પર પેવેલિયન ભેગો કર્યો હતો. આ ઉપરાંત કેગિસો રબાડાએ પોતાની ગતિ અને સ્વિંગથી અંગક્રિશ રઘુવંશી અને ન્યૂઝીલેન્ડના ટિમ સેફર્ટને આઉટ કરીને ટોપ ઓર્ડર વેરવિખેર કરી નાખ્યો હતો. તેણે ત્રણ વિકેટ ઝડપી હતી.જોકે કેમરૂન ગ્રીને વન-મેન આર્મી જેવી લડત આપી હતી. એક છેડે વિકેટો પડી રહી હતી ત્યારે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ગ્રીને મોરચો સંભાળ્યો હતો. તેણે શરૂઆતના દબાણને ઝીલી લીધા બાદ મધ્યમ ઓવરોમાં આક્રમક વલણ અપનાવ્યું હતું. ગ્રીને ૫૫ બોલમાં ૭૯ રન ફટકાર્યા હતા જેમાં સાત ચોગ્ગા અને ચાર સિક્સર સામેલ હતી. તેણે રોવમેન પોવેલ સાથે ૫૫ રન અને અનુકૂલ રોય સાથે ૬૦ રનની ભાગીદારી કરી હતી.

### ક્રેમ્પ્સને કારણે ગ્રીન બોલિંગ ના કરી શક્યો: રહાણે

મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં કેકેઆરના કેપ્ટન અજિંક્ય રહાણેને પૂછવામાં આવ્યું કે ગ્રીને બેટિંગમાં આટલી સારી પ્રદર્શન કર્યા બાદ પણ બીજી ઈનિંગ્સમાં બોલિંગ કેમ ન કરી? તેના જવાબમાં રહાણેએ સ્પષ્ટ કર્યું, બીજી ઈનિંગ્સ દરમિયાન ફિલ્ડમાંથી વારંવાર બહાર જતો હતો, જેના કારણે તેને બોલિંગની તક ન આપી શકાઈ. આ મેચ પહેલાં પણ ગ્રીનની ફિટનેસ અંગે ચર્ચા થઈ રહી હતી. સીઝનની શરૂઆતમાં તેને નાની પીઠની તકલીફ હતી અને તેણે થોડી મેચોમાં બોલિંગ પણ ન કરી હતી. પરંતુ આ મેચમાં તે બેટિંગ તો કરી શક્યો, પરંતુ ક્રેમ્પ્સને કારણે બોલિંગ ન કરી શક્યો.

### શુભમને વિરાટને પાછળ છોડી દીધો

શુભમન ગિલે ઓરેન્જ કેપની રેસમાં વિરાટ કોહલીને પાછળ છોડી દીધો. ગુજરાત-કોલકાતા મેચ પહેલા વિરાટે પાંચ ઈનિંગ્સમાં ૨૨૮ રન બનાવ્યા હતા, પરંતુ જ્યારે શુભમન ગિલ ક્રીઝ પર આવ્યો ત્યારે તેણે તેને પાછળ છોડી દીધો. નોંધપાત્ર વાત એ છે કે શુભમન ગિલે વિરાટ કોહલી કરતાં એક મેચ ઓછી રમી છે. હવે, ઓરેન્જ કેપ માટેની રેસ શુભમન અને વિરાટ કોહલી વચ્ચે સમગ્ર સિઝન દરમિયાન જોવા મળશે.

### હું સર્વશ્રેષ્ઠ ફિલ્ડર છું: સિરાઝ



સિરાજે મેચમાં બોલિંગમાં ૨ વિકેટ લીધી અને ફિલ્ડિંગમાં પણ બે કેચ પકડ્યા. મિડ-ઈનિંગ્સ બ્રેક દરમિયાન તેણે એક ચીકી કોમેન્ટ કરીને બધાને હસાવી દીધા. તેણે સ્માઈલ સાથે કહ્યું, હા, આજે ખૂબ સરસ કેચ પકડાયા, જેમ હંમેશા હોય છે! હું જ સૌથી સારો ફિલ્ડર છું, તમે જાણો છો ને!

આ વાત સિરાજની આત્મવિશ્વાસથી ભરેલા વ્યક્તિત્વને દર્શાવે છે.જીટીની આખી ફિલ્ડિંગ યુનિટે અદ્ભુત પ્રદર્શન કર્યું હતું, પરંતુ સિરાજે પોતાના કેચ અને બોલિંગથી ટીમને મજબૂતી આપી.


સિરાજની આ ટિપ્પણી સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ રહી છે, કારણ કે તેમાં તેની હળવા મનની વ્યક્તિત્વ અને ટીમના સારા પ્રદર્શન પરનો આત્મવિશ્વાસ બંને દેખાય છે.

# સાંજે મજબૂત હૈદરાબાદ અને ફોર્મમાં આવી રહેલી ચેન્નાઈ વચ્ચે મુકાબલો

## હૈદરાબાદ અને ચેન્નઈ વચ્ચે આઈપીએલમાં અત્યાર સુધીમાં ૨૩ મુકાબલા રમાયા, જેમાં ૭માં હૈદરાબાદ અને ૧૬માં ચેન્નઈને જીત મેળવી છે

**અબતક, રાજકોટ**

સનરાઈઝર્સ હૈદરાબાદ માટે આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં રસાકસી વધી રહી છે ત્યારે આજે તેનો અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. એક તરફ હૈદરાબાદની ટીમ તેના નવા પેસ આક્રમણ સાથે ભપુર આત્મવિશ્વાસ ધરાવે છે અને સંતુલિત ટીમ બની ગઈ છે તો ચેન્નાઈ તેની વ્યૂહરચના ફરીથી ગોઠવવા મથામણ કરી રહી છે પરંતુ સાથે સાથે તાજેતરના વિજયથી તે ફોર્મમાં પણ આવી રહી છે. શનિવારે સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે. સનરાઈઝર્સ હૈદરાબાદે હર્ષલ પટેલ અને જયદેવ ઉનડકટ જેવા અનુભવી બોલર્સને સ્થાને પ્રફુલ હિંગે અને સાકિબ હુસૈન જેવા યુવા બોલરને અજમાવીને મોટો જુગાર ખેલ્યો હતો જે અત્યંત સફળ રહ્યો હતો. અગાઉની મેચમાં આ બંનેએ રાજસ્થાન રોયલ્સ જેવી મજબૂત ટીમને પોતાની બોલિંગથી વિખેરી નાખી હતી.



ખાસ કરીને વિદર્ભના પ્રફુલ હિંગેએ રોયલ્સના મોખરાના ક્રમ સામે વેધક બોલિંગ કરીને કારકિર્દીની પહેલી જ ઓવરમાં ત્રણ વિકેટ સહિત એ મેચમાં ૩૪ રન આપી ચાર વિકેટ ઝડપી હતી.

હેડ ટુ હેડમાં ચેન્નઈ આગળ છે. હૈદરાબાદ અને ચેન્નઈ વચ્ચે આઈપીએલમાં અત્યાર સુધીમાં ૨૩ મુકાબલા રમાયા છે. જેમાં ૭માં હૈદરાબાદ અને ૧૬માં ચેન્નઈને જીત મળી છે. એટલે કે ચેન્નઈએ હૈદરાબાદ સામે ૬૯% મેચ જીતી છે. જોકે, હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં હૈદરાબાદ એક મેચથી આગળ છે.હેદ્રાબાદે અને ચેન્નાઈ વચ્ચે અહીં અત્યાર સુધી કુલ ૫ મેચ રમાઈ છે, જેમાંથી હૈદરાબાદે ૩ અને ચેન્નઈએ ૨ મેચ જીતી છે.એમ.એસ. ધોની આજની મેચમાં પણ નહીં રમે.ચેન્નાઈના ભૂતપૂર્વ કેપ્ટન જોકે ટીમની સાથે હૈદરાબાદ પહોંચ્યા છે, પરંતુ તેનું પરત ફરવું મુશ્કેલ છે. રિપોર્ટ્સ મુજબ, ધોની સંપૂર્ણ ફિટ થવાની નજીક છે અને મુંબઈ સામેની આગામી મેચમાં મેદાન પર પરત ફરી શકે છે.

# જિલ્લા પંચાયતની હેલ્થ ઓફિસમાં વહેલી સવારે ભીષણ આગ

**અબતક, જામનગર**

જામનગર જિલ્લા પંચાયત ભવનના બીજા માળે આવેલી આરોગ્ય વિભાગની કચેરીમાં આજે વહેલી સવારે અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર સંકુલમાં અફરાતફરી મચી ગઈ હતી. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આ આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા કચેરીમાં રહેલા મહત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો આગની લપેટમાં આવી ગયા હતા. સદભાગ્યે, વહેલી સવારનો સમય હોવાથી કચેરીમાં કોઈ હાજર ન હતું, જેને કારણે મોટી જાનહાની ટળી છે.

આ બનાવની વિગત મુજબ, વહેલી સવારે ૬:૩૮ કલાકે જિલ્લા પંચાયતના સિક્યુરિટી વિભાગના પૃથ્વીરાજસિંહ જાડેજાએ ફાયર બ્રિગેડને આગ અંગે જાણ કરી હતી.

કચેરીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ સ્ટેશન ફાયર ઓફિસર જે.કે. ડામોર અને તેમની ટીમ તાત્કાલિક






ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ બીજા માળે પહોંચી પાણીનો તોતિંગ મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. ફાયર વિભાગની ત્વરિત કામગીરીને કારણે આગ અન્ય વિભાગોમાં પ્રસરતી અટકી હતી, અન્યથા નુકસાનનો આંકડો વધી શક્યો હોત.

આ અકસ્માતમાં હેલ્થ વિભાગની ડીપીએમયુ (ઉઙખઞ) બ્રાન્ચને સૌથી વધુ અસર પહોંચી છે. પ્રાથમિક અંદાજ મુજબ, કચેરીમાં રાખવામાં આવેલા ૧૦ કોમ્પ્યુટર, ૧૦ પ્રિન્ટર, કચેરીનું ફર્નિચર અને અન્ય કિંમતી સાહિત્ય બળીને ખાખ થઈ ગયું છે.

તંત્ર દ્વારા આશરે ૯ લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. હાલ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી આગના ચોક્કસ કારણો અને નુકસાનની વિગતવાર તપાસ હાથ ધરી રહ્યો છે.

**ફાયર બ્રિગેડની સમયસૂચકતાથી મોટી હોનારત ટળી; ૧૦ કોમ્પ્યુટર અને પ્રિન્ટર સહિત અંદાજે ૯ લાખથી વધુનું નુકસાન, જાનહાની ટળતા તંત્રએ લીધો રાહતનો શ્વાસ**

# કાલાવડ નાકા બહાર બ્રિજની કામગીરીને લઈ રસ્તો વાહન વ્યવહાર માટે છ માસ બંધ

**અબતક, જામનગર**

જામનગર માં કાલાવડ નાકા બહાર નદી ઉપર ના હયાત બ્રિજ ને તોડી પાડી ને તેના સ્થાને નવા બ્રિજ નું બાંધકામ કરવા નો હોવા થી આ રસ્તો વાહન વ્યવહાર માટે છ માસ માટે બંધ રાખવા અંગે મ્યુનિ. કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

જામનગર મહાનગરપાલિકાની હદમાં કાલાવડ નાકા બહાર રંગમતી નદી ઉપર હયાત રીવર બ્રીજ.ને ડીમોલેશન કરી નવો ફોર લેન રીવર બ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આથી હયાત બ્રીજ ડિમોલીશન તથા નવો ફોર લેન રીવર બ્રીજ બનાવવાની કામગીરી અનુસંધાને રંગમતી નદી પર નો હયાત રસ્તો સલામતી ના ભાગરૂપે તેમજ અકસ્માત નિવારવાના હેતુથી તા.૧૭/૦૪/૨૦૨૬ થી ૧૫/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન તમામ વાહન વ્યવહાર બંધ રાખવામાં આવશે. આ માટે મ્યુનિ.કમિશનર દ્વારા જાહેર નોટીસ બહાર પાડવામાં આવી છે. જેનો અમલ કરવા નો હુકમ કરવામાં આવ્યો છે.

જે કોઈ વ્યક્તિ આ હુકમનો ભંગ કરશે તેની સામે ધ બી.પી.એમ.સી. એક્ટ ની કલમ અનુસાર દંડ ની કાર્યવાહી કરવામાં આવશે. ટુ વ્હીલર તથા તમામ પ્રકારના નાના વાહનો માટેની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માટે રંગમતી નદી ઉપરનો હયાત રીવર બ્રીજ પરનો મુખ્ય માર્ગ બંધ રહેશે, જેની વૈકલ્પિક વ્યવસ્થા માટે રંગમતી નદીમાં બનાવવામાં આવેલ સર્વિસ રોડ ખુલ્લો રહેશે. સર્વિસ રોડ થી કલ્યાણ ચોક થઈ ટુ વ્હીલર્સ તથા તમામ પ્રકાર ના નાના વાહનો ની ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ચાલુ રહેશે. જયારે ભારે વાહનો માટેની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માટે જામનગર કાલાવડ રોડ ની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા નાગનાથ જંકશન થી સુભાષ બ્રીજ થઈ અન્નપુર્ણા મંદિર થઈ મહાપ્રભુજી બેઠક રોડ થઈ ઠેબા બાયપાસ જંકશન તરફ ચાલુ રહેશે. તથા મોરકંડા જામનગર રોડની વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા મોરકંડા ચોકડી થી ઉપર મુજબના રૂટ પ્રમાણે ચાલુ રહેશે.

# દ્વારકા: કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં હીટ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ

**અબતક મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

સમગ્ર રાજ્યમાં વધી રહેલા તાપમાન અને હીટવેવની આગાહીને પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે 'ડિસ્ટ્રિક્ટ હીટ એક્શન ટાસ્ક ફોર્સ'ની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગરમીના પ્રકોપથી નાગરિકોના આરોગ્ય પર થતી વિપરીત અસરોને રોકવા અને જરૂરી આગોતરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

કલેક્ટર રાજેશ તન્નાએ બેઠક દરમિયાન ખાસ ભાર મૂક્યો હતો કે, સરકારી કચેરીઓ, બસ સ્ટેશનો,




**જાહેર સ્થળોએ પીવાના પાણીની પરબો શરૂ કરવા અને મજૂરો માટે બપોરે આરામની વ્યવસ્થા કરવા કલેક્ટરના કડક આદેશ; વીજળી-પાણીનો પુરવઠો અવિરત રાખવા સૂચના**

ધાર્મિક સ્થળો અને આરોગ્ય કેન્દ્રો જેવા જાહેર સ્થળોએ નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી સરળતાથી મળી રહેવું જોઈએ. આ પુણ્યના કાર્યમાં સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ તેમજ અગ્રણીઓનો સહયોગ મેળવીને ઠેર-ઠેર પાણીની પરબો શરૂ કરવા માટે તેમણે સૂચન કર્યું હતું.

ખાસ કરીને શ્રમિકો અને બાળકોના સ્વાસ્થ્ય અંગે ચિંતા વ્યક્ત કરતા કલેક્ટરે જણાવ્યું હતું કે, બપોરના કાળઝાળ ગરમીના સમયે કામ કરતા મજૂરો માટે છાંયડો, પીવાનું પાણી અને પૂરતા આરામની વ્યવસ્થા થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગોની રહેશે. આ ઉપરાંત, જિલ્લાની તમામ આંગણવાડીઓમાં ઓ.આર.એસ. (ઘછજ) ના પેકેટની સુવિધા ઉપલબ્ધ કરાવવા આદેશ આપ્યા છે.

હીટવેવની ગંભીરતાને ધ્યાને રાખીને કલેક્ટરે વીજ કંપની અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને તાકીદ કરી હતી કે, આકરી ગરમીમાં લોકોને મુશ્કેલી ન પડે તે માટે વીજળી અને પાણીનું વિતરણ કોઈપણ અડચણ વગર અવિરત ચાલુ રાખવામાં આવે. જનજાગૃતિ ફેલાવવા અને સ્વાસ્થ્યની દેખરેખ માટેના તમામ જરૂરી પગલાં ભરવા માટે પણ વહીવટી તંત્રને સજ્જ કરવામાં આવ્યું છે.

# ચૂંટણી પૂર્વે સંવેદનશીલ વિસ્તાર પટણીવાડમાં મોડી રાત્રે પોલીસનું 'મેગા કોમ્બિંગ'

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં આગામી ૨૬ તારીખના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે, ત્યારે બીજી તરફ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે પોલીસ વિભાગ પણ એક્શન મોડમાં આવી ગયું છે. જામનગર શહેરના અત્યંત સંવેદનશીલ ગણાતા પટણીવાડ વિસ્તારમાં સિટી-એ ડિવિઝન પોલીસ દ્વારા ગત મોડી રાત્રે ઓચિંતુ કોમ્બિંગ હાથ ધરીને ગુનાહિત માનસ ધરાવતા તત્વોમાં ફફડાટ ફેલાવી દીધો હતો.

જામનગર જિલ્લા પોલીસ વડાની સૂચના હેઠળ સિટી-એ ડિવિઝનના પીઆઈ વી.એમ. ડોડીયા, પીએસઆઈ ડી.જી. રામાનુજ અને મોટી સંખ્યામાં



**ચા-પાનના ગલ્લા પર જમાવડો કરતા આવારા તત્વો સામે લાલ આંખ, પોલીસને જોઈ અસામાજિક તત્વોમાં નાસભાગ**

પોલીસ જવાનોના કાફલાએ પટણીવાડના ખૂણેખૂણામાં સઘન તપાસ હાથ ધરી હતી. ચૂંટણી સમયે કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી આ ફૂટ પેટ્રોલિંગ અને ચેકિંગ કરવામાં આવ્યું હતું.

પોલીસે આ ઓપરેશન દરમિયાન ખાસ કરીને પટણીવાડ વિસ્તારમાં આવેલા ચા-પાનના ગલ્લાઓ અને જાહેર ચોકો પર મોડી રાત સુધી વાહનો આડાધડ પાર્ક કરી ટોળપ્પે વળીને બેસતા શખ્સો સામે આકરી કાર્યવાહી કરી હતી. રાત્રિના સમયે જમાવડો કરીને બેસતા લોકોના કારણે ભયનું વાતાવરણ ન સર્જાય તે માટે પોલીસે લાલ આંખ કરી હતી. અચાનક પોલીસનો કાફલો જોઈને અનેક શખ્સો વાહનો મૂકીને ગલીઓમાં ભાગતા નજરે પડ્યા હતા.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે જામનગર પોલીસ અત્યારે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ પર કામ કરી રહી છે. પટણીવાડ જેવા વિસ્તારોમાં અસામાજિક તત્વો માથું ન ઉંચકે તે માટે આગામી દિવસોમાં પણ આ પ્રકારનું સઘન ચેકિંગ ચાલુ રાખવામાં આવશે તેવા સંકેતો પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. પોલીસના આ કડક વલણને પગલે શાંતિપ્રિય નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે.

# ટેકાના ભાવે ૩.૬૦ લાખ ક્વિન્ટલ ચણાની ખરીદી

## ૨૧ હજારથી વધુ ખેડૂતોને મળ્યા પોષણક્ષમ ભાવ

**અબતક, જામનગર**



જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે રવિ પાકની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા અત્યંત વેગવંતી બની છે, જેમાં અત્યાર સુધીમાં ૨૧,૪૨૯ ખેડૂતો પાસેથી ૩,૬૦,૫૧૨.૫૦ ક્વિન્ટલ ચણાની ખરીદી કરવામાં આવી છે. સરકાર દ્વારા પ્રતિ મણ રૂા. ૧૧૭૫નો ભાવ જાહેર કરાતા જિલ્લાના ૩૪,૮૦૮ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી હતી. જે પૈકી અત્યાર સુધીમાં ૨૬,૪૭૩ ખેડૂતોને મેસેજ મોકલી બોલાવવામાં આવ્યા હતા.

જિલ્લામાં ખરીદીની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કુલ ૧૬ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં જામજોધપુરમાં ૪, ધ્રોલ, કાલાવડ અને લાલપુરમાં ૩-૩, જામનગરમાં ૨ અને જોડીયામાં ૧ કેન્દ્ર પર ખેડૂતો પોતાનો માલ વેચી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૭,૪૦૮ ખેડૂતોને ડીબીટી (DBT) ના માધ્યમથી સીધા તેમના બેંક ખાતામાં ઓનલાઈન ચુકવણું પણ કરી દેવામાં આવ્યું છે.

ચણાની સાથે જિલ્લામાં રાયની ખરીદી પણ સમાંતર રીતે ચાલી રહી છે. રાય માટે નોંધાયેલા ૨,૭૫૭ ખેડૂતો પૈકી ૪૦૬ ખેડૂતોએ અત્યાર સુધીમાં ૭,૫૮૧.૫ ક્વિન્ટલ રાયનું વેચાણ કર્યું છે. રાયની ખરીદી માટે જિલ્લાના તમામ છ તાલુકાઓમાં ૧-૧ વિશેષ કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. ૧૮૦૦ કિલોની મર્યાદામાં ચાલી રહેલી આ ખરીદીને કારણે સ્થાનિક ખેડૂતોમાં સંતોષની લાગણી જોવા મળી રહી

# દ્વારકા: ચૈત્રિ અમાવસ્યે જગતમંદિરમાં શ્રદ્ધાળુના ઘોડાપુર

## ગોમતી સ્નાન કરી દાન-પૂણ્ય કરી ધન્યતા અનુભવી


**અબતક, મહેન્દ્ર કક્કડ,**
**દ્વારકા**

ધાર્મિક કાર્યો, પ્રભુસ્મરણ, સંકીર્તન ઉપરાંત દાન-પુણ્ય માટે પાવનકારી ગણાતા ચૈત્ર માસના અંતિમ દિન એટલે કે ચૈત્રી અમાવસ્યાના પાવન અવસરે ધર્મનગરી દ્વારકામાં વહેલી સવારથી જ બહોળી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા અને દ્વારકાની પુણ્ય સલીલા ગોમતી નદીમાં સ્નાન કરી કાળિયા ઠાકોરને શિશ જુકાવી ભારે ધન્યતા અનુભવી હતી. અમાવસ્યાના અવસરે દ્વારકાધીશના જગતમંદિરમાં વહેલી સવારે મંગલા આરતીમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી.

ચૈત્રી અમાવસ્યાનું હિન્દુ ધર્મમાં વિશેષ મહત્વ હોવાથી ગુજરાતભરમાંથી શ્રદ્ધાળુઓનો પ્રવાહ દ્વારકા તરફ વળ્યો હતો. ભક્તોએ પિતૃ તર્પણ અને શ્રાદ્ધ વિધિ માટે પણ ગોમતી ઘાટ પર પૂજા-અર્ચના કરી હતી.







## ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. શુક્રવારના સફેદ વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માદયમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

### લીંબડીની વોરા સોસાયટી વિસ્તારમાં

# એસીમાં શોર્ટ સર્કિટથી મકાનમાં આગ ભભૂકી: દંપતી ભડથું



## ગૂંગળામણ અને આગમાં દાઝી જવાથી પતિ પત્નીએ જીવ ગુમાવ્યો: એકનો આબાદ બચાવ: ધારાસભ્ય ઘટનાસ્થળે દોડી ગયા

**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી શહેરમાં ગત મોડી રાત્રે મકાનમાં આગ લાગવાની ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં શહેરના રેલ્વે સ્ટેશન રોડ પર આવેલી વ્હોરા સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં એસીમાં અચાનક શોર્ટ સર્કિટ થતા આગ લાગતા દંપતીનું મોત નીપજ્યું છે. રાત્રિના સમયે જ્યારે આખો પરિવાર ગાઢ નિદ્રામાં હતો, ત્યારે અચાનક આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી વિગતો અનુસાર, લીંબડીની બસેરા સોસાયટીની બાજુમાં આવેલી વ્હોરા સોસાયટીમાં રહેતા બુરહાનભાઈ લોખંડવાલાના મકાનમાં આ હોનારત સર્જાઈ હતી. પ્રાથમિક અનુમાન મુજબ, રૂમમાં ચાલુ એસીમાં અચાનક શોર્ટ સર્કિટ થતા તણખલા ઝર્યા હતા અને આગ ભભૂકી ઉઠી હતી. ઘરમાં રાચરચીલું અને અન્ય જ્વલનશીલ વસ્તુઓ હોવાને કારણે આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે પરિવારના સભ્યોને બહાર નીકળવાની કે જીવ બચાવવાની તક સુધ્ધાં મળી નહોતી.

આ કાળમુખી આગની લપેટમાં પરિવારના કુલ ત્રણ સભ્યો સપડાયા હતા. જેમાં કમનસીબે શબ્બીરભાઈ બુરહાનભાઈ લોખંડવાલા અને તેમના પત્ની રસીદાબેન શબ્બીરભાઈ ગંભીર રીતે દાઝી ગયા હતા. આગ અને ધુમાડાના ગોટા વચ્ચે ગૂંગળામણ અને ગંભીર રીતે દાઝી જવાથી આ



દંપતીનું મોત નીપજ્યું હતું. જ્યારે પરિવારના અન્ય એક સભ્યોને પણ સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જેમને સ્થાનિક લોકો અને ફાયર વિભાગની મદદથી સલામત રીતે બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડ તેમજ પોલીસને જાણ કરી હતી. લીંબડી ફાયર ફાઈટરની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ

(અનુ. આઠમા પાને)

# કાલથી ફરી ત્રણ દિવસ વરસશે 'મુસિબતના માવઠા'

### સૌરાષ્ટ્રમાં ભાવનગર અને અમરેલીમાં કમોસમી વરસાદની સંભાવના: ગરમીમાં સુરેન્દ્રનગરે રાજકોટની સાઈડ કાંપી

**અબતક, રાજકોટ**

આવતીકાલથી ફરી વાતાવરણમાં પલ્ટો આવશે. કાલથી ત્રણ દિવસ રાજ્યના અલગ-અલગ શહેરમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર અને અમરેલીમાં ત્રણેય દિવસ મૂસિબતના માવઠા વરસશે. બીજી તરફ કાળઝાળ ગરમીમાં સુરેન્દ્રનગર શહેરે રાજકોટની સાઈડ કાંપી લીધી છે. શુક્રવારે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું.

વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે કાલથી રાજ્યમાં ફરી વાતાવરણમાં પલ્ટો જોવા મળશે. કાલથી ત્રણ દિવસ રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. જેમાં કાલે રવિવારે ભાવનગર, અમરેલી, મહિસાગર અને દાહોદ શહેરમાં ૨૦મી એપ્રિલના રોજ ભાવનગર, અમરેલી, ડાંગ, તાપી અને અરવલ્લીમાં જ્યારે ૨૧મી એપ્રિલના રોજ ભાવનગર, અમરેલી, ડાંગ સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસી શકે છે.

ગઈકાલે રાજ્યમાં કાળઝાળ ગરમીમાં સામાન્ય રાહત જોવા મળી હતી. ૪૧.૨ ડિગ્રી તાપમાન સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે રાજકોટનું તાપમાન ૪૦.૯ ડિગ્રી નોંધાયું હતું. અમરેલીનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૯.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૫.૭ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૭ ડિગ્રી, દિવનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, કેશોદનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૫ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું ૪૦.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૪ ડિગ્રી, ભૂજનું તાપમાન ૪૦.૪ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૪.૭ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૭.૬ ડિગ્રી નોંધાયું હતું.

આવતીકાલથી વાતાવરણમાં પલ્ટો આવશે. ત્રણ દિવસ સુધી કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી હોય જગતાત ફરી ચિંતિત થઈ ગયો છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર અને અમરેલી વરસશે તેવી આગાહી આપવામાં આવી છે. ગરમીની સાથે છેલ્લા ત્રણેક દિવસથી બફારો પણ અનુભવાય રહ્યો છે.




હૈદરાબાદના CV રેડ્ડી દ્વારા શોધાયેલ સીવીઆર સોઇલ ટેકનિક 100% પરિણામ ભારતના રાષ્ટ્રપતિ તરફથી પદ્મશ્રી એનાયત

CVR સોઇલ technic માટી એરેંડી નું તેલ અને ખેતીમાં શુ કામ સફળ છે આ પધ્ધતિ હૈદરાબાદ ના ચિંથાળા વેંકટ રેડીની શોધ છે તેમને 20 કિલો રાફડાની માટી અથવા શેઢાની માટી જમીનમાંથી દોઢ થી બે ફુટ માટી ખોદવી તેમને 200 ગ્રામ એરેંડીયાનું તેલ મિલાવવું પછી 200 લિટર પાણીમાં નાખી પાણીને ગાળી કોઇપણ પાક હોઇ જેવા કે મરચી, તરબૂચ, દ્રાક્ષ-કોઇપણ શાકભાજીમાં છંટકાવ કરવો, કોઇપણ જીવાંત કે ઇયળ હોઇ તેને પેટમાં લીવર ન હોય એટલે માટીના પાણીને પચાવી ન શકે એટલે જીવાત મરી જાય. ફ્લાવરિંગ સમયે બે વાર spray કરવો. CV રેડ્ડીને ભારત સરકારે **પદ્મશ્રી** આપ્યો છે. **અમેરિકાના પ્રેસિડેન્ટ બિલ ક્લીન્ટન** અને **જ્યોર્જ બુશ** તેમના ફાર્મ ઉપર આવી ગયા છે. **શ્રી નરેન્દ્રભાઇ મોદીએ** તેમને આ પ્રયોગ "મન કી બાત"માં લીધો હતો.
વધુ વિગત જોઇતી હોય તો cvr soil technic માં youtube માં છે.

- ભરત પરસાણા, ગુજરાત
મો. +91 97263 99699



